


પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 19 JUNE, 2026 Vol. 24, No. 25 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### આખરે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 14 મુદ્દાના ડ્રાફ્ટ પર કર્યા હસ્તાક્ષર : વિશ્વમાં હાશકારો

# અમેરિકા અને ઈરાન ઐતિહાસિક શાંતિ સમજૂતી

**પેરિસ**

અમેરિકા અને ઈરાને શાંતિ તરફ મજબૂત પગલું ભરતા પ્રારંભિક સમજૂતી પર સહમતી સાધી લીધી છે. ટ્રમ્પે અમેરિકા-ઈરાન શાંતિ સમજૂતીના મુસદ્દાને મંજૂરી આપીને તેના પર સત્તાવાર રીતે હસ્તાક્ષર કરી દીધા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે બુધવારે સાંજે ફ્રાન્સના વર્સાય પેલેસમાં આયોજિત એક રાત્રિભોજન દરમિયાન આ દસ્તાવેજ પર સહી કરી હતી. આ સાથે જ દુનિયાએ હાશકારો અનુભવ્યો છે.

અમેરિકી સરકારના વરિષ્ઠ વહીવટી અધિકારીએ માહિતી આપી છે કે, આ 14 મુદ્દાના ડ્રાફ્ટ કરારમાં હોર્મુઝને ફરીથી ખોલવાથી લઈને ઈરાન પરના આર્થિક પ્રતિબંધો હટાવવા સુધીની ઘણી મહત્વની શરતોનો સમાવેશ થાય છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બગાઈએ જણાવ્યું હતું કે, 'અમેરિકા-ઈરાન શાંતિ સમજૂતી બંને દેશોના રાષ્ટ્રપતિઓના હસ્તાક્ષર સાથે અંતિમ સ્વરૂપ લઈ ચૂકી છે. હવે અસલી પરીક્ષા આ કરારના યોગ્ય અમલીકરણની છે'. અગાઉ આ કરાર પર સત્તાવાર હસ્તાક્ષર શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડમાં થવાના હતા. જો કે, તહેરાને સ્પષ્ટ કર્યું છે કે જિનીવામાં બેઠક હજી પણ પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ મુજબ જ યોજાશે, જ્યાં આગળની તકનીકી વાટાઘાટો હાથ ધરાશે.



### કરારમાં કયા 14 મુદ્દાઓને સમાવાયા

1 સૈન્ય કાર્યવાહી અને તમામ પ્રકારના સંઘર્ષનો તાત્કાલિક અને કાયમી અંત.
2 લેબેનોન સહિત સમગ્ર વિસ્તારમાં સંઘર્ષ રોકવાનો પ્રયાસ.
3 60 દિવસની અંદર અંતિમ કરાર માટે વાટાઘાટો પૂર્ણ કરવી.
4 બંને પક્ષોની સંમતિથી ચર્ચાનો સમયગાળો વધારી શકાશે.
5 હોર્મુઝ જળમાર્ગને ફરીથી ખોલવો.
6 ઈરાન દ્વારા વેપારી જહાજોને સુરક્ષિત માર્ગ પૂરો પાડવો.
7 શરૂઆતના 60 દિવસ સુધી હોર્મુઝ મારફતે જહાજોની અવરજવર પર કોઈ ફી નહીં.
8 ઈરાન પરના પ્રતિબંધો તબક્કાવાર દૂર કરવાની શરૂઆત.
9 અમેરિકા દ્વારા નૌકાદળની નાકાબંધી હટાવવાની પ્રક્રિયા શરૂ કરવી.
10 ઈરાનની જપ્ત કરાયેલી સંપત્તિઓ ધીમે-ધીમે મુક્ત કરવી.
11 ઈરાનના ઓઈલ નિકાસ માટે અમેરિકી નાણાં વિભાગ તરફથી વિશેષ મંજૂરી આપવી.
12 ઈરાન માટે અમેરિકાના સમર્થન સાથે 300 અબજ ડોલરનું આર્થિક અને પુનર્નિર્માણ કાર્યક્રમ.
13 ઈરાન દ્વારા પરમાણુ હથિયારો ન બનાવવાની પ્રતિબદ્ધતાનું પુનરુચ્ચાર.
14 IAEAની દેખરેખ હેઠળ ઈરાનના યુરેનિયમ ભંડાર અંગે ભવિષ્યમાં વધુ ચર્ચા કરવી.

### મોસ્કોની કાપોટન્યા તેલ રિફાઇનરીને નિશાન બનાવાઇ

# યુક્રેને રશિયા પર મોટો ડ્રોન હુમલો કર્યો : 1,000થી વધુ ડ્રોન - ક્રુઝ મિસાઇલો છોડ્યા



**મોસ્કો**

યુક્રેને ગુરુવારે રશિયા પર અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલો કર્યો. રશિયન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર રાત્રે આશરે 1,000 ડ્રોન અને ચાર ક્રુઝ મિસાઈલો તોડી પાડવામાં આવ્યા હતા. આમાંથી લગભગ 200 ડ્રોન રાજધાની મોસ્કો તરફ જઈ રહ્યા હતા. યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે અમે આ યુદ્ધ ઈચ્છતા ન હતા પરંતુ જો યુક્રેન બળશે તો મોસ્કો પણ બળશે.

બીબીસીના અહેવાલ મુજબ દક્ષિણ રોસ્ટોવ પ્રદેશમાં એક તેલ ડેપો હુમલા દરમિયાન વિસ્ફોટથી નાશ પામ્યો હતો, જેના પરિણામે એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. મોસ્કોની કાપોટન્યા તેલ રિફાઈનરીને પણ નિશાન બનાવવામાં આવી હતી. વિસ્ફોટ બાદ તેલ ડેપો ટાંકીનું ઢાંકણ હવામાં ઘણા મીટર સુધી ઉડી ગયું હતું અને કાળા ધુમાડા આકાશમાં છવાઈ ગયા હતા.

નજીકના શોપિંગ સેન્ટરમાં પણ આગ લાગી હતી. ડ્રોનનો કાટમાળ પડવાથી અનેક રહેણાંક અને વાણિજ્યિક ઈમારતોને નુકસાન થયું હતું અને અનેક ઉચી ઈમારતોને ખાલી કરાવવામાં આવી હતી. હુમલા બાદ મોસ્કોના એરપોર્ટ પર ફ્લાઈટ્સ અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી હતી. ઝેલેન્સ્કીએ ગયા અઠવાડિયે મોસ્કો પરના હુમલાને રશિયાના કિવ સામેના પગલાંના પ્રતિભાવ તરીકે વર્ણવ્યું હતું. તેમણે કહ્યું હતું કે યુક્રેનિયન સૈન્યએ રશિયાના યુદ્ધ પ્રયાસોને ટેકો આપતા સ્થળોને નિશાન બનાવ્યા હતા. ઝેલેન્સ્કીએ ટિપ્પણી કરી હતી કે રશિયા માટે યુદ્ધનો અંત લાવવા માટે રાજદ્વારી માર્ગ અપનાવવાનો સમય આવી ગયો છે. તેમણે યુક્રેનની વિવિધ લશ્કરી અને ગુપ્તચર એજન્સીઓ દ્વારા કરવામાં આવેલી કામગીરીની પણ પ્રશંસા કરી હતી.

# અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સના લેબનાન અંગેના પ્લાનથી ઇઝરાયલની ચિંતામાં વધારો

**વોશિંગ્ટન**


અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સે ઈરાન અને મિડલ ઈસ્ટ (મધ્ય પૂર્વ)ની પ્રવર્તમાન સ્થિતિ પર કેટલાક અત્યંત મહત્વના નિવેદનો આપ્યા છે. તેમણે મિસાઈલ ડિફેન્સ, પરમાણુ કાર્યક્રમ, લેબનાન કરાર અને આર્થિક પ્રતિબંધો જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર અમેરિકાનું વલણ સ્પષ્ટ કર્યું છે. જોકે, જેડી વેન્સના આ નવા 'લેબનાન પ્લાન' ના કારણે ઈઝરાયલની ચિંતા વધતી જોવા મળી રહી છે. તેમણે ઈઝરાયલને શાંતિ પ્રક્રિયાનું સન્માન કરવા અને લેબનાન કરારનું બંને પક્ષો દ્વારા પાલન કરવાની સ્પષ્ટ વાત કહી છે.

ઉપપ્રમુખ જેડી વેન્સે જણાવ્યું હતું કે, 'અમેરિકાને આશા છે કે, જ્યારે આખરી કરાર (ફાઈનલ ડીલ) થશે ત્યારે ઈરાન પાસે એવી મિસાઈલો નહીં હોય જે સમગ્ર વિશ્વ માટે ખતરો બની શકે.' આ ઉપરાંત, ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે વાત કરતા તેમણે ઉમેર્યું કે, 'જો ઈરાને પોતાનો પરમાણુ કાર્યક્રમ ફરીથી શરૂ કરવો હશે, તો તેના માટે તેને ખૂબ જ મોટી રકમની જરૂર પડશે.' ઈરાન સાથેની છેલ્લી વાતચીતનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યુ કે, '60 દિવસ પછી કયા નિયમો અને શરતો લાગુ થશે, તે આગામી અંતિમ મંત્રણામાં નક્કી કરવામાં આવશે.









# ઓન્ટેરિયોની જેલ પર સાયબર હુમલા સાથે તમામ સર્વર્સ ઓફલાઈન

## 1,400થી વધુ કેદીઓ ધરાવતા સેન્ટ્રલ ઈસ્ટ સેન્ટરની સુરક્ષા વ્યવસ્થા ખોરવાઈ : હેકિંગના ડરથી કામગીરી મર્યાદિત કરાઈ

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોની સૌથી મોટી જેલોમાંની એક એવી લિન્ડસે સ્થિત 'સેન્ટ્રલ ઈસ્ટ કરેક્શનલ સેન્ટર' પર એક અજ્ઞાત સાયબર હુમલો થયો હતો. આ ડિજિટલ સેંધમારી બાદ જેલ પ્રશાસનમાં ભારે દોડધામ મચી ગઈ હતી. સાવચેતીના પગલારૂપે જેલના મહત્વના કમ્પ્યુટર સર્વર્સને તાત્કાલિક ધોરણે ઓફલાઈન કરી દેવાની ફરજ પડી હતી. આ સાથે જ સુરક્ષા વ્યવસ્થા ખોરવાઈ જવાના કારણે જેલની રોજિંદી કામગીરીમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો હતો. ગત ૧ જૂનના રોજ જેલના સ્ટાફને સર્વપ્રથમ ખ્યાલ આવ્યો હતો કે જેલની અત્યંત સંવેદનશીલ સિક્યુરિટી સિસ્ટમમાં મોટો ભંગ થયો છે. જોકે, સ્થિતિ સંપૂર્ણપણે હાથમાંથી ન જાય તે માટે જેલને સદંતર લોકડાઉન કરવાને બદલે ઈમરજન્સી પ્લાન અમલી બનાવાયો હતો. સરકારે દાવો કર્યો કે, હાલ પૂરતી કેદીઓની કોર્ટમાં હાજરી, સ્નાન અને હેલ્થ કેર જેવી દૈનિક અને મુખ્ય સેવાઓ ચાલુ રાખવામાં આવી છે, પરંતુ સિસ્ટમના કયા કયા ભાગો આ આઉટેજથી પ્રભાવિત થયા છે, તે હજુ સ્પષ્ટ કરાયું નથી. ગંભીર ઘટના અંગે સોલિસિટર જનરલની કચેરીએ જણાવ્યું હતું કે, "ભંગની સમસ્યાને વહેલી તકે ઉકેલવા માટે અસરગ્રસ્ત સર્વર્સ બંધ કરાયા છે. ઓન્ટેરિયો પ્રાંતીય પોલીસ આ મામલે સઘન તપાસ ચલાવી રહી છે." પ્રશાસને રાહતના સમાચાર આપતા ઉમેર્યું કે જે સર્વર હેકર્સના નિશાના પર હતું, તેમાં કેદીઓનો કોઈ પર્સનલ ડેટા સામેલ નહોતો.

### જેલની સુરક્ષા સાથે ચેડાં થવાં સામાન્ય બાબત નથી : એમપીપી શામજી

ઘટનાને પગલે ઓન્ટેરિયો લિબરલ MPP આદિલ શામજીએ સરકાર સામે આકરા સવાલો ઉઠાવ્યા છે અને જનતાને સાચી માહિતી આપવા વિનંતી કરી છે. તેમણે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે, "સરકારી જેલની સુરક્ષા સાથે ચેડાં થવાં તે સામાન્ય બાબત નથી. આ માત્ર ડેટા ચોરીનો મામલો ન હોઈ શકે. જો આ હુમલામાં જેલની સીસીટીવી (સર્વેલન્સ) સિસ્ટમ, ઇલેક્ટ્રોનિક દરવાજા કે ઓટોમેટિક લોકીંગ સિસ્ટમને ટાર્ગેટ કરવામાં આવી હોય, તો તે જાહેર સુરક્ષા માટે અત્યંત ભયજનક સાબિત થઈ શકે છે. ઓક્ટોબર ૨૦૨૫ના સત્તાવાર ડેટા અનુસાર, આ સેન્ટ્રલ ઇસ્ટ કરેક્શનલ સેન્ટરમાં ૧,૪૦૦થી વધુ કેદીઓ બંધ છે. ચિંતાજનક વાત એ છે કે આ જેલ તેની નિર્ધારિત ક્ષમતા કરતાં ૧૪૨ ટકાના ઊંચા દરે કાર્યરત છે, જે સમગ્ર પ્રાંતની સરેરાશ ભીડભાડ (૧૩૧ ટકા) કરતાં પણ ઘણી વધારે છે. આવી અતિ સંવેદનશીલ અને જેલમાં કેદીઓની ભારે ભીડ વચ્ચે સિક્યુરિટી સિસ્ટમનું ઠપ થવું એ આગામી સમયમાં કોઈ મોટી જેલબ્રેક કે આંતરિક હિસાની આશંકાઓને આમંત્રણ આપી રહ્યું છે.

# મોદીને કેનેડા પ્રવાસનું આમંત્રણ : એનર્જી, ટેકનોલોજી અને યાત્રીઓની સુરક્ષા માટે વ્યુહ રચના તૈયાર થશે

## ભારત અને કેનેડા વચ્ચેની કડવાશ ઘટવાની આશા, G-7માં કાર્ની અને મોદી વચ્ચે મુલાકાત

**એવિયા**

ફ્રાન્સના એવિયાં શહેરમાં ચાલી રહેલા G-7 શિખર સંમેલન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની વચ્ચે એક અત્યંત હાઈ-પ્રોફાઈલ દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. આ મુલાકાતમાં પીએમ મોદીએ આ જ વર્ષે કેનેડાના પ્રવાસે જવાનું મોટું આમંત્રણ સ્વીકારી લીધું છે. બંને દેશો વચ્ચે મુક્ત વ્યાપાર કરાર (FTA)ને વહેલી તકે આખરી ઓપ આપવા માટે મોટો દાવ ખેલાયો છે. આ ઉપરાંત એનર્જી, ટેકનોલોજી અને કેનેડામાં વસતા લાખો ભારતીય પ્રવાસીઓની સુરક્ષાને લઈને પણ એક મજબૂત વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે. ભૂતપૂર્વ વડાપ્રધાન ટ્રુડોના સમયગાળા દરમિયાન ભારત અને કેનેડા વચ્ચે જે કડવાશ પેદા થઈ હતી, તે હવે માર્ક કાર્નીના શાસનમાં ધીમે-ધીમે દૂર થઈ રહી છે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની અનેક પ્રસંગોએ ભારત સાથેના સંબંધો સુધારવાના પ્રયાસો કરતા જોવા મળ્યા છે. મોદીએ કેનેડિયન પીએમ માર્ક કાર્ની સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, 'મને ખૂબ જ આનંદ છે કે, આપણી પ્રથમ મુલાકાત G-7માં થઈ હતી અને આજે આપણે એક વર્ષ પછી ફરી મળી રહ્યા છીએ. આપણે અત્યાર સુધીમાં 4 વાર મળી ચૂક્યા છીએ. આપણે આપણા દ્વિપક્ષીય સંબંધો અને આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમો પર ખુલીને વાતચીત કરી રહ્યા છીએ, અને સાચા મિત્રો તરીકે મહત્વપૂર્ણ પ્રગતિ કરી રહ્યા છીએ.' પીએમ મોદીએ ઉત્સુકતા દર્શાવતા કેનેડાના પીએમને કહ્યું કે, 'તમે મને કેનેડા આવવા માટે જે આમંત્રણ આપ્યું છે, તે બદલ આભાર. હું પૂરો પ્રયાસ કરીશ કે આ જ વર્ષે કેનેડાના પ્રવાસે આવું.

# જી-7માં ભારતની ભાગીદારી બદલાઈ રહેલો ગ્લોબલ ઓર્ડર દર્શાવે છે : કાર્ની

## સ્વિત્ઝર્લેન્ડના પ્રમુખ દ્વારા મોદીનું સ્વાગત નોંધપાત્ર બાબત

**જીનીવા**

જી-૭ પરિષદમાં હાજરી આપવા ફ્રાંસમાં એશિયાનથી જીનીવા પહોંચેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વિત્ઝર્લેન્ડના પ્રમુખ ગાય પર્મેલિને સ્વાગત કર્યું હતું. સ્વિત્ઝર્લેન્ડમાં યોજાઈ રહેલી વિશ્વના સમૃદ્ધ દેશોની પરિષદ જી-૭ પરિષદમાં વિશેષ આમંત્રણથી ભાગ લેવા નરેન્દ્ર મોદી પહોંચ્યા હતા. તે સંબંધે કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું હતું કે, જી-૭ દેશોની પરિષદમાં ભારતની ભાગીદારી બદલાઈ રહેલો ગ્લોબલ ઓર્ડર દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે, આ સમયે જ સંયુક્ત રાષ્ટ્રોની પાંચ કાયમી સભ્યો તથા ૧૦ ક્રમાનુસાર ચૂંટાતા કુલ ૧૫ સભ્યોની સલામતી સમિતિમાં બિન-કાયમી દેશો (૧૦)ની સંખ્યા વધારવાની ચર્ચા ચાલે છે. ત્યારે ભારતે કાયમી સભ્યોની સંખ્યા વધારવા અનુરોધ કરવા સાથે ભારતના કાયમી સભ્યપદનો દાવો કર્યો છે. ત્યારે જી-૭ પરિષદમાં ભારતને વિશેષ આમંત્રણ આપવામાં આવ્યું અને કેનેડાના વડાપ્રધાને બદલાતાં વૈશ્વિક પરિપ્રેક્ષ્યની કરેલી રજૂઆત તથા સ્વિત્ઝર્લેન્ડના પ્રમુખ દ્વારા વડાપ્રધાન મોદીનું કરાયેલું સ્વાગત નોંધપાત્ર છે.

# વાનકુવરમાં FIFA વર્લ્ડ કપનો ભારે રોમાંચ ફેન્સે બાર ગજવ્યા, દારૂનો જથ્થો ખૂટ્યો !



## તુર્કી સામે ઓસ્ટ્રેલિયાની મેચ બાદ ચાહકો પાબંદી ભૂલ્યા: ગ્રાનવિલે સ્ટ્રીટ પર ધંધામાં 40 ટકાનો તોતિંગ ઉછાળો

**વાનકુવર**

વાનકુવર શહેરમાં હાલમાં ફિફા વર્લ્ડ કપનો જબરદસ્ત તાવ ચડ્યો છે. ફૂટબોલના મહાકુંભને કારણે સ્થાનિક બાર અને પબ ઉદ્યોગમાં દિવાળી જેવો માહોલ સર્જાયો છે. ઓસ્ટ્રેલિયા અને તુર્કી વચ્ચે રમાયેલી રોમાંચક મેચ દરમિયાન ઓસ્ટ્રેલિયન ચાહકો એટલા પ્રચંડ ઉત્સાહમાં આવી ગયા હતા કે, તેમણે વાનકુવરના પ્રખ્યાત મલ્ટી-લેવલ સ્પોર્ટ્સ બાર 'ડબલિન કોલિંગ'ને ચિચિયારીઓથી ભરી દીધું હતું અને બારમાં રહેલો દારૂનો આખો સ્ટોક લગભગ ખાલી કરી નાખ્યો હતો. બારના મેનેજર ટાયલર બ્રોઅર્સે આશ્ચર્ય વ્યક્ત કરતાં મંગળવારે જણાવ્યું હતું કે, "મેં મારા જીવનમાં શનિવાર જેવો નજારો ક્યારેય જોયો નથી. મને પહેલી વાર એવો ડર લાગ્યો કે, મારી પાસે ગ્રાહકોને પીરસવા માટે દારૂ જ ખતમ થઈ જશે. ઓસ્ટ્રેલિયનો જાણે અમને 'ડ્રાય' (કોરા) કરવાના મૂડમાં આવ્યા હતા." તેમણે ઉમેર્યું કે શનિવારે અચાનક દારૂ ખૂટી પડતાં તાત્કાલિક સ્થાનિક બ્રુઅરીમાંથી બિયરના ૨૦ પીપ (Kegs)લાવવા માટે બારના ડીજેની વાનનો ઉપયોગ કરવો પડ્યો હતો. હવે આગામી વીકએન્ડ માટે બારે ૨૦૦ જેટલા મોટા પીપનો એડવાન્સ ઓર્ડર આપી દીધો છે. ગ્રાનવિલે સ્ટ્રીટ પર આવેલા 'ડોનેલન્સ આઈરિશ પબ'ના મેનેજર ટોમ યંગે પણ સ્વીકાર્યું કે ઓસ્ટ્રેલિયન ફેન્સ સંપૂર્ણ શક્તિ સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા. પ્રીમિયરના જણાવ્યા અનુસાર, વર્લ્ડ કપના કારણે વાનકુવરની શેરીઓમાં ફેન્સની ભવ્ય પરેડ નીકળી રહી છે અને ગ્રાનવિલે સ્ટ્રીટની રેસ્ટોરન્ટ્સ અને બારના બિઝનેસમાં ૨૦થી ૪૦ ટકા સુધીનો મોટો ઉછાળો જોવા મળ્યો છે. સૌથી રાહતની વાત એ રહી કે વીકએન્ડ પર હજારો ચાહકો રસ્તા પર હોવા છતાં કોઈ મોટી હિંસા કે અપ્રિય ઘટના બની નહોતી. સ્થાનિક પોલીસે જણાવ્યું હતું કે આટલી મોટી ભીડ વચ્ચે પણ માત્ર એક જ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી, જે સામાન્ય દિવસો કરતાં પણ ઓછી છે.

# B-52 બોમ્બર ક્રેશ; 8 લોકોના મોત

**કેલિફોર્નિયા**

અમેરિકામાં દક્ષિણ કેલિફોર્નિયાના મોજાવે રણમાં યુએસ એરફોર્સ બેઝ પર ટેકઓફ કર્યા પછી તરત જ એક B-52 બોમ્બર ક્રેશ થઈ ગયું. આ અકસ્માતમાં વિમાનમાં સવાર તમામ 8 લોકોના મોત થઈ ગયા હતા. લોસ એન્જલસની ઉત્તરે સ્થિત એડવર્ડ્સ એરફોર્સ બેઝે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું હતું કે પ્રારંભિક સંકેતો સૂચવે છે કે કોઈના બચવાની આશા નથી.

સોમવારે સવારે 11:20 વાગ્યે વિમાન તૂટી પડ્યા પછી કટોકટીની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. એડવર્ડ્સ એરફોર્સ બેઝના રનવે જેવા વિસ્તારની નજીક રણનો મોટો ભાગ સળગીને કાળો થઈ ગયો હતો અને સ્થળ પરથી ધુમાડો નીકળી રહ્યો હતો. કટોકટી વાહનો નજીકમાં હાજર હતા. સેનાએ ખુલાસો કર્યો નથી કે બોમ્બરમાં શસ્ત્રો લાદવામાં આવ્યા હતા કે નહીં. બોઈંગ B-52 સ્ટ્રેટોફોર્ટ્રેસ એક લાંબા અંતરનું બોમ્બર છે જેને 1955માં સેવામાં સામેલ કરવામાં આવ્યું હતું. આને પરંપરાગત અને પરમાણુ બંને પ્રકારના શસ્ત્રો વહન કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે અને વિયેતનામથી લઈને ઈરાન સુધીના યુએસ લશ્કરી સંઘર્ષોમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સોમવાર બપોર સુધી એરફિલ્ડ બંધ રહ્યું, અને બધી આવનારી ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવામાં આવી છે.



# ક્લાઈમેટ ચેન્જ : કેનેડામાં ૩૦ ટકા વસ્તી કુદરતી આફતોનો ભોગ બની

## નવા સરવેમાં ગરમી, પૂર અને જંગલની આગથી જનજીવન પ્રભાવિત થયાનો ખુલાસો

**ઓટાવા**

વિશ્વભરમાં ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની અસરો હવે વધુ ઘાતક બની રહી છે, જેનો જીવંત પુરાવો કેનેડામાં જોવા મળ્યો છે. તાજેતરમાં જાહેર થયેલા પોલ (મતદાન) અનુસાર એક વર્ષ પહેલાં કરતાં હાલમાં ખરાબ હવામાનની ઘટનાઓથી પ્રભાવિત થનારા કેનેડિયનોની સંખ્યામાં ચિંતાજનક વધારો નોંધાયો છે. જાણીતી સરવે એજન્સી 'લેગર' દ્વારા જૂન મહિનામાં હાથ ધરાયેલા ઓનલાઈન મતદાનમાં જાણવા મળ્યું કે, દર ૧૦માંથી ૩ કેનેડિયન નાગરિકો (અંદાજે ૩૦ ટકા લોકો) છેલ્લા ૧૨ મહિનામાં ગરમી, પૂર, ભયાનક આગ અને ટોર્નેડો જેવી ગંભીર કુદરતી આફતોનો સીધો ભોગ બન્યા છે. ગયા વર્ષે જૂન ૨૦૨૫માં આ આંકડો ૨૩ ટકા હતો, જે હવે વધીને ૩૦ ટકા પર પહોંચી ગયો છે.

સપ્ટેમ્બર ૨૦૨૫માં કેનેડાના ઈતિહાસની બીજી સૌથી ભયાનક જંગલી આગ (વાઈલ્ડ ફાયર) ફાટી નીકળી હતી. આ કુદરતી આપત્તિમાં ન્યૂ બ્રુન્સવિક અને પી.ઈ.આઈ. (પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડ) કરતાં પણ મોટો એટલે કે અંદાજે ૯૦,૦૦૦ ચોરસ કિલોમીટરનો હરિયાળો વિસ્તાર બળીને ખાખ થઈ ગયો હતો. તે સમયે ૩૭ ટકા લોકોએ સ્વીકાર્યું હતું કે, તેઓ આ ખરાબ હવામાનથી પીડિત હતા.



### ઠંડી અને ગરમી બંનેની આક્રમકતા વધી

લેગરના સેન્ટ્રલ કેનેડાના એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડેન્ટ એન્ડ્રુ એન્સે જણાવ્યું કે, "કેનેડાના લોકો માત્ર ગરમી જ નહીં, પરંતુ ભારે ઠંડીનો પણ સામનો કરી રહ્યા છે. પૂર્વીય કેનેડા અને પ્રેઇરીઝના વિસ્તારોમાં ગયા શિયાળામાં હાડથીજવતી ભારે ઠંડીનું પ્રમાણ વધ્યું હતું." સરવેમાં ૬૧ ટકા લોકોએ એ વાત સહર્ષ સ્વીકારી છે કે, પાંચ વર્ષ પહેલાં કરતાં અત્યારે ગરમીનો પારો ખૂબ જ ઊંચો જઈ રહ્યો છે. જોકે, ગયા વર્ષના રેકોર્ડ બ્રેક ૭૪ ટકાની સરખામણીએ આ વર્ષે ૬૫ ટકા લોકોએ માન્યું છે કે જંગલોમાં આગ લાગવાની ઘટનાઓ વધી છે. પરંતુ સૌથી ચિંતાજનક બાબત એ છે કે, કેનેડાના બદલાતા જતા વાતાવરણથી ચિંતિત નાગરિકોની સંખ્યા વધીને હવે ૬૧ ટકા થઈ ગઈ છે.

આફતોની અસર માત્ર જંગલો પૂરતી સીમિત નથી રહી, પરંતુ સામાન્ય નાગરિકોના રોજિંદા જીવન પર પણ તેની ઘેરી અસર પડી છે. તાજેતરના સરવેમાં ૫૯ ટકા ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે, જંગલની આગના ધુમાડા અને પ્રદૂષણને કારણે હવાની ગુણવત્તા (એર ક્વોલિટી) એટલી હદે બગડી ગઈ હતી કે તેમને ફરજિયાત ઘરોની અંદર પુરાઈ રહેવું પડ્યું હતું. આ ઉપરાંત, ૨૧ ટકા લોકોએ કહ્યું કે, વાતાવરણની ખરાબીના ડરથી પોતાની અગાઉથી નક્કી કરેલી મુસાફરી અને પ્રવાસની યોજનાઓ રદ કરવી પડી હતી.

# કેનેડામાં વસ્તી વધારા પર બ્રેક લાગી : સતત ત્રીજા ક્વાર્ટરમાં વસ્તીમાં નોંધપાત્ર ઘટાડો

## સ્ટેટકેનના રિપોર્ટમાં મોટો ખુલાસો: ઈમિગ્રેશનની કડક નીતિની અસર, 1 એપ્રિલ સુધીમાં વસ્તી 4.14 કરોડ નોંધાઈ

**ઓટાવા**

ઈમિગ્રન્ટ્સના સ્વર્ગ ગણાતા કેનેડા દેશમાંથી એક ચોંકાવનારો ટ્રેન્ડ સામે આવ્યો છે. કેનેડા સરકાર દ્વારા કડક કરવામાં આવેલી નવી વિદેશ નીતિ અને વિઝા નિયમોની સીધી અસર હવે દેશની વસ્તી પર દેખાવા લાગી છે. 'સ્ટેટિસ્ટિક્સ કેનેડા'ના તાજેતરના સત્તાવાર અંદાજ મુજબ વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં (જાન્યુઆરીથી માર્ચ) કેનેડાની વસ્તીમાં ૦.૧ ટકાનો ઘટાડો નોંધાયો છે. સૌથી મહત્વની વાત એ છે કે, આ સતત ત્રીજો ક્વાર્ટર છે. જેમાં કેનેડિયન વસ્તીના ગ્રાફમાં આ પ્રકારે ઘટાડો જોવા મળ્યો છે.

સરકારી એજન્સીના રિપોર્ટ અનુસાર, ૧ એપ્રિલ, ૨૦૨૬ના રોજ કેનેડાની કુલ વસ્તી અંદાજે ૪,૧૪,૧૭,૦૫૬ (૪.૧૪ કરોડ) હોવાનો અંદાજ છે. જે ૧ જાન્યુઆરી, ૨૦૨૬ની વસ્તીની સરખામણીએ માત્ર ત્રણ મહિનામાં જ ૫૫,૦૨૫ જેટલી ઓછી છે. આ અગાઉ ૧ ઓક્ટોબર, ૨૦૨૫થી ૧ જાન્યુઆરી, ૨૦૨૬ની વચ્ચે પણ દેશની વસ્તીમાં ૧,૦૩,૫૦૪ લોકોનો મોટો ઘટાડો થયો હતો. હાલમાં દેશની વસ્તી ૨૦૨૩ અને ૨૦૨૪ના સ્તર કરતાં ઘણી નીચે પહોંચી ગઈ છે.

કેનેડાએ વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં ૮૩,૧૪૯ કાયમી ઈમિગ્રન્ટ્સ (PR)નું સ્વાગત કર્યું હતું. જો કે, આ સંખ્યા વર્ષ ૨૦૨૫ના સમાન ક્વાર્ટરમાં આવેલા ૧,૦૪,૨૧૦ ઈમિગ્રન્ટ્સની તુલનામાં ૨૦.૨ ટકાનો તોતિંગ ઘટાડો દર્શાવે છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડાના જણાવ્યા મુજબ, આ ઘટાડો ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) દ્વારા વર્ષ ૨૦૨૬ માટે નક્કી કરવામાં આવેલા નીચા લક્ષ્યાંકોને અનુરૂપ જ છે.

કેનેડામાં માત્ર કાયમી રહેવાસીઓ જ નહીં, પણ બિન-કાયમી રહેવાસીઓની સંખ્યામાં પણ જબરદસ્ત ઘટાડો થયો છે. ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં જ બિન-કાયમી રહેવાસીઓની સંખ્યામાં ૧,૧૭,૮૭૯ (૪.૪ ટકા) નો ઘટાડો થતાં હવે આ આંકડો ૨૫,૫૮,૫૬૨ પર સ્થિર થયો છે. ૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ આ આંકડો ૩૧,૪૯,૧૩૧ની સર્વોચ્ચ સપાટીએ હતો, જે ૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં ઘટીને ૨૬,૭૬,૪૪૧ થઈ ગયો હતો. એજન્સીના મતે, માત્ર અભ્યાસ પરમિટ (સ્ટડી વિઝા) અને વર્ક પરમિટ ધારકોની સંખ્યામાં સરકારે કરેલા ઘટાડાને કારણે આ આંકડા નીચા આવ્યા છે.










તંત્રી સ્થાનેથી

# અમેરિકાએ હાથ અદ્ધર કરતાં તહેરાન સાથે યુએઈ અને કતારના ગુપ્ત સોદા

ઈરાનને ઈઝરાયેલ અને અમેરિકા સાથે ઘણાં મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે. જેમાં અમેરિકાને સાથ આપવા જતા ગલ્ફના દેશોને ભેખડે ભેરવાવુ પડ્યું છે. અત્યાર સુધી સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, ઓમાન, બહેરીન વગેરે દેશોમાં આવેલા અમેરિકાના સૈન્ય અડ્ડાઓ પર ઈરાને હુમલા કર્યા છે. આ અડ્ડાઓનો ઉપયોગ અમેરિકા ઈરાન પર હવાઈ હુમલા કરવા માટે કરતું હતુ. જ્યારે ઈરાને આ સ્થળોએ પ્રહાર કર્યા તે પછી અમેરિકા તરફથી સુરક્ષા માટે કોઈ ખાસ કોઈ વ્યવસ્થા થઈ નથી.



તંત્રી - સ્વદેશ

સતત મિસાઈલ અને ડ્રોન વડે હુમલા થતા આ દેશોના અર્થતંત્રને મોટો ફટકો પડ્યો છે. ગલ્ફના દેશોને હવે મોડે મોડે સમજાયું છે કે, ઈરાનના હુમલાઓ સામે અમેરિકા તેમનું રક્ષણ કરી શકે તેમ નથી. તેમના દેશમાં અમેરિકાના સૈન્ય અડ્ડાઓ આવેલા હોવાથી ઈરાનના આક્રમણનો તેઓ ભોગ બની રહ્યા છે. જેને કારણે ગલ્ફના કેટલાક દેશો ઈરાન સાથે વાટાઘાટો ચલાવી રહ્યાના મીડિયા અહેવાલો છે. ન્યૂઝ એજન્સી રોઈટર્સે એક ખાસ અહેવાલમાં ચાર સૂત્રોને ટાંકીને દાવો કર્યો છે કે, યુએઈ ઈરાનના સ્થગિત અબજો ડોલરના ભંડોળ મુક્ત કરવા સંમત થયું છે અને તેણે ત્રણ અબજ ડોલર તો મુક્ત કરી દીધા છે. આ રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ સમાપ્ત કરવાની વાતચીત અંતિમ તબક્કામાં છે. રાજદ્વારીઓ અને નિષ્ણાતો કહે છે કે, વાટાઘાટોમાં અમેરિકી પ્રતિબંધો હેઠળ વિદેશી બેંકોમાં સ્થગિત ઈરાનના અબજો ડોલરના ભંડોળને મુક્ત કરવાની બાબત મુખ્ય છે. આ ઉપરાંત કતારના ઈરાન સાથેના ગુપ્ત કરાર અંગે પણ દાવા થઈ રહ્યા છે. વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ કતારે ઈરાની હુમલાઓને રોકવા માટે તેહરાન સાથે ગુપ્ત કરાર કરી નાંખ્યો છે. જો કે, કતારે આ દાવાને ખોટો ગણાવીને ફગાવી દીધો છે અને કહ્યું છે કે આવા અહેવાલો મધ્યસ્થી પ્રયાસોને નુકસાન પહોંચાડી રહ્યા છે.

વાસ્તવમાં ઈરાને ઈઝરાયેલ અને અમેરિકા સાથેના યુદ્ધમાં એવો ચમત્કાર દેખાડ્યો છે કે અત્યાર સુધી અમેરિકાની છાવણીમાં રહેલા ગલ્ફના દેશોને મોટુ નુકસાન થયું છે. ઘણા દેશો હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજો પસાર થાય અને હુમલાથી બચવા માટે ઈરાન સાથે ગુપ્ત વાટાઘાટો કરી રહ્યા છે. ખુદ ઈરાને આ વાતને સમર્થન આપ્યું છે. ન્યૂઝ એજન્સી રોઈટર્સે એક વિશિષ્ટ અહેવાલમાં દાવો કર્યો છે કે, "યુએઈ કુલ $10 બિલિયન રિલીઝ કરવા માટે સંમત થયું છે, જેમાંથી ૩ અબજથી વધુ ડોલર પહેલાથી જ રિલીઝ થઈ ચૂક્યા છે. આ વ્યવસ્થાથી પરિચિત બે અન્ય સૂત્રોએ રોઈટર્સને જણાવ્યું હતું કે કુલ ૨૦ અબજ ડોલરની ઈરાની સંપત્તિ સ્થગિત કરવામાં આવી છે અને યુએઈ પર ઈરાની હુમલાઓને રોકવાના બદલામાં આ કરાર થયો છે. ૩ અબજ ડોલરનો પહેલો હપ્તો પહેલાથી જ ઉપલબ્ધ છે.

રોઈટર્સે અહેવાલ આપ્યો છે કે, આ કરાર યુએઈ-ઈરાન સંબંધોમાં મોટો ફેરફાર દર્શાવે છે. ઈરાની હુમલાઓને કારણે દુબઈની હોટલો ખાલી થઈ ગઈ, કેટલાક વિદેશીઓ દેશ છોડીને ભાગી ગયા છે. હુમલાઓને કારણે દુબઈમાં સુરક્ષા વ્યસ્થા સામે સવાલ ઉભો થયો છે.

ઈરાન દાવો કરી શકે છે કે તેને યુદ્ધના નુકસાન માટે વળતર મળ્યું છે, જ્યારે વોશિંગ્ટન કહી શકે છે કે તેણે કંઈ ચૂકવ્યું નથી. ચુકવણીના બદલામાં ઈરાન યુએઈ પર મિસાઈલ અને ડ્રોન હુમલા બંધ કરશે. ઈરાને પણ આવી જ વ્યવસ્થા માટે ઓછામાં ઓછા બે અન્ય આરબ દેશોનો સંપર્ક કર્યો છે. વાટાઘાટો ઘણાં અઠવાડિયાં પહેલાં શરૂ થઈ હતી. પરંતુ ગયા અઠવાડિયે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સના અધિકારીઓએ અબુ ધાબીની મુલાકાત લીધા પછી તેને વેગ મળ્યો હતો. ત્યાં તેઓએ યુએઈના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને અબુ ધાબીના નાયબ શેખ તહનૌન બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે મુલાકાત કરી હતી.

મુલાકાત પછી UAEના અધિકારીઓએ તેહરાનની મુલાકાત લીધી હતી. ત્યારે અન્ય પાસાંઓ પર ચર્ચા કરવામાં આવી હતી. UAE-ઈરાન સમજૂતી એક જટિલ નાણાંકીય પૃષ્ઠભૂમિ સામે આગળ વધવાની તૈયારીમાં છે, જેમાં દુબઈ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. દુબઈ એ UAEનું મુખ્ય વ્યાપાર કેન્દ્ર છે અને ઈરાનની મહત્ત્વપૂર્ણ આર્થિક જીવનરેખાઓમાંનું એક માનવામાં આવે છે. દુબઈની બેંકોએ ઈરાન સાથે જોડાયેલાં મોટાં ખાતાંઓ સ્થગિત કરી દીધાં છે. જેમાંથી મોટાભાગનાં ખાતાંઓ અમેરિકન પ્રતિબંધોને કારણે નિષ્ક્રિય છે. આ પ્રતિબંધો ઈરાન સાથે વ્યવસાય કરતાં કોઈ પણ દેશને અમેરિકી નાણાંકીય નેટવર્કમાંથી બાકાત રાખવાના જોખમમાં મૂકે છે.

બીજી તરફ અમેરિકા પણ કતાર અને અન્ય વિદેશી બેંકોમાં રાખેલી ઈરાની સંપત્તિઓને મુક્ત કરવા સંમત થયાના અહેવાલો છે. દરમિયાન, વોશિંગ્ટન પોસ્ટે એક અહેવાલ પ્રકાશિત કર્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે કતારે તેના ગેસ સંકુલ રાસ લફાનને હુમલાઓથી બચાવવા માટે ઈરાન સાથે ગુપ્ત વાટાઘાટો કરી હતી. માર્ચના મધ્યમાં કતાર પર ઈરાની મિસાઈલ હુમલા બાદ વિશ્વની સૌથી મોટી કુદરતી ગેસ ઉત્પાદન સુવિધા રાસ લાફાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા. આ હુમલામાં પ્લાન્ટના કેટલાક ભાગો નષ્ટ થઈ ચુક્યા છે. જે વિશ્વના ગેસ પુરવઠાનો લગભગ પાંચમો ભાગ પૂરો પાડે છે, જેના કારણે ચીન અને અન્ય દેશો સાથેના અબજો ડોલરના કરારો જોખમમાં મુકાયા હતા. અમેરિકા અને ઈરાન વચ્ચે મધ્યસ્થી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવતું કતાર આ સંઘર્ષમાં ફસાઈ જતા યુદ્ધનો અંત લાવવાના તેના પ્રયાસોમાં અવરોધ ઊભો થયો છે.

યુદ્ધની શરૂઆતમાં કતારે વિશ્વના સૌથી મોટા કુદરતી ગેસ ઉત્પાદન સુવિધા રાસ લફાનને ઈરાની હુમલાઓથી બચાવવા માટે તેહરાન સાથે ગુપ્ત કરાર કરવાનો પ્રયાસ કર્યો હતા. કતારે ઈરાનને પ્રસ્તાવ મૂક્યો હતો કે, જો રાસ લફાનને નિશાન બનાવવામાં ન આવે, તો તે પોતે જ ગેસનું ઉત્પાદન બંધ કરી દેશે. આનાથી વૈશ્વિક ઊર્જાના ભાવમાં વધારો થયો હોત અને અમેરિકા અને ઈઝરાયલ પર યુદ્ધ ઝડપથી સમાપ્ત કરવા માટે આર્થિક દબાણ આવ્યું હોત.

જો કે, કતારને ઈરાન તરફથી કોઈ સ્પષ્ટ ખાતરી મળી ન હતી, તેમ છતાં, યુદ્ધના ત્રીજા દિવસે રાસ લફાન ખાતે ઉત્પાદન બંધ કરી દેવામાં આવ્યું હતું. પાછળથી ઉપગ્રહની છબીઓમાં નુકસાનના કોઈ સંકેતો જોવા મળ્યા નથી. CIA સહિતની અમેરિકન ગુપ્તચર એજન્સીઓ અને ટ્રમ્પ વહીવટીતંત્ર કતારના ઈરાન સાથેના ગુપ્ત સોદાથી વાકેફ હતાં, પરંતુ આનાથી અમેરિકા અને કતાર વચ્ચેના સંબંધોમાં તણાવ વધ્યો નથી. કતારે આ આરોપોને નકારી કાઢ્યા છે. તે કહે છે કે ઈરાન સાથે કોઈ ગુપ્ત સોદો કરવામાં આવ્યો ન હતો અને ઉત્પાદન બંધ કરવાનો નિર્ણય માળખાગત સુવિધાઓ અને ઊર્જા સ્થાપનોના રક્ષણ માટે લેવામાં આવ્યો હતો.

manoj1968@yahoo. ca






# કપડવંજના MLA-PAને લીધે કઠલાલના પૂર્વ MLAના ભત્રીજાના આપઘાત પ્રયાસનો આરોપ

## પુત્ર જીજ્ઞેશ ડાભીએ કોઈ ઝેરી પદાર્થ ગટગટાવીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો

**કપડવંજ**

ગુજરાતના રાજકારણમાં ખાસ કરીને ખેડા જિલ્લાના ભાજપ સંગઠનમાં એક અત્યંત આઘાતજનક અને ચકચારી ઘટના સામે આવી છે. કઠલાલના પૂર્વ ધારાસભ્ય કનુ ડાભીના ભત્રીજા અને પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ પ્રવીણ ડાભીના પુત્ર જીજ્ઞેશ ડાભીએ કોઈ અજ્ઞાત ઝેરી પદાર્થ ગટગટાવીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક રાજકીય વર્તુળોમાં દોડધામ મચી ગઈ હતી, અને જીજ્ઞેશને તાત્કાલિક સારવાર અર્થે કઠલાલની જનતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં હાલ તેની સ્થિતિ નાજુક હોવાનું તબીબો જણાવી રહ્યા છે.

આ સમગ્ર હાઈપ્રોફાઈલ મામલામાં ભાજપના જ એક જૂના અને પ્રતિષ્ઠિત પરિવાર દ્વારા પોતાના જ પક્ષના વર્તમાન ધારાસભ્ય સામે ગંભીર આક્ષેપો કરવામાં આવતા મામલો ગરમાયો છે. ભોગ બનનાર જીજ્ઞેશ ડાભીની પત્ની હાલ કઠલાલ તાલુકા પંચાયતમાં ભાજપના સક્રિય સભ્ય છે, જ્યારે તેના પિતા અને કાકા દાયકાઓથી ભાજપના સ્તંભ રહ્યા છે. આવા મજબૂત રાજકીય પૃષ્ઠભૂમિ ધરાવતા પરિવારે કપડવંજના વર્તમાન ભાજપના ધારાસભ્ય રાજેશ ઝાલા અને તેમના PAને આત્મહત્યાના પ્રયાસ પાછળ સીધા જવાબદાર હોવાના ગંભીર આરોપ લગાવ્યા છે.

# વડોદરા જિલ્લા ભાજપમાં પણ ઉકળાટ હોદ્દેદારના વર્તનથી કાર્યકરોમાં નારાજગી

**વડોદરા**

વડોદરા જિલ્લા ભાજપમાં સંગઠનના એક હોદેદારની વર્તણૂક કાર્યકરોમાં ચર્ચાનો વિષય બની છે.પોતે સંસદ સભ્યના ઉમેદવાર થવાને લાયક છે,નરેન્દ્ર મોદીની એપોઈન્ટમેન્ટ માગી છે, કાર્યક્રમમાં કોણ હાજર રહેશે તે અમે નક્કી કરીશું જેવા મુદ્દાને કારણે સંગઠનના હોદેદાર ચર્ચામાં આવ્યા છે.

વડોદરા જિલ્લામાં ઉકળાટ બહાર ના આવે તે માટે મોવડીઓ સક્રિય થયા હોવાની પણ માહિતી મળી છે. બીજીતરફ તાજેતરમાં ચૂંટાયેલા નગર પાલિકા,તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સભ્યોને ભાજપના આગેવાનો કેવી રીતે કામ કરવું તેના પ્રશિક્ષણની સાથે સાથે ડેમેજ કંટ્રોલના ભાગરૂપે શિસ્તના પણ પાઠ ભણાવવાની તૈયારી કરી રહ્યા છે. વડોદરા જિલ્લા ભાજપમાં બળવો ના થાય કે ભાજપનો આંતરિક કલહ બહાર ન આવે તે હેતુથી ચાર એપીએમસી,બરોડા ડેરી, વડોદરા જિલ્લા ખરીદવેચાણ સંઘ,બરોડા સેન્ટ્રલ બેન્ક જેવી સંસ્થાઓના પ્રમુખ-ઉપ પ્રમુખ તેમજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી પાછી ઠેલવામાં આવી રહી હોવાની ચર્ચા કેન્દ્રમાં રહી છે.

# વડોદરામાં નિવૃત્ત ચીફ એન્જિનિયર સાથે રૂ. 22.81 લાખની છેતરપિંડી

## 24 ટકા સુધીની વળતર આપવાની લાલચ અપાઈ હતી

**વડોદરા**

વડોદરા શહેરના વાસણા રોડ વિસ્તારમાં રહેતા ચીફ એન્જિનિયર તરીકે નિવૃત્ત થયેલા હરજીતસિંગ દર્શનસિંગે વર્ષ 2020માં ગોત્રી સ્થિત પેવેલિયન હાઈટ્સ પ્રોજેક્ટમાં આશરે રૂ.60 લાખનો ફ્લેટ બુક કરાવ્યો હતો. આ દરમિયાન પ્રોજેક્ટ સાથે સંકળાયેલા પ્રતિક મહેતા સાથે તેમની ઓળખાણ થઈ હતી. પીડિતનો આક્ષેપ છે કે પ્રતિક મહેતાએ ફ્લેટનું કામ પૂર્ણ થવામાં સમય લાગશે તેમ જણાવી તેમની પાસે રોકાણ માટે નાણાં માંગ્યા હતા. સાથે જ 24 ટકા સુધીનું વળતર આપવાની અને જરૂર પડે ત્યારે 10 દિવસમાં રકમ પરત કરવાની ખાતરી આપી હતી. આ વિશ્વાસમાં આવી વૃદ્ધે એપ્રિલ-2023થી ઓગસ્ટ-2024 દરમિયાન તબક્કાવાર રૂ.22,81,520 પ્રતિક મહેતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. તા.09 ડિસેમ્બર 2023ના રોજ રૂ.15 લાખની રકમ એક વર્ષ માટે આપવામાં આવી હોવા અંગે બંને વચ્ચે નોટરી કરાર પણ કરવામાં આવ્યો હતો. આરોપીએ વળતર ન આપતાં કંટાળીને પોલીસ ફરિયાદ કરી હતી.

# રાજપીપળામાં પ્રોટોકોલ નહીં જળવાતા ભાજપના મહિલા ધારાસભ્યે વોકઆઉટ બાદ ધરણા કર્યા

## સંગઠન સહિત ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપવાની ચીમકી પણ ઉચ્ચારી હતી

**રાજપીપળા**

વડાપ્રધાનના સુશાસનના 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. કાર્યક્રમ દરમિયાન પોતાનું અપમાન થયું હોવાનો દાવો કરીને નાંદોદ વિધાનસભા બેઠકના ભાજપના જ મહિલા ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ કાર્યક્રમ અધવચ્ચે છોડીને (વોકઆઉટ) નીકળી ગયા હતા. પ્રોટોકોલ ન જળવાતા નારાજ થયેલા



ધારાસભ્ય ગાંધી ચોક વડીયા ખાતે ધરણા પર બેસી ગયા હતા અને સંગઠન સહિત ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. મળતી માહિતી અનુસાર, રાજપીપળાના આંબેડકર હોલ ખાતે પ્રબુદ્ધ નાગરિકોના સન્માનનો એક વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ હાઈપ્રોફાઈલ કાર્યક્રમમાં જિલ્લાના પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને પૂર્વ વનમંત્રી ગણપત વસાવા જેવા પક્ષના વરિષ્ઠ નેતાઓ મંચ પર હાજર રહ્યા હતા. જો કે, આ સરકારી કે પક્ષના કાર્યક્રમમાં સ્થાનિક ધારાસભ્ય હોવા છતાં ડો. દર્શનાબેન દેશમુખના પ્રોટોકોલ જાળવવામાં આવ્યો ન હતો અને તેમનું યોગ્ય સ્વાગત પણ કરવામાં ન આવતા વિવાદ સર્જાયો હતો.

# નડિયાદ કોર્ટનો ચુકાદો : 15 વર્ષની સગીરાનું અપહરણ કરનારાને ચાર વર્ષની સખત કેદ

## ભોગ બનનાર સગીરાને રૂપિયા 50 હજાર વળતર પેટે ચૂકવવા હુકમ

**ખેડા**

ઠાસરામાં 22 વર્ષીય આરોપી અક્ષયકુમાર ઉર્ફે અક્કીએ 15 વર્ષની દીકરીને નિશાન બનાવી હતી. બાળકી સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં, આરોપીએ તેને લલચાવી, ફોસલાવીને પોતાના એક્ટિવા ઉપર બેસાડીને અપહરણ કર્યું હતું. જે અંગે ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ઈ.પી.કો. કલમ-363, 366 તથા પોક્સો એક્ટ-2012ની કલમ-18 મુજબ ગુનો દાખલ કર્યો હતો. ત્યારબાદ આ કેસ નડિયાદની સ્પે. પોક્સો કોર્ટમાં ચાલ્યો હતો. કેસ દરમિયાન અંદાજે 6 જેટલા દસ્તાવેજી પુરાવાઓ અને 14 સાહેદોની જુબાનીઓ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. પુરાવાઓ અને સરકારી વકીલની દલીલોને ધ્યાને રાખીને ન્યાયાધીશે આરોપીને કસૂરવાર ઠેરવીને સજા ફટકારી હતી.

ઈ.પી.કો. કલમ-363 મુજબના ગુનામાં આરોપીને 4 વર્ષની સજા તથા રૂ. 2,500નો દંડ ફટકારવામાં આવ્યો છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ 2 માસની કેદની સજા ભોગવવી પડશે. કોર્ટે ભોગ બનનાર સગીરાને સરકારના ઠરાવ મુજબ રૂપિયા 50,000 વળતર પેટે ચૂકવવાનો પણ હુકમ કર્યો છે.

# મેટ્રિમોનિયલ પરથી હનીટ્રેપ કરી યુવકને લૂંટનાર યુવતી અને તેનો બોયફ્રેન્ડ જેલમાં

## ફોન લઈ ફરાર થઈ ગયેલો ત્રીજો યુવક ડિવોર્સી યુવતીનો પતિ નીકળ્યો

**વડોદરા**

મેટ્રિમોનિયલ સાઈટ પરથી યુવકની હની ટ્રેપ કરી લૂંટી લેવાના બનેલા બનાવમાં ગોત્રી પોલીસે યુવતી અને તેની સાથે લીવ ઈન રિલેશનશિપમાં રહેતા બોયફ્રેન્ડને જ્યુ.કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે.

વડોદરા નજીકના ગામમાં રહેતા ૩૪ વર્ષના યુવાને મેટ્રિમોનિયલ સાઈટ પર પોતાની પ્રોફાઈલ મૂકી હતી, જેથી અઢીવર્ષથી ભાયલીમાં ભાડાના ઘરમાં રહેતી દિલ્હીની પુનમ ઉર્ફે સાનિયા સાથે યુવકનો સંપર્ક થયો હતો. ચાર દિવસ પહેલાં યુવતીએ યુવાનને ભાયલીના એકાંતવાળા વિસ્તારમાં બોલાવ્યા બાદ બે સાગરીતોને બોલાવી લેતાં યુવક પર્સ, મોબાઈલ અને કાર મૂકીને ફરાર થઈ ગયો હતો. પોલીસે સીસીટીવી કેમેરાનું ચેકિંગ કરી પુનમ ઉર્ફે સાનિયા તેમજ તેના બોય ફ્રેન્ડ વિરેન્દ્ર બાલેશ્વર સુખીસિંગની ધરપકડ કરી હતી. બંનેના રિમાન્ડ પુરા થતાં આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.પોલીસે કાર તેમજ પર્સ કબજે કર્યા હતા. ગોત્રીના પીઆઈ એચબી ચાવડાએ કહ્યું હતું કે,આ બનાવમાં મોબાઈલ લઈને ફરાર થઈ ગયેલા ત્રીજો યુવકનું નામ રાજેશ તારાચંદ શર્મા હોવાનું ખૂલ્યું છે.જે યુવતીનો ડીવોર્સી પતી હોવાનું જાણવા મળ્યું છે.

# સોમવતી અમાસે કુબેર ભંડારી ભક્તોના હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યું

**નર્મદા**

અધિક જેઠ માસની સોમવતી અમાસના પવિત્ર દિને વડોદરા શહેર સહિત સમગ્ર વિસ્તારમાં આવેલા મહાદેવ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. ભગવાન શિવની વિશેષ પૂજા-અર્ચના, જળાભિષેક, દુગ્ધાભિષેક અને બિલ્વપત્ર અર્પણ કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મંદિરોમાં ઉમટી પડ્યા હતા. શહેરના ઈએમઈ મંદિર, નીલકંઠ મહાદેવ, સિદ્ધનાથ મહાદેવ સહિત વિવિધ શિવાલયોમાં "ઓમ નમઃ શિવાય"ના જાપથી ધાર્મિક માહોલ સર્જાયો હતો. નર્મદા કાંઠે આવેલ પ્રસિદ્ધ કરનાળી સ્થિત કુબેર ભંડારી ધામ ખાતે પણ હજારો ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

# વાપીની 14 વર્ષીય કિશોરી સાથે દુષ્કર્મ કરનાર આરોપીને 20 વર્ષની કેદની સજા

## કિશોરીનુ પેટ મોટુ થયાનું જણાતાં ડોકટર પાસે લઈ જતાં ભાડો ફુટ્યો હતો

**વાપી**

વાપીના ચણોદ વિસ્તારમાં એક પરપ્રાંતિય પરિવાર રહે છે. વર્ષ 2024માં પાડોશમાં રહેતા રમેશ ગોરખનાથ પ્રજાપતિ પરિવારની 14 વર્ષીય કામીની (નામ બદલ્યું છે.) સાથે વાતચીત કરતો હતો. સમયાંતરે હવસખોર રમેશ કામીનીને પોતાની રૂમ પર બોલાવી શારીરિક સંભોગ કર્યો હતો. જો કે હવસખોરના કૃત્ય અંગે કામીનીએ પરિવારને જાણ કરી ન હતી. જો કે માતાને કામીનીનું પેટ મોટુ થયાનું જણાતાં ડોકટર પાસે લઈ જતાં કામીની ગર્ભવતી હોવાનો ભાડો ફંટયો હતો.

હવસખોર રમેશ પ્રજાપતિ સામે ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. વાપી એડિશનલ સેશન્સ કોર્ટમાં આ કેસ સંદર્ભે હાથ ધરાયેલી સુનાવણી દરમિયાન પબ્લિક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠીએ પિડીતા, પરિવારજનો સહિત લોકોની જુબાની અને મેડિકલ રિપોર્ટના આધારે અનેક પાસાઓ પર ધારદાર દલીલો કરી હતી. જજ ડો. એચ.એન.વકીલે આરોપી રમેશ પ્રજાપતિને તકસીરવાર ઠેરવી 20 વર્ષની કેદની સજા અને રૂ.10 હજારનો દંડ ફટકારતો ચૂકાદો આપ્યો છે. સાથે પિડીતાને રૂ.4 લાખ વળતર પેટે ચૂકવવા પણ હુકમ કર્યો છે.

# ગુણેસિયા ગામમાંથી ગાંજાની ખેતી ઝડપાઈ, 4 લાખથી વધુના જથ્થા સાથે 1 ઝડપાયો

**પંચમહાલ**

પંચમહાલ-ગોધરા એસ.ઓ.જી. ની ટીમને ઘોઘંબાના ગુણેસિયા ગામમાં ગાંજાનું વાવેતર થયું હોવાની બાતમી મળી હતી. તેના આધારે પોલીસે ગુણેસિયા ગામે દરોડો પાડ્યો હતો. સર્ચ ઓપરેશન દરમિયાન ગામમાં એક વ્યક્તિના કબજાની જમીનમાંથી ગેરકાયદે વાવેતર કરાયેલા લીલા ગાંજાના 16 છોડ (9 કિલો) મળી આવ્યા હતા.

આ આંતરરાષ્ટ્રીય બજાર કિંમત મુજબ જપ્ત કરાયેલા મુદ્દામાલની અંદાજિત કિંમત 4.52 લાખ રૂપિયા જેટલી આંકવામાં આવી છે. આ ગેરકાયદે નશાના કારોબાર મામલે એસ.ઓ.જી. પોલીસે સ્થળ પરથી જ ખેતી કરનાર મુખ્ય આરોપી મંગા નાયકની ધરપકડ કરી લીધી છે.

# ખેડૂતોને રાહત! વીજલાઈન નાખવાનો હુકમ રદબાતલ

## ધોલેરાના કમીયાળા ગામે પણ ખેડૂતોની જમીનમાંથી ટ્રાન્સમીશન લાઇન નાંખવાની કામગીરી ગેરકાયદે રીતે હાથ ધરાઇ હતી

**અમદાવાદ**

ગુજરાતભરમાં ખેડૂતોની જમીનમાં બારોબાર જ તેમની રજૂઆતો સાંભળ્યા વિના વીજ કંપનીઓ દ્વારા વીજ લાઇન - વીજ થાંભલાઓ નાંખવાની કામગીરીના વિવાદે વેગ પકડ્યો છે. ત્યારે અમદાવાદ જિલ્લાના કમીયાળા ગામના ખેડૂતોના જમીનમાંથી ખેડૂતોને સાંભળ્યા વિના ટ્રાન્સમિશન લાઇન (વીજ લાઇન) નાંખવાના નિર્ણયના વિવાદમાં અસરગ્રસ્ત ખેડૂતો ગુજરાત હાઈકોર્ટ પહોંચ્યા છે. જેની સુનાવણીમાં જસ્ટિસ નિર્ઝર એસ. દેસાઈએ અરજદાર ખેડૂતોને સાંભળ્યા વિના અમદાવાદ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જારી કરાયેલ વિવાદીત હુકમને રદબાતલ ઠેરવ્યો હતો.



હાઈકોર્ટે અરજદાર ખેડૂતોને સુનાવણીની તક આપી તેઓને સાંભળી 19મી જૂન સુધીમાં નિર્ણય લેવા પણ જિલ્લા મેજિસ્ટ્રેટને હુકમ કર્યો હતો. આ માટે હાઈકોર્ટે મેટર અમદાવાદ જિલ્લા મેજિસ્ટ્રેટને રિમાન્ડ બેક કરી હતી. હાઈકોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, અરજદાર પક્ષ દ્વારા ઉઠાવાયેલા તમામ મુદ્દાઓ અને વાંધાઓ ધ્યાનમાં લઈ મોડામાં મોડા 23મી જૂન સુધીમાં હુકમ કરી દેવાનો રહેશે. અરજદાર રામદેવસિંહ વણાર તથા અન્ય દ્વારા હાઈકોર્ટ સમક્ષ કરાયેલી રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરવામાં આવી હતી કે, જેટકો કંપની દ્વારા ધોલેરા સર એરિયામાં તેની ટ્રાન્સમીશન લાઇન નાંખવાની હતી, જેને લઈને ધોલેરાના કમીયાળા ગામે પણ ખેડૂતોની જમીનમાંથી ટ્રાન્સમીશન લાઇન નાંખવાની કામગીરી ગેરકાયદે રીતે હાથ ધરાઈ હતી. વીજ કંપની દ્વારા અરજદાર ખેડૂતોની જમીનમાંથી મનમાની રીતે વીજલાઇન નાંખવાની પ્રક્રિયા ધરાતાં ખેડૂતોની જમીન અને તેમના પાકને ગંભીર નુકસાનની દહેશત ઉભી થઈ હતી. આશ્ચર્યની વાત એ હતી કે, વીજ કંપની તરફથી તેઓને વીજ લાઇન નાંખવાની પ્રક્રિયા અંગે કોઈ સંબંધિત દસ્તાવેજો પણ પૂરા પાડવામાં આવ્યા ન હતા કે, તેને સુનાવણીની કોઈ તક પણ પૂરી પાડવામાં આવી ન હતી અને ખેડૂતોને સાંભળ્યા વિના જ બારોબાર વીજ કંપની સત્તાવાળાઓ તેમના ખેતરોમાંથી ટ્રાન્સમીશન લાઇન નાંખવાની કામગીરી કરી રહ્યા છે.

# ગુજરાતમાં ડ્રગ્સના કેસમાં બેદરકારી દાખવનાર PI-PSI સીધા સસ્પેન્ડ થશે

**અમદાવાદ**

ગુજરાતમાં અત્યાર સુધી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ કે ક્રાઈમ બ્રાંચ દ્વારા જ મોટેભાગે NDPSના કેસ નોંધવામાં આવતા હતા. આ બાબતને ગંભીરતાથી લઈને રાજ્યના ડીજીપીએ એક મહત્વનો નિર્ણય લીધો છે. હવેથી NDPSના કેસ નોંધવાની કામગીરી સ્થાનિક પોલીસે પણ ફરજિયાત કરવાની રહેશે. આ ઉપરાંત, જો અન્ય કોઈ એજન્સી દ્વારા સ્થાનિક પોલીસ સ્ટેશનની હદમાં ડ્રગ્સ સંબંધિત દરોડો પાડવામાં આવશે, તો તેની સીધી જવાબદારી સ્થાનિક પોલીસ અધિકારીની રહેશે. ડ્રગ્સ સંબંધિત કેસોમાં ચિંતાજનક વધારો થતાં રાજ્ય પોલીસ વડાએ બુધવારે કડક નિર્ણય લીધો છે. જેમાં રાજ્યના તમામ જિલ્લાઓ અને શહેરોના પોલીસ વડા તેમજ પોલીસ કમિશનરોને NDPS કેસ અનુસંધાનમાં કોઈપણ પ્રકારની શિથિલતા ન રાખવા અને સૌથી આકરા પગલાં લેવા સૂચના આપી હતી. ડીજીપીએ જણાવ્યું છે કે, જો કોઈ પોલીસ સ્ટેશનની હદમાં અન્ય બાહ્ય એજન્સી દ્વારા ડ્રગ્સ પકડવામાં આવશે, તો જે-તે પોલીસ સ્ટેશનના PSI કે PI જવાબદાર ગણાશે. તેમની વિરૂદ્ધ ફરજમાં બેદરકારી દાખવવા બદલ સસ્પેન્શન સુધીના પગલાં લેવામાં આવી શકે છે.

# સુરત, વડોદરા, જામનગરની મનપાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, સુરક્ષા એજન્સીઓ એલર્ટ

## તંત્ર દ્વારા સઘન તપાસ કરવામાં આવતા કોઈ શંકાસ્પદ વસ્તુ સામે આવતી નહીં

**અમદાવાદ**

ગુજરાતમાં છેલ્લા કેટલાય સમયથી અનેક શહેરોમાં બોમ્બની ધમકીઓ મળી રહી છે. જો કે, તંત્ર દ્વારા તપાસ કરવામાં આવતા કોઈ શંકાસ્પદ સામે આવતી નથી. તપાસ બાદ ધમકીઓ પોકળ અને ખોટી હોવાનું પુરવાર થતું હોય છે.

વડોદરા મહાનગરપાલિકાને સવારે 9:06 વાગ્યે ધમકીભર્યો ઈ-મેલ મળ્યો હતો. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, મેયર કચેરી અને મહાપાલિકા કમિશનરને ઈ-મેલ મારફતે ધમકી આપવામાં આવી છે. જેમાં મેયર ઓફિસ, કમિશનર કચેરી અને શાળાઓને નિશાન બનાવવાની ચીમકી આપવામાં આવી છે. આ ઈમેઈલમાં આગામી 18 જૂનથી 30 સપ્ટેમ્બર વચ્ચે હુમલાનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. આ ધમકી ખાલિસ્તાનના નામે મોકલાઈ હોવાનું જાણવા મળ્યું છે. બોમ્બની ધમકી મળતાની સાથે તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

જામનગરમાં પાલિકાની બિલ્ડીંગને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. મહાનગરપાલિકાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સાથે સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે.

સુરત મહાનગરપાલિકાને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. સુરત મહાનગરપાલિકાની કચેરીને પણ આ જ પ્રકારે ધમકીભર્યો મેઈલ આવ્યો છે. આ મામલે જાણ થતાની સાથે જ પોલીસનો કાફલો, ડોગ સ્કવોડ અને બોમ્બ સ્કવોડની ટીમો સ્થળ પર પહોંચી ગઈ અને કચેરી વિસ્તારનું સઘન ચેકિંગ હાથ ધરી દીધું છે. હજી સુધી કોઈ શંકાસ્પદ બાદ સામે નથી.

# સેલવાસમાં 19 વર્ષીય સાવકી પુત્રીની હત્યા કરનાર પિતાને આજીવન કેદની સજા કરાઈ

## અંક્તિા પર ઉપરાછાપરી 15 ઘા ઝીંકી માર્યા બાદમાં મિથુન ભાગી ગયો હતો

**સુરત**

સેલવાસના પદ્માવતી સોસાયટી નજીક આવેલી કમલેશભાઈની ચાલમાં શીલા સંજયસિંગ રાજપુતના ઘરે ગત તા.11-02-23ના રોજ રખોલી ગામે રહેતો અનેસીપીએફ સિક્યુરીટી સર્વિસમાં કામ કરતો સિક્યુરીટી ગાર્ડ મિથુન મોર્નિન્દ્ર મંડલ ઘરે ઘસી ગયો હતો. મિથુન બંગાળીએ ભારે ગાળાગાળી કરી ચપ્પુ કાઢી શીલાને મારવા જતાં જ પુત્રી અંક્તિાએ માતા શીલાને બચાવવા માતા શીલાને રૂમમાં બંધ કરી મિથુન મંડલ સામે પ્રતિકાર કર્યો હતો. જો કે મિથુને અંક્તિાના શરીર પર ઉપરાછાપરી 15 ઘા ઝીંકી કાસળ કાઢી નાંખ્યું હતું. બાદમાં મિથુન ભાગી ગયો હતો.

સેલવાસ પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. ઘટનાસ્થળ નજીકમાં લગાવેલા સીસી ટીવી કેમેરામાં આરોપીની હીલચાલ કેદ થઈ હતી. પોલીસે મિથુન મંડલ સામે હત્યાનો ગુનો નોંધી ધરપકડ કરી હતી. આરોપી અને શીલા વચ્ચે પ્રેમ સંબંધ બંધાયા બાદ લગ્ન પણ કર્યા હતા. જો કે બંને વચ્ચે થયેલા ઝઘડામાં અંક્તિનો ભોગ લેવાયો હતો. તત્કાલિન અધિકારી અનિલ ટીકેએ પુરાવા સાથે કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી. સેલવાસ ડિસ્ટ્રીક્ટ એન્ડસેશન્સ કોર્ટમાં હાથ ધરેલી સુનાવણી દરમિયાન સરકારી વકીલ ગોરધન પુરોહિતે અનેક લોકોની જુબાની સહિતના પુરાવા સાથે દલીલો કર્યા બાદ જજએ આરોપીને આજીવન કેદની સજા અને રૂ.25 હજારનો દંડ ફટકારતો ચૂકાદો આપ્યો છે.

# જૂની પેન્શન યોજના અને TET/TAT મુક્તિની માંગ સાથે શિક્ષકોની રેલી

**અમદાવાદ**


રાજ્યમાં સરકારી અને મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળાઓના શિક્ષકો પોતાની પડતર માંગણીઓને લઈને આરપારના મૂડમાં જોવા મળી રહ્યા છે. જૂની પેન્શન યોજના ફરી લાગુ કરવા અને ફરજિયાત કરાયેલી TET તેમજ TAT પરીક્ષામાંથી મુક્તિ મેળવવા માટે સમગ્ર રાજ્યમાં વિરોધ પ્રદર્શનનો દોર શરૂ થયો છે. આજે અમદાવાદ, પંચમહાલ અને છોટાઉદેપુર સહિતના જિલ્લામાં હજારો શિક્ષકોએ કલેક્ટર કચેરીઓ ગજવીને સરકાર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. એએમસી સંચાલિત શાળાઓના સેંકડો શિક્ષકો બુધવારે કલેક્ટર કચેરી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન અને ધરણા પર બેઠા હતા. શિક્ષકોએ એક વિશાળ રેલી યોજીને કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ ઉપરાંત, વર્ષ 2010 પહેલાં સેવામાં જોડાયેલા શિક્ષકો માટે પણ સરકારે TET પરીક્ષા ફરજિયાત બનાવીને હકો અટકાવી દેતા શિક્ષકો નારાજ છે. ગોધરા સ્થિત જિલ્લા સેવાસદન અને સર્કિટ હાઉસ સંકુલની બહાર પણ શિક્ષકોનો ભવ્ય મોરચો જોવા મળ્યો હતો. TET પરીક્ષામાંથી મુક્તિની માંગ સાથે અંદાજે 1000થી વધુ શિક્ષકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. શિક્ષકોના હાથમાં સરકાર વિરોધી પ્લે-કાર્ડ્સ અને બેનરો જોવા મળ્યા હતા.

# ફેક્ટરી અકસ્માતમાં 121ના મોત સાથે ગુજરાત દેશમાં પહેલું

## કરોડો રૂપિયાના વ્યવહારોના કારણે તંત્ર એકમો સામે કડક પગલાં ભરવાનું ટાળે છે તેવા પણ આક્ષેપો

**અમદાવાદ**

ગુજરાતમાં ઔદ્યોગિક સલામતી વ્યવસ્થા સદંતર નિષ્ફળ ગઈ છે. ઔદ્યોગિક સલામતી માટેના નીતિ નિયમોને નેવે મૂકાતા શ્રમિકોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ઈન્સ્પેક્શનના નામે ચાલતા હપ્તારાજને પગલે ફેક્ટરી અકસ્માતોમાં 121 શ્રમિકોના મોત સાથે ગુજરાત સમગ્ર દેશમાં મૃત્યુદરમાં ટોચ પર પહોંચ્યું છે.




રાજ્યમાં હાલ 31,500 ફેક્ટરીઓ કાર્યરત છે, જેમાં અંદાજે 16.93 લાખ શ્રમિકો કામ કરી રહ્યા છે. શ્રમિકોના રાત-દિવસના શ્રમને કારણે જ ગુજરાતના પેટ્રોકેમિકલ, સિરામિક, હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગો ધમધમી રહ્યા છે. જો કે, મેન્યુફેક્ચરિંગ અને કેમિકલના મોટા ક્લસ્ટર્સ ધરાવતા ગુજરાતમાં ફેક્ટરી ઈન્સ્પેક્શનની પ્રક્રિયા માત્ર કાગળ ઉપર જ સીમિત રહી ગઈ છે. ભ્રષ્ટાચાર અને હપ્તારાજની નીતિના કારણે નિર્દોષ શ્રમિકો ગમખ્વાર દુર્ઘટનાઓનો ભોગ બની રહ્યા છે. માનવ જિંદગીને જોખમમાં મૂકતા ગેરકાયદે ઔદ્યોગિક અને કેમિકલ એકમો સરકારના આશીર્વાદથી ધમધોકાર ચાલી રહ્યા છે. એટલું જ નહીં, ચૂંટણી ફંડમાં કરોડો રૂપિયાના વ્યવહારોના કારણે તંત્ર આ એકમો સામે કડક પગલાં ભરવાનું ટાળે છે તેવો આક્ષેપ થઈ રહ્યો છે.

દરેકે મોટી દુર્ઘટના બાદ સરકાર કેમ! ભીનું સંકેલી લે છે તેવા સવાલો પણ ઉઠ્યા છે. અનેક કંપનીઓમાં ફાયર સેફટી કે અન્ય સુરક્ષાના પૂરતા સાધનો નથી. ફાયર! અને પ્રદૂષણ નિયંત્રણ તંત્રના અધિકારીઓ દુર્ઘટના બાદ માત્ર દેખાવ પૂરતી કામગીરી કરે છે અને ફરી હપ્તાઓ લઈ ઘોર નિદ્રામાં સરી પડે છે. જ્યારે પણ કોઈ નિદીષ શ્રમિક જાન ગુમાવે છે, ત્યારે સરકાર મૃતકના પરિવારજનોને બે-ચાર લાખ રૂપિયાની સહાય આપીને સંતોષ માની લે છે.

# શેરબજારના નામે સીએ દંપતીએ સગા મામા સાથે 10 કરોડથી વધુની ઠગાઈ આચરી

**અમદાવાદ**

જગતપુર અને ગાંધીનગરમાં CA ફર્મ ચલાવતા જવલીન નાયક અને તેની પત્ની બોસકી નાયકે આયોજનપૂર્વક પોતાના કૌટુંબિક મામા કૌશલ નાયક પાસેથી 5.91 કરોડ અને તેમના અન્ય સંબંધીઓ પાસેથી 4.44 કરોડ ખંખેરી લીધા હતા. આમ, કુલ 10.36 કરોડથી વધુ રકમ પડાવીને આ ઠગ દંપતીએ મોટી છેતરપિંડી આચરી હતી. ફરિયાદી કૌશલ નાયકે પોતાની દીકરીના યુએસએના વિઝા મેળવવા માટે આરોપીઓ પાસે પોતાના રૂપિયા પરત માંગ્યા હતા. આરોપીઓએ રૂપિયા આપવાના બદલે ફરિયાદીના બેંક એકાઉન્ટમાં 50 લાખ જમા કરાવ્યા હોવાની એક બોગસ બેંક સ્લીપ પકડાવી દીધી હતી.

# ખેરામાં પ્રેમસંબંધની શંકામાં યુવકના પિતાનું અપહરણ કરી ઢોર માર માર્યો

## છોડાવવા માટે ગયેલી પોલીસ ટીમ પર પથ્થરમારો કરાયો

**અમરેલી**

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખેરા ગામમાં પ્રેમસંબંધની શંકાના આધારે એક યુવકના પિતાનું અપહરણ કરી તેને ઝાડ સાથે બાંધીને માર મારવામાં આવ્યો હતો. આટલું જ નહીં, ભોગ બનનારને છોડાવવા પહોંચેલી પીપાવાવ મરીન પોલીસની ટીમ પર પણ ઉશ્કેરાયેલા ટોળાએ પથ્થરમારો અને લાકડીઓ વડે હુમલો કરી દીધો હતો.

આ સમગ્ર વિવાદની શરૂઆત પ્રેમસંબંધની આશંકાથી થઈ હતી. ખેરા ગામના દેવશી ગુજરિયાના પુત્રને એક યુવતી સાથે પ્રેમસંબંધ હોવાની આશંકા યુવતીના પરિવારજનોને હતી. તેને એવી શંકા હતી કે દેવશીનો પુત્ર જ યુવતીને ભગાડી ગયો છે. આ બાબતની અદાવત રાખીને કેટલાક ઈસમોએ દેવશીનું હિંડોરણા ખાતેથી અપહરણ કરી લીધું હતું.

અપહરણ કર્યા બાદ આરોપીઓ યુવકના પિતાને ખેરા ગામની સીમમાં લઈ ગયા હતા. ત્યાં તેને ઝાડ સાથે દોરડાથી બાંધી દીધા હતા અને પુરુષો તેમજ મહિલાઓ સહિતના ટોળાએ તેમને બેફામ માર મારવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન પીપાવાવ મરીન પોલીસને ઘટનાની બાતમી મળતા જ પોલીસ સહિતની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે સમયસૂચકતા વાપરીને દેવશીને અપહરણકર્તાઓની ચુંગાલમાંથી મુક્ત કરાવ્યા હતા.

પોલીસે દેવશીભાઈને છોડાવ્યા બાદ ઉશ્કેરાયેલા ટોળાને શાંત પાડવાનો અને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ કાયદાનો કોઈ ડર ન હોય તેમ આરોપીઓના ટોળાએ પોલીસ ટીમ પર જ હુમલો કરી દીધો હતો. ટોળાએ પોલીસ કર્મચારીઓ પર પથ્થરમારો કર્યો હતો અને લાકડાના ધોકા વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં પીએસઆઈ સહિત કેટલાક પોલીસકર્મીઓ ઈજાગ્રસ્ત થયા હતા. તેને તાત્કાલિક સારવાર અર્થે રાજુલાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# પારડીમાં છરીના 10 ઘા ઝીંકી દેવાતાં રાજકોટની પરિણીતાનું મોત

**રાજકોટ**

કોઠારીયા સોલવન્ટ પાસેના રસુલપરામાં રહેતી જુબેદા અયુબને ચારેક દિવસ પહેલા પારડીમાં છરીના દસેક ઘા ઝીંકી દેવાયા હતા. ગંભીર રીતે ઘાયલ જુબેદાએ રાજકોટ સિવિલમાં દમ તોડતા આ બનાવ હવે હત્યામાં પલટાયો છે. આરોપી પ્રવિણ પરમાર અને તેનો પુત્ર હજુ ફરાર છે અને શાપર પોલીસ તેમની સઘન શોધખોળ કરી રહી છે.

પોલીસ તપાસ મુજબ, જુબેદાના પહેલા લગ્ન હરીકૃષ્ણ સાથે થયા હતા, જેનાથી બે સંતાનો છે. સાત વર્ષ પહેલા તેણે ટ્રક ડ્રાઈવર અયુબ સાથે બીજા લગ્ન કર્યા હતા. પારડીમાં રહેતી વખતે તેને પાડોશી પ્રવિણ સાથે સંબંધો બંધાયા હતા. જોકે, જુબેદાએ પ્રવિણને છોડીને ફરી અયુબ પાસે રસુલપરા રહેવા જતી રહી હતી. આથી ઉશ્કેરાયેલા પ્રવિણે મારી નહીં તો કોઈની નહીં તેવું વિચારીને તેના પર જીવલેણ હુમલો કર્યો હતો. જુબેદાની પુત્રી ખુશી તિવારીની ફરિયાદ પરથી પોલીસે પહેલા ખૂનની કોશિશ અને મોત બાદ ખૂનની કલમ ઉમેરી છે.

# આંગડિયા પેઢીમાં દેવું થતાં મેનેજરે બનેવી સાથે મળીને 2.31 કરોડની ઉચાપત કરી

## પેઢીના હિસાબોમાં ગરબડ જણાતાં કૌભાડ સામે આવ્યું

**ગોંડલ**

ગોંડલની આંગડીયા પેઢીના મેનેજરે પોતાનાં ઉપર દેવુ થઇ જતા બનેવીની મદદથી પેઢીમાં રૂ.૨.૩૧ કરોડની ઉચાપત કરી આથક કૌભાંડ આચરતા પોલીસ ફરિયાદ થઇ છે.

રાજકોટના જીવરાજપાર્ક વિસ્તારમાં રહેતા અને ગોંડલમાં પી.એમ. આંગડિયા પેઢી ધરાવતા ૬૭ વર્ષીય હર્ષદભાઈ બોરીયાની પેઢીમાં મયુર ઢોલ નામનો શખ્સ લાંબા સમયના વિશ્વાસના કારણે પેઢીનો તમામ આથક વહીવટ સંભાળતો હતો. મેનેજર મયુરે જૂનાગઢમાં રહેતા પોતાના બનેવી જલ્પેશ ઝાપડિયા સાથે મળીને પેઢીમાંથી કુલ ૨.૬૧ કરોડની નાણાંકીય ગેરરીતિ આચરી હતી.

ગત માસમાં મયુરે શાપર, જેતપુર અને ધોરાજીની વિવિધ બ્રાન્ચમાંથી આશરે ૧.૧૭ કરોડ ઉપાડી લીધા હતા, આ ઉપરાંત અગાઉના હિસાબના ૧.૪૪ કરોડ પણ બાકી હતા. હિસાબોમાં ગરબડ જણાતા હર્ષદભાઈએ શાપર અને જેતપુર બ્રાન્ચના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતાં. જેમાં મેનેજરનો બનેવી જલ્પેશ નાણાં ઉપાડતો જોવા મળ્યો હતો. ચોરી પકડાઈ ગયા પછી આરોપીઓએ જૂનાગઢ બ્રાન્ચમાંથી માત્ર ૩૦ લાખ પરત કર્યા હતા, પરંતુ બાકીના ૨.૩૧ કરોડ આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. જ્યારે હર્ષદભાઈએ રૂબરૂ મળીને ઉઘરાણી કરી, ત્યારે મમયુરે ધમકીભર્યા અવાજમાં કહ્યું કે, મારા પર દેણું થઈ ગયું હોવાથી મેં પૈસા લીધા છે. હવે મારી પાસે આપવા માટે કંઈ નથી, તમે આ પૈસા ભૂલી જાઓ. આ વાતચીત અને ગુનાની કબૂલાતનું માલિકની દીકરીએ પોતાના મોબાઈલમાં વીડિયો રેકોડગ કરી લીધું હતું. નાણાં પરત ન મળતા આખરે હર્ષદભાઈ બોરીયાએ ગોંડલ સિટી પોલીસ સ્ટેશનમાં મેનેજર મયુર ઢોલ અને તેના બનેવી જલ્પેશ ઝાપડિયા વિરૂધ્ધ છેતરપિંડી તથા વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે.

Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West): 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 MON-FRI : 11.00 AM to 7.00 PM SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough: 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 MON-THU : 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab: 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER MON - FRI : 10 AM TO 7 PM SAT-SUN : 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By Sabir Daroga, Mevada Piyush, Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગીર પાસે ચાલતા ગેરકાયદે રિસોર્ટ-હોટેલો મુદ્દે PIL થતાં બફર ઝોનમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવા આદેશ

### હાઈકોર્ટે સરકારને વન્યજીવો-માનવ સંઘર્ષના મુદ્દે વધુ સંવેદનશીલ થવા સૂચના આપી

**ગીર**

ગુજરાત હાઈકોર્ટમાં સિંહોના સંરક્ષણ અને ગીર સરહદે ચાલતા ગેરકાયદે રિસોર્ટ-હોટેલો અંગેની સુઓમોટો અરજી પર મહત્ત્વપૂર્ણ સુનાવણી હાથ ધરાઈ હતી. ચીફ જસ્ટિસની ખંડપીઠ સમક્ષ સુનાવણી દરમિયાન અમરેલી, ગીર-સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના કલેક્ટરો દ્વારા વ્યક્તિગત સોગંદનામા રજૂ કરવામાં આવ્યા હતા. આ સોગંદનામામાં ગીર વિસ્તારમાં ચાલતા હોસ્પિટાલિટી યુનિટ્સમાં વ્યાપક સ્તરે કાયદાકીય ગેરરીતિઓ થતી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે વલણ અપનાવતા ટકોર કરી હતી કે, "બફર ઝોનમાં પબ્લિકનો પ્રવેશ પ્રાણીઓ માટે જોખમી છે, તેથી ત્યાં લોકોના પ્રવેશ પર સદંતર પ્રતિબંધ મૂકવો જરૂરી છે. એશિયાટિક સિંહ આપણું ગૌરવ છે."

અદાલત મિત્ર (એમિકસ ક્યુરી) દ્વારા કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું કે, તાજેતરમાં જ એક ગ્રામવાસી યુવક પર સિંહે કરેલા હુમલાની ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. આ બાબતને ગંભીરતાથી લઈને હાઈકોર્ટે રાજ્ય સરકારને વન્યજીવો અને માનવ સંઘર્ષના મુદ્દે વધુ 'સંવેદનશીલ' થવા કડક સૂચના આપી હતી. હાઈકોર્ટમાં રજૂ થયેલા સરકારી અહેવાલ મુજબ ત્રણેય જિલ્લામાં મોટા પાયે(રિસોર્ટ, હોટેલ અને હોમ સ્ટે નિયમો વિરુદ્ધ ચાલતા હોવાનું સામે આવ્યું છે.

# કોવાયા ગામમાં સિંહણે યુવકને ફાડી ખાધો, ખોપરીના અવશેષો મળી આવ્યા

**અમરેલી**

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાંથી ચોંકાવનારી અને કંપારી છૂટી જાય તેવી ઘટના સામે આવી છે. કોવાયા ગામ નજીક એક સિંહણે માનવ શિકાર કર્યો હોવાની ઘટનાથી સમગ્ર પંથકમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. કોવાયા ગામ નજીક આવેલા TPP પાવર પ્લાન્ટની સામે ઘટી હતી. અહીં આવેલી એક રેસ્ટોરન્ટમાં કામ કરતા અને મૂળ ઉત્તરાખંડના વતની પ્રકાશ ચંદ્ર નામના યુવક પર અચાનક એક સિંહણે હિંસક હુમલો કર્યો હતો. મોડી રાત્રે પોતાના વતન નીકળેલા યુવકને સિંહણે ખેંચીને સીમ વિસ્તારમાં લઈ ગઈ હતી અને તેને ફાડી ખાધો હતો.

સિંહણના હુમલાનો ભોગ બનેલા યુવકની માત્ર ખોપડી અને શરીરના કેટલાક અવશેષો જ મળી આવ્યા હતા, આ ઘટનાને લઈને વનવિભાગ અને પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે કારણ કે છેલ્લા માત્ર 5 જ દિવસમાં સિંહના હુમલાની આ બીજી ઘટના છે, જેમાં 2 માનવ જિંદગીઓ સિંહોના શિકારમાં હોમાઈ ગઈ છે.

# દરિયાના પાણી ઘોઘામાં ગામમાં ઘૂસ્યા કબ્રસ્તાન ધોવાતાં કંકાલ બહાર નીકળ્યા

### સંરક્ષણ દિવાલની મરામત નહીં થતા સમસ્યા સર્જાઈ

**ભાવનગર**

જિલ્લાના ઘોઘા ગામ ખાતે આજે દરિયાના પાણી ગામમાં ઘૂસી ગયા હતા. વરસાદનું એક ટીપું પણ ન પડ્યું હોવા છતાં ઘોઘાના અનેક વિસ્તારોમાં ગોઠણડૂબ પાણી ભરાઈ ગયા હતા. આ પરિસ્થિતિ પાછળનું મુખ્ય કારણ દરિયાનો વધતો પ્રકોપ અને તૂટેલી દરિયાઈ રક્ષક દીવાલ છે. દરિયાકાંઠે આવેલી આ રક્ષક દીવાલ છેલ્લા ૩૦ વર્ષથી અત્યંત બિસ્માર અને તૂટેલી હાલતમાં પડી છે. સ્થાનિક ગ્રામજનો દ્વારા આ અંગે વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, સરકારી તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નથી. પરિણામે, દરિયો હવે પોતાની સીમાઓ ઓળંગીને સતત ગામ તરફ આગળ વધી રહ્યો છે.

ફરી એકવાર ભારે ભરતી અને દરિયાના પ્રચંડ કરંટના કારણે ખારું પાણી ઘોઘાના કિનારાના રહેણાંક વિસ્તારોમાં ઘુસી આવ્યું હતું. ગામના અનેક નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા, જેને કારણે સ્થાનિક લોકોમાં ભારે ભય અને ચિંતાનો માહોલ છવાઈ ગયો હતો.

# અમદાવાદના પિતા-પુત્રએ સસ્તો માલ ખરીદવાની લાલચે યુવતી સાથે રૂ. 95.53 લાખની ઠગાઈ કરી

### અમદાવાદનો મોલ બંધ થવાનો છે, તેમ કહી નફો મેળવવાની લાલચ આપી હતી

**ભાવનગર**

શહેરના નવાપરા પારસીની અગિયારી પાસે આવેલ પ્રાઈમ ફ્લેટમાં રહેતા ગુલશનબેન હસનભાઈ શ્રીમાળીના સગા કાકાનો દિકરો યુનુસભાઈ સુલેમાનભાઈ શ્રીમાળી જે અમદાવાદ શહેરમાં અનાજ કરીયાણુ તેમજ અન્ય તમામ ચીજવસ્તુઓનો મોલ ચલાવતો હોય અને રીલાયન્સના વેરહાઉસનુ માલ ખરીદવાનુ લાયસન્સ છે. તેવુ ગુલશનબેનને જણાવી અને ગુલશનબેનના ઘરે આવી કહ્યું કે, અમદાવાદ શહેરમાં મોલો બંધ થવાના હોય જે મોલનો માલ સામાન સસ્તા ભાવે મળતો હોય જેનો માલ ખરીદ કરી ઉંચા ભાવે વેચી નફો મેળવવા માટે વધુ માલ લેવા માટે મારે વધારે પૈસાની જરૂરીયાત હોય મારી પાસે હાલ પૈસા નથી તમો તમારી પાસે રહેલા પૈસા આપો જેથી માલ ખરીદી શકુ અને તેમાથી મળતો નફો તમને આપીશ જેવી લાલચ આપી અલગ-અલગ સમયે પૈસાની માંગણી કરતા ગુલશનબેનએ યુનુસને કટક-કટકે અલગ-અલગ તારીખે અલગ-અલગ મળી કુલ 1.04 કરોડ આપ્યા હતા. જે પૈકી પિતા-પુત્રએ ગુલશંબેનને રૂ.૭.૪૦ લાખ આપ્યા હતા અને બાકીના રૂ.૯૫.૫૩ લાખ ગુલશનબેનને પરત આપતા ન હોય અને ગુલશંબેન રૂબરૂ તેના ઘરે અમદાવાદ ખાતે આ પૈસાની ઉઘરાણી માટે ગયેલ ત્યારે તેને ગાળો આપી મારી નાખવાની તેમજ ગુલશંબેનના દિકરા ફયાનના ટાંટીયા ભાગી નાખવાની ધમકી આપી પિતા-પુત્રએ ગુલાશંબેન સાથે વિશ્વાસઘાત કર્યો હતો.

# જસદણના કોઠી ગામે પ્રેમીએ પરિણીતાની ગળું દબાવી હત્યા કરી, લાશ ઝાડ પર લટકાવી દીધી

### રાત્રે પ્રેમીને મળવા ગઇ, પાછી આવતાં પતિ જાગી જતાં ફરી પ્રેમી પાસે જતાં મોત મળ્યું

**રાજકોટ**

જસદણ નજીકના કોઠી ગામે રામાપીરના મંદિર સામે કેળાના ઝાડ પર લટકતી કાજલ યોગેશભાઈ સાપરા નામની ૨૩ વર્ષની પરિણીતાની લાશ મળી આવી હતી. જે અંગે ગામના સરપંચ વલ્લભભાઈ સોલંકીએ જસદણ પોલીસને જાણ કરતાં પીઆઇ જે.પી.ગોસાઈ સ્ટાફના માણસો સાથે સ્થળ પર દોડી ગયા હતા. આખરે કાજલના મોબાઈલની કોલ ડીટેઈલ અને હ્યુમન સોર્સિસની મદદથી તેની હત્યા થયાનું સ્પષ્ટ થયું હતું. કોઠી ગામમાં રહેતા અશોકની પોલીસે અટકાયત કરી હતી. તેની પુછપરછમાં એવી વિગત ખુલી છે કે, કાજલ, તેનો પતિ યોગેશ, સાસુ હંસાબેન અને ભત્રીજી શ્રદ્ધા મકાનની બહાર સુઇ ગયા હતા. ત્યારબાદ કાજલ પતિને ઊંઘતો રાખી પોતાના મકાનથી થોડે દૂર બંધ મકાનમાં રાહ જોતાં પ્રેમી અશોકને મળવા ગઇ હતી. મધરાત્રે અઢી વાગ્યે તેના પતિની ઊંઘ ઉડી જતાં શોધખોળ શરૂ કરી હતી.

બીજી તરફ કાજલ મધરાત્રે પ્રેમીને મળી ઘરે જતી હતી ત્યારે પતિ સહિતના પરિવારજનો શોધખોળ કરતાં હોવાની જાણ થતાં ગભરાઈ ગઈ હતી. તત્કાળ પ્રેમી અશોક પાસે પરત ફરી હતી અને તેને કહ્યું કે, હવે હું ઘરે પાછી નહીં જાઉ, મને તું તારી સાથે લઈ જા. આ બાબતે બંને વચ્ચે ઝઘડો થતાં કાજલે બૂમાબૂમ શરૂ કરી હતી. તે સાથે જ પ્રેમી અશોકે તેનો અવાજ દબાવવા તેના મોઢામાં કાગળનો ડૂચો ભરાવી દીધો હતો. જેને કારણે કાજલનો શ્વાસ રૂંધાઈ જતાં અર્ધબેભાન જેવી બની જતાં ગળું દબાવી તેને શાંત પાડી દીધી હતી.

# જોડીયામાં જમીનના રસ્તા મુદ્દે પડોશીનો ખેડૂત પર કુહાડી અને લાકડીથી હુમલો

**જોડીયા**

જોડીયાના લક્ષ્મીપરા સ્થિત સરદાર સોસાયટીમાં રહેતા અને ખેતીકામ સાથે સંકળાયેલા નરભેરામભાઈ પ્રેમજીભાઈ ભીમાણી પોતાની પત્ની ચંદ્રિકાબેન સાથે વાડીમાં ખેતીકામ કરી રહ્યા હતા. દરમિયાન ચા પીવા માટે તેઓ વાડીના ઓરડા પાસે ગયા હતા. તે સમયે નજીકની વાડીમાં ખેતી કરતા નિલેશભાઈ હંસરાજભાઈ કુંડારિયા અને તેમની પત્ની સાથે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી. ફરિયાદી ચંદ્રિકાબેનના જણાવ્યા મુજબ રાડારાડીના અવાજ સાંભળી તેઓ સ્થળ પર પહોંચ્યા ત્યારે નિલેશભાઈના હાથમાં કુહાડી અને તેમની પત્નીના હાથમાં લાકડી હતી, જ્યારે તેમના પતિ જમીન પર લોહીલુહાણ હાલતમાં પડેલા હતા. હુમલામાં નરભેરામભાઈને માથાના ભાગે, ડાબા પગમાં તથા જમણા હાથના બાવડાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલા બાદ આરોપીએ નાળિયેરીના પાંદડાંને લઈને વિવાદ થયો હોવાનું જણાવતાં જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. સમગ્ર બનાવ અંગે જોડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસે આરોપી નિલેશભાઈ કુંડારિયા અને તેમની પત્ની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈબોલાગ્રસ્ત ડીઆર કોંગોમાં ફસાયેલા ભુજનાં પ્રોફેસરને સરકાર વતન પરત લાવી

**ભુજ**

ડૉ. અમીન સમા 15 મે, 2026ના રોજ કિગાલી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ મારફતે રવાંડા પહોંચ્યા હતા. તેઓ બાળપણના મિત્રને મળવા કાયદેસર રીતે ડીઆરસીના ગોમા શહેરમાં પ્રવેશ્યા હતા. માત્ર બે દિવસ બાદ ઈબોલા ફાટી નીકળવાની આશંકાને ધ્યાનમાં રાખીને રવાંડા સરકારે ડીઆરસી સાથેની સરહદ બંધ કરી દેતાં કિગાલી આવી શક્યા નહોતા. ગુજરાત સરકારના એનઆરઆઈ ડિવિઝનની ગુજરાત રાજ્ય બિનનિવાસી ગુજરાતી ફાઉન્ડેશને દિલ્હી સ્થિત અધિકારીઓ અને ભારતીય દૂતાવાસ સાથે સતત સંપર્ક સાંધી 17 જૂને ડૉ. ભારત પરત ફરવા માટે જરૂરી મંજૂરીઓ મળતાં હવે 18 જૂનના રોજ વતન વાપસીનો માર્ગ મોકળો બન્યો હતો.

# ભાજપમાં જૂથબંધી, ધારાસભ્યએ કહ્યું, મને કહેશો તો હું અત્યારે રાજીનામું ધરી દઈશ

### તાલાલાના ભાજપ ધારાસભ્ય ભગા બારડે ઉભરો ઠાલવ્યો


**ગીર સોમનાથ**

બાદલપરામાં એક જાહેર સમારોહમાં તાલાલાના ભાજપના ધારાસભ્ય ભગા બારડે જાહેરમાં અસંતોષ વ્યક્ત કર્યો હતો. ભાજપની આંતરિક જૂથબંધી સામે અસંતોષ વ્યક્ત કરતાં કહ્યું કે, 'જો અહીં બેઠેલાં લોકો મને કહેશે તો, હું અત્યારે જ ધારાસભ્યપદેથી રાજીનામું આપી દઈશ.' ટૂંકમાં ધારાસભ્યનો દબાયેલો અસંતોષ જાહેરમાં ફાટી નીકળ્યો હતો. તેમણે નામ લીધા વિના ભાજપના ટોચના નેતૃત્વ અને વહીવટી તંત્ર સામે સીધો મોરચો માંડ્યો છે. ભાજપમાં આંતરિક જૂથબંધી ચરમસિમાએ છે. આંતરકલહ એટલી હદે વકર્યો છેકે, ભાજપના ધારાસભ્યોના કામોમાં પણ ભાજપના જ લોકો અડચણ ઊભી કરી રહ્યાં છે. ત્યારે ગીર સોમનાથ જિલ્લાના બાદલપરા ગામ ખાતે રાજ્યસભાના સાંસદ માનસિંહ પરમારના સન્માન સમારોહમાં ધારાસભ્ય ભગા બારડે સમર્થકોની હાજરીમાં એવો આક્રોશ ઠાલવ્યો કે, 'સરકારમાં મારા કામ થવા દેવામાં આવતા નથી. જાણીજોઈને બધા જ કામો અટકાવી દેવામાં આવે છે.'

# રાજુલામાં કુદરતનો કરિશ્મા: સિંહણ સાથે કૂવામાં 5 કલાક સુધી રહ્યો શ્વાન, છતાં બચી ગયો

**ભુજ**

ખાંભલીયા પાસે એક સિંહણ શિકારની શોધમાં હતી. આ દરમિયાન તેની નજર એક શ્વાન પર પડતાં સિંહણ તેનો પીછો કરવા લાગી હતી. શ્વાન પોતાનો જીવ બચાવવા માટે દોડતો-દોડતો અચાનક ખેતરમાં આવેલા ખુલ્લા અને પાણી વગરના 50 ફૂટ ઊંડા કૂવામાં પડી ગયો હતો. શ્વાનની પાછળ દોડતી સિંહણ પણ અંધારામાં પરિસ્થિતિનો અંદાજ ન આવતા કૂવામાં ખાબકી હતી. કૂવામાં પડ્યા બાદ લગભગ પાંચ કલાક સુધી સિંહણ અને શ્વાન એકસાથે રહ્યા હતા. સિંહણ પોતાનો જીવ બચાવવાની મથામણમાં એટલી વ્યસ્ત હતી કે તેણે શ્વાન તરફ જોયું ન હતું. આમ, શિકાર અને શિકારી એક જ કૂવામાં હોવા છતાં બંને વચ્ચે કોઈ સંઘર્ષ થયો ન હતો.



## ચાંદની બારની સીક્વલમાં કેટરીનાની એન્ટ્રી થઈ શકે

મુંબઈ: રૂપેરી પડદાથી લાંબો સમય દૂર રહ્યા પછી કેટરીના કૈફ મહત્વની ભૂમિકા સાથે વાપસીની તૈયારી કરી રહી છે. અહેવાલો મુજબ કેટરીના મધુર ભંડારકરની પ્રશંસિત ૨૦૦૧ની ફિલ્મ 'ચાંદની બાર'ની સીક્વલ માટે વાટાઘાટ કરી રહી છે. અજય બહલ દિગ્દર્શિત આ ફિલ્મમાં તબ્બુની પણ મહત્વની ભૂમિકા રહેશે. સત્તાવાર જાહેરાત ન થઈ હોવા છતાં ફિલ્મ માટે કેટરીનાનું નામ સામે આવતા તેના ચાહકોમાં  ઉત્કંઠા જાગી છે. હજુ થોડા દિવસો પહેલાં એવા અહેવાલ હતા કે ગયાં વર્ષે માતા બની ચૂકેલી કેટરિના પુનરાગમન માટે કોઈ સારો ઓટીટી પ્રોજેક્ટ શોધી રહી છે.



સ્વદેશ


FRIDAY, 19 JUNE 2026

## અરિજિત બાદ પ્રીતમનો પણ નિવૃત્તિ લેવાનો સંકેત



મુંબઈ : ૧૪ જુને ૫૫ વર્ષ પુરાં કર્યાં તે નિમિત્તે ગાયત-સંગીતકાર પ્રિતમે ચાહકોનો આભાર માનતી પોસ્ટ સોશ્યલ મિડિયા પર પોસ્ટ કરી તેના પગલે એવી અટકળોએ જોર પકડયુ છે કે પ્રિતમ પણ અરિજિતના પગલે ચાલીને ફિલ્મસંગીતની દુનિયાને રામ રામ કરી દેશે. પોતાના જન્મદિવસે પ્રિતમે લાંબી પોસ્ટ મુકી જણાવ્યું હતું કે હવે જીવનના આગામી વર્ષો તે અલગ તબક્કામાં ગુજારવા માંગે છે. તેણે ઉમેર્યું હતું કે હું દરેકને વ્યક્તિગત જવાબ આપી શકું તેમ નથી પણ હું દિલથી તમારો આભાર માનું છું. આજે મેં નક્કી કર્યું છે કે મારા જીવનના થોડા વર્ષો અલગ રીતે જીવવાની ભેટ મારી જાતને આપવી. હું જે રહી ગયું છે તે હાંસલ કરવા માંગું છું. મારો આ નવો પ્રવાસ વર્ષો સુધી મુલત્વી રહ્યો છે. મુખ્યધારામાં મારો પ્રવાસ જબરદસ્ત રહ્યો છે.

## 22 વર્ષની ટીવી એક્ટ્રેસ સંચિતા ઉગલેનો ગળેફાંસો ખાઈ આપઘાત



મુંબઈ : 'કુમકુમ ભાગ્ય' સહિતની ટીવી સિરિયલોથી જાણીતી ૨૨ વર્ષીય એક્ટ્રેસ સંચિતા ઉગલેએ મુંબઈ પાસેના નાલાસોપારા ખાતે પોતાના ઘરે રવિવારે રાતે ગળેફાંસો લગાવી આત્મહત્યા કરી લેતાં સમગ્ર મનોરંજન ઉદ્યોગમાં ખળભળાટ મચી ગયો છે. યોગાનુયોગે  ટીવી સ્ટાર તરીકે જ કારકિર્દી શરુ કર્યા બાદ ફિલ્મોમાં સ્થાન જમાવનારા એક્ટર સુશાંત સિંહ રાજપૂતે પણ ૨૦૨૦માં ૧૪મી જૂને જ આપઘાત કર્યો હતો. સંચિતાએ આપઘાત માટે આ જ દિવસ પસંદ કરતાં અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે.  સંચિતા ટૂંકા સમયમાં ટીવી સિરિયલોમાં લોકપ્રિય બની ગઈ હતી. 'કુમકુમ ભાગ્ય' સિરિયલમાં દિયા ટંડન નામનું તેનું પાત્ર વિશેષ કરીને લોકપ્રિય હતું. એ ઉપરાંત 'વાગલે કી દુનિયા', 'દિલવાલે દુલ્લા લે જાયેંગે' સિરિયલોએ તેને ઘર-ઘરમાં જાણીતી બનાવી હતી. ઓટીટીથી પરથી મોટા પડદા પરની તેની સફર શરૂ થઈ હતી.

# કિયારા અડવાનીની માતૃત્વ વિશેની સમજણ જાણવા જેવી ખરી!



**'તમે પ્રેગ્નન્ટ હો એટલે કોઈ દેવી બની જાવ અને જેવો તમે બાળકને જન્મ આપો કે તરત લોકો એવી અપેક્ષા રાખવા માંડે કે તમારું બોડી તરત શેપમાં આવી જાય. ત્યારે જ દરેક મહિલાને સૌથી વધુ સપોર્ટની જરૂર પડે છે.'**

સ્ટારકિડ્સની જેમ કિયારા અડવાનીને ફિલ્મોમાં તાસક પર બ્રેક નથી મળ્યો. એ જ રીતે એને બોલિવુડમાં સફળતા પણ રાતોરાત નથી મળી. સફળ થવા એણે સંઘર્ષ કરવો પડયો છે. એટલે જ એક્ટ્રેસ 'કબીર સિંઘ' અને 'શેરશાહ' જેવી સુપરહિટ અને હિટ ફિલ્મો આપ્યા બાદ પણ છકી જવાને બદલે નમ્ર અને વિવેકી રહી શકી છે. કિયારા પોતાની સ્ટ્રગલને એક પ્રકારના આશીર્વાદ જ માને છે.

હેન્ડસમ એક્ટર સિદ્ધાર્થ મલ્હોત્રાને પરણ્યા બાદ એક બેબીની મમ્મી બની ચુકેલી કિયારાએ હમણાં એક સ્પોન્સર્ડ પ્રોગ્રામમાં પોતાના પડકારો, પ્રગતિ અને જીવનની નિર્ણાયક પળો વિશે વાત કરી, પરંતુ એ બધામાં અભિનેત્રીના માતૃત્વ અને પ્રસૂતિ બાદના જીવન વિશેના વિચારોએ સૌને પ્રભાવિત કર્યા. નવી નવી મમ્મી બનેલી સ્ત્રીઓ જે અંધાધૂંધ લાગણીઓ અનુભવે છે એનાથી લઈને એમના પર પોતાના પ્રોફેશનમાં પાછા ફરવાનું જે પ્રેશર રહે છે એ વિશે કિયારાએ સરળ શબ્દોમાં ઘણી બધી વાસ્તવિકતા બયાન કરી.

મને ઈન્ડસ્ટ્રીમાં આવ્યા બાદ મારી પહેલી મૂવી મળી ત્યારે લાગ્યું કે ચલો, આપણું કામ થઈ ગયું. પરંતુ પછી બહુ જલદી સમજાઈ ગયું કે અહીંયા દર શુક્રવારે તમને જુદુ પરિણામ જોવા મળે છે. ચર્ચગેટની જયહિન્દ કોલેજમાં મારા કોમ્યુનિકેશનમાં ગ્રેજ્યુએશન કરનાર ૩૫ વરસની કિયારા પોતાના વિચારો અને મંતવ્યો સ્પષ્ટપણે રજુ કરી શકે છે. એટલે એને પૂછાયું કે ૧૨ વરસના કરિઅરમાં તે ક્યારેય નર્વસનેસ અનુભવી છે? ક્યારેય તારો આત્મવિશ્વાસ ડગમગ્યો છે ખરો? જવાબમાં શ્રીમતી મલ્હોત્રાએ કબુલ્યુ, 'હું તો આજે પણ નર્વસ થઈ જાવ છું. તમે ગમે એટલી મોટી ફિલ્મ કરતા હો કે તમને ડ્રીમ રોલ મળ્યો હોય પણ અંતે તો તમે મૂવી દર્શકો માટે જ બનાવો છો. એટલે તમે ઈચ્છો છો કે દર્શકો તમારી ફિલ્મ જુએ અને વખાણે. તમારે ઓડિયન્સના વેલિડેશન (માન્યતા) વિના નથી ચાલવાનું. કેટલાક એકટર્સ કહે છે કે અમારે ઓડિયંસની માન્યતાની જરૂર નથી. પરંતુ એ વાતમાં દમ નથી. તમે મૂવી ઓડિયન્સ માટે જ બનાવો છો એટલે એમના સ્વીકારની તમને જરૂર તો રહેવાની જ. એથી જ દર શુક્રવારે ફિલ્મ રિલિઝ થાય ત્યારે એની સાથે જોડાયેલા લોકો મુંઝવણ અનુભવે છે.' ત્યાર પછીના સંવાદમાં કિયારા સમક્ષ એક પ્રસ્તાવ મુકાય છે, 'મેડમ, તમારી પુત્રી સરાયા હવે ૧૦ મહિનાની થઈ ગઈ છે. બધા માતૃત્વ સાથે જોડાયેલા અસીમ આનંદની વાતો કરે છે પણ બહુ ઓછા એની સાથે જોડાયેલી અફરાતફરી વિશે બોલે છે.  હું મમ્મી બની ચુકેલી મારી ઘણી ફ્રેન્ડ્સને ફરિયાદ કરું છું કે તમે બધાએ મને આ માટે સજ્જ કેમ ન કરી? પરંતુ મનમાં હુંય જાણું છું કે દરેક માટે માતૃત્વ એક વ્યક્તિગત યાત્રા છે. કોઈ તમને કેટલો ગિલ્ટ (અપરાધ-ભાવ) અનુભવશો, તમારી અંદર અને બહાર કેટલી અંધાધૂધી સર્જાશે એ નહિ કહે. શરૂઆતમાં, મા બનનાર દરેક સ્ત્રી આંતરિક અફરાતફરી અનુભવે છે કારણ કે એનામાં ઘણાં શારીરિક ફેરફારો થાય છે. એના હોર્મોન્સ કક્કડભૂસ થાય છે અને મગજમાં ઉથલપાથલ થાય છે. તમારી આખી લાઈફ બદલાઈ જાય છે. મને નથી લાગતું કે લાઈફમાં બદલાવનો માતૃત્વ કરતા બીજો કોઈ સચોટ દાખલો હોય. કુદરતે જ આવી ગોઠવણ કરી છે. પિતા બન્યા બાદ પુરુષના જીવનમાં પણ પરિવર્તન આવે છે, પરંતુ સ્ત્રી જેટલો મોટો બદલાવ નથી હોતો. એટલા માટે સ્ત્રી જ બાળકની પોષક છે. બાળક એના ગર્ભમાં જ આકાર લે છે, એને જન્મ પણ મા આપે છે અને એને સ્તનપાન પણ મા જ કરાવે છે. એટલે જ હું કહું છું કે બાળકના જીવનમાં એની માનું પ્રદાન સૌથી મોટું હોય છે.' મજાની વાત એ છે કે એક્ટ્રેસ પ્રેગનન્ટ થાય એટલે બધા એના રૂપના વખાણ કરતા થાકતા નથી, ઓ માય ગોડ! તારું રુપ કેટલું ખીલ્યું છે? એ જ લોકો બાળકના જન્મ બાદ અંદરોઅંદર ગુસપુસ શરૂ કરી દે છે, અભી મોટી હો ગઈ હે, થોડી ઐસી થોડી વૈસી લગ રહી હે. તમે પ્રેગ્નન્ટ હો એટલે કોઈ દેવી બની જાવ અને જેવો તમે બાળકને જન્મ આપો કે તરત લોકો એવી અપેક્ષા રાખવા માંડે કે તમારું બોડી તરત શેપમાં આવી જાય.

# 'ક્લાઈમેટ ચેન્જ માટે પુરુષો જવાબદાર છે...' દિયા મિર્ઝાના નિવેદનથી હોબાળો!

સોહા અલી ખાનના એક પોડકાસ્ટમાં જાણીતી અભિનેત્રી અને પર્યાવરણ કાર્યકર દિયા મિર્ઝાએ ક્લાઈમેટ ચેન્જ માટે પુરુષો અને પિતૃસત્તાક સમાજને જવાબદાર ઠેરવ્યો છે. આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર તે ભારે ટીકાનો ભોગ બની છે. હાલ ઈન્ટરનેટ પર એક વર્ગ તેને જોરદાર ટ્રોલ કરી રહ્યો છે, તો બીજો વર્ગ તેના સમર્થનમાં ઊભો છે. ચાલો સમજીએ કે આખો વિવાદ શું છે.

આ વિવાદ સોહા અલી ખાનના પોડકાસ્ટની એક વીડિયો ક્લિપ વાયરલ થવાથી શરૂ થયો, જેમાં દિયા મિર્ઝા પર્યાવરણના બગડતા સંતુલન વિશે વાત કરી રહી છે. આ વીડિયોમાં તેણે કહ્યું હતું કે 'આ દુનિયામાં આબોહવા પરિવર્તન પુરુષો દ્વારા જ થયું છે. આ અરાજકતા માટે સંપૂર્ણપણે પિતૃસત્તા (Patriarchy) જવાબદાર છે.' તમને જણાવી દઈએ કે, દિયા મિર્ઝા યુનાઈટેડ નેશન્સની એન્વાયર્મેન્ટ ગુડવિલ એમ્બેસેડર છે.





દિયાએ ક્લાઈમેટ ચેન્જ જેવી જટિલ વૈજ્ઞાનિક અને વૈશ્વિક સમસ્યાને સીધી પુરુષો અને પિતૃસત્તાક સમાજ સાથે જોડી દીધી હોવાથી લોકો તેના પર આકરા પ્રહારો કરી રહ્યા છે. યુઝર્સનું કહેવું છે કે, ક્લાઈમેટ ચેન્જ એ વૈશ્વિક સમસ્યા છે, જેમાં સરકારો, મોટી કંપનીઓ અને ઉપભોક્તા તરીકે સ્ત્રી અને પુરુષ બંને સમાન રીતે ભાગીદાર છે. આમાં માત્ર એક જ લિંગ (Gender)ને દોષિત ઠેરવવું અન્યાયી છે.

બીજી તરફ, દિયા મિર્ઝાનું સમર્થન કરનારા કે પર્યાવરણવિદોનું કહેવું છે કે, આ નિવેદનને સંદર્ભ વગર સમજવામાં આવી રહ્યું છે. દિયા કોઈ વ્યક્તિગત પુરુષ પર આરોપ નથી લગાવી રહી, પરંતુ તે પિતૃસત્તાક સમાજ વિશે વાત કરી રહી છે. સદીઓથી દુનિયાના મોટા ઉદ્યોગો, ફેક્ટરીઓ, કોર્પોરેટ લોભ અને યુદ્ધોના નિર્ણયો પુરુષપ્રધાન સત્તા દ્વારા જ લેવાયા છે. જે રીતે પિતૃસત્તાક સમાજ મહિલાઓ પર પ્રભુત્વ જમાવવાનો પ્રયત્ન કરે છે, તે જ માનસિકતા કુદરત અને પર્યાવરણના આડેધડ શોષણ માટે પણ જવાબદાર છે. આ વિશે તે ઊંડો વિચાર રજૂ કરવા માંગતી હતી.



# ॥ સંસ્કૃતિ ॥


હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

### ક્લાઈમેટ ચેન્જની અસરને પગલે એટલાન્ટિકના તળિયે વ્યાપક અને જોખમી ફેરફાર

# મહાસાગરોના પેટાળમાં 'ગ્લોબલ વોર્મિંગ'નો બોમ્બ

ઓફબીટ
ધવલ શુક્લ

૨૦૨૬ના વર્ષમાં દુનિયાના અનેક દેશોમાં ભયાનક ગરમી પડી છે. જ્યારે જે જગ્યાએ વરસાદ પડવાની શરૂઆત થઈ ગઈ છે ત્યાં પણ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધારે નોંધાઈ રહ્યું છે. આવી વૈશ્વિક સ્થિતિ વચ્ચે સંશોધકો સામે વધુ એક આપત્તિના સંકેત આવી રહ્યા છે. સંશોધકોના મતે એટલાન્ટિક મહાસાગરના પેટાળમાં ગરમીમાં વધારો થઈ રહ્યો છે. આ ગરમી મોટા પ્રમાણમાં વધી છે. નવાઈની વાત એ છે કે, મહાસાગરના પેટાળમાં ગરમી વધે છે. સામાન્ય રીતે મહાસાગરો કે દરિયાની સપાટી ગરમ થતી હોય છે પણ એટલાન્ટિકમાં પેટાળમાં ગરમીમાં વધારો થઈ રહ્યો છે.

હકીકતે યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના પ્રોફેસરે આ સ્થિતિ ઉપર સંશોધન કર્યું છે. તેમણે જણાવ્યું કે, સમુદ્રના પેટાળમાં ગરમીના કારણો હજી પૂરતા મળ્યા નથી. તેમણે પેટાળમાં નીચે ખોદકામ કરાવીને જમીનનો ટુકડો કઢાવ્યો હતો. તેના દ્વારા જ અહેવાલ મળ્યો કે પેટાળની સપાટીના તાપમાનમાં વધારો થયેલો છે. આ રેકોર્ડ ૧૧ હજાર વર્ષ બાદ આ ઘટના નોંધાઈ છે. સંશોધકોએ જણાવ્યું કે, કોઈ પણ વૈજ્ઞાનિકો અને સંશોધકોને આ વાતનો અણસાર જ નહોતો. એટલાન્ટિક મહાસાગરની ઉપરની સપાટી ખૂબ જ શાંત અને સ્થિર હોય છે. તેના કારણે સંશોધકો દ્વારા નીચે પેટાળ સુધી તપાસ કરવામાં આવી નહોતી. સંશોધકોની આ ટીમ દ્વારા થોડા સમય પહેલાં પેટાળમાંથી સેડિમેન્ટનું એક સેમ્પલ લેવામાં આવ્યું હતું. પેટાળથી અડધો માઈલ નીચે જઈને આ જમીનનો ટુકડો લેવામાં આવ્યો હતો. આ માટીમાં પ્રાચીન જીવજંતુઓના અવશેષો પણ મળી આવ્યા છે. તેની અંદર રહેલા કેમિકલ રેકોર્ડ પણ સુરક્ષિત છે. જાણકારોના મતે આ કેમિકલ રેકોર્ડ ભૂતકાળના થર્મોમીટર તરીકે કામ કરે છે. તેના દ્વારા જે-તે સમયના પાણીનું તાપમાન નોંધી શકાયું હતું. તેની તપાસ કરવા દરમિયાન ખૂબ જ ચિંતાજનક પરિણામો મળ્યા હતા.

જાણકારોના મતે આ માટીની સપાટી જ્યારે ચકાસવામાં આવી ત્યારે સમજાયું કે, ૫૭૦૦ વર્ષ પહેલાં ઊંડા પાણીના તાપમાનમાં અચાનક વધારો થવા લાગ્યો હતો. પાણીના તાપમાનનો આ વધારો સામાન્ય નહોતો. પાણીનું તાપમાન ૯ ડિગ્રી ફેરનહિટ વધી ગયું હતું. તે વધતું વધતું



૨૫૦૦ વર્ષ પહેલાં ચરમસીમાએ ગયું હતું. નવાઈની વાત એ છે કે, આ પહેલાં ક્યારેય એટલાન્ટિક મહાસાગરના પેટાળ ઉપર સંશોધન જ કરવામાં નહોતું આવ્યું. તેની સપાટી સ્થિર અને શાંત હોવાથી કોઈ ઊંડાણમાં ઉતર્યું જ નહોતું. જે-તે સમયે તાપમાન વધ્યું અને પછી ગરમી જમીનમાં ઉતરી ગઈ. તેના કોઈ નિશાન મળ્યા નથી.

નવાઈની વાત એ છે કે, આ ગરમી સપાટી ઉપર કોઈપણ અસર કર્યા વગર નીચે કેવી રીતે જતી રહી અને નીચે આટલી ગરમી હોવા છતાં તેની અસર ઉપર કેવી રીતે ન આવી. સંશોધકો માને છે કે, આપણા મહાસાગરો ઊર્જાને સ્ટોર કરવા માટે તેના વિશાળ કદનો જ ઉપયોગ કરે છે. આ વિશાળ મહાસાગરોમાં ગરમી વહેંચાઈ જાય છે. તેમ છતાં ૧૯૭૦થી ૨૦૨૦ની વચ્ચે ક્લાઈમેટ ચેન્જના કારણે જે ગરમી વધી તેની ૯૦ ટકા ગરમી સૌથી વધારે ગરમી સમુદ્રમાં શોષાઈ ગઈ છે. તેના કારણે આપણા વાયુમંડળને વધારે નુકસાન થયું નથી.

પ્રાચીન સમયથી જે પરિવર્તન આવ્યું છે તે હવે આપણા ભવિષ્ય માટે જોખમી થઈ શકે છે. સંશોધકો સ્પષ્ટ માને છે કે, હજારો વર્ષ પહેલાં જે રીતે પૃથ્વી ઉપર ગરમી વધી અને મહાસાગરોના પેટાળ સુધી પહોંચી તેમાં હવે ઝડપ આવી છે. હાલમાં પણ આ પ્રક્રિયા ચાલુ જ છે. દક્ષિણ ગોળાર્ધની હવાઓ આજે પણ ધ્રુવ તરફ ખસી રહી છે. તેની ઝડપમાં પણ વધારો થયો છે. તેના કારણે સમુદ્રની અંદર ગરમી ઉતરાવવાની પ્રક્રિયા આજે પણ ચાલી રહી છે. ચિંતાજનક બાબત એ છે કે, ગ્લોબલ વોર્મિંગને પગલે પૃથ્વી ઉપર સરેરાશ તાપમાન ૧.૫ ડિગ્રી વધવા આવ્યું છે ત્યારે તેની અસર આ પ્રક્રિયા ઉપર પણ પડી છે. હવે બાકીના મહાસાગરો અને સમુદ્રના પેટાળની ગરમી અંગે પણ અભ્યાસ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. સમુદ્રની સપાટી વિશે સંશોધકોનું માનવું છે કે, તે શાંત હોય તેનો અર્થ એવો નથી કે તેના પેટાળમાં કશું જ ચાલતું નથી. સપાટીનું તાપમાન સ્થિર હોવા છતાં નીચે પ્રચુરમાત્રામાં ગરમી ભેગી થતી હોય તેવું બની શકે છે. એટલાન્ટિક મહાસાગરમાં આવું જ થયું છે. ઘણી વખત ગરમી નીચે ઉતરીને તેની સપાટીમાં સમાઈ જાય છે અને ઘણી વખત સમુદ્રમાં અધવચ્ચે ગરમી અટવાઈ જાય છે. આવી શક્યતાઓ વધારે છે. આ ગરમી જ્યારે મધ્ય સપાટીમાં અટવાઈ જાય છે ત્યારે તે ગમે તે સમયે ઉપર આવી શકે છે. જો આ ગરમી નીચે જશે તો સમુદ્રના પેટાળમાં રહેલા મિથેન ગેસના ભંડારને ઓગાળી શકે છે અને જો તેમ થાય તો વધારે નુકસાન થઈ શકે છે. એક તરફ ૫૭૦૦ વર્ષ પહેલાં એટલાન્ટિકની સપાટી ગરમ થઈ ગઈ હતી. ત્યાં હવે તેમાં બીજું એક પરિવર્તન પણ જોવા મળ્યું છે. એટલાન્ટિક મહાસાગરમાં આવેલા ગ્રીનલેન્ડ અને આઈસલેન્ડના દક્ષિણમાં પાણીનો ચોક્કસ ભાગ વિચિત્ર રીતે ફેરફાર બતાવી રહ્યો છે. જાણકારોના મતે સમગ્ર દુનિયાભરમાં ગ્લોબલ વોર્મિંગના કારણે જમીન અને દરિયાના પાણીમાં ગરમી વધી રહી છે ત્યાં એટલાન્ટિક મહાસાગરના આ હિસ્સામાં જમીનની સપાટી ઠંડી પડી રહી છે. તેમાં સતત વધારો થઈ રહ્યો છે. એટલાન્ટિક મહાસાગરમાં તાપમાનમાં આ રીતે તફાવત આવવો તે ક્લાઈમેટ ટિપિંગ પોઈન્ટ તરફ વધી રહ્યો છે. કેટલાક ભાગમાં કોલ્ડ બ્લોબ બની રહ્યો છે અથવા તો એમ કહીએ કે વોર્મિંગ હોલમાં તાપમાન ઘટી રહ્યું છે. ૧૯૦૦ની સાલ બાદ આ જમીન જે રીતે ઠંડી થઈ રહી છે તેમાં સરેરાશ ૧ ડિગ્રીનો ઘટાડો આવ્યો છે. સંશોધકો માને છે કે, સમુદ્રની મુખ્ય ધારાઓ હવે નબળી પડી રહી છે. એક તરફ તે ગરમ થઈ રહી છે જ્યારે બીજી તરફ તે ઠંડી પડી રહી છે.

સંશોધકોએ નોંધ્યું હતું કે, એટલાન્ટિક મહાસાગરની ઉપરની સપાટી જ નહીં પણ દરિયાની મધ્યમાં રહેલું પાણી અને તળિયે આવેલી જમીન અને પાણી પણ ઠંડા થઈ રહ્યા છે. તમામ સ્તરે આ મહાસાગર ઠંડો પડી રહ્યો છે. એટલાન્ટિક મેરિડિયોનલ ઓવરટર્નિંગ સર્ક્યુલેશન (એમોક) ના કારણે આ સ્થિતિ બદલાઈ રહી છે. એક જ મહાસાગરના પાણીના વિવિધ ભાગમાં આવી અલગ અલગ સ્થિતિ જોવા મળે તે ચિંતાજનક છે. એક તરફ ગરમી નીચે ઉતરી રહી છે અને બીજો ભાગ ઠંડો પડી રહ્યો છે. ગ્લોબલ વોર્મિંગના કારણે સમુદ્રના તાપમાનમાં ફેરફાર આવવાની સાથે સાથે વિવિધ ગ્લેશિયર્સ પણ ઝડપથી પીગળી રહ્યા હોવાથી સમુદ્રમાં જળસ્તરમાં વધારો થઈ રહ્યો છે. એમોકનું સંપૂર્ણ સંતુલન ખોરવાઈ જતાં ગરમી અને ઠંડીમાં વ્યાપક તફાવત આવી રહ્યો છે.

સંશોધકો માને છે કે, દુનિયાભરના સમુદ્રની સ્થિતિ છેલ્લાં ૧૦૦૦ વર્ષમાં સૌથી ખરાબ સ્થિતિમાં છે. ગ્લોબલ વોર્મિંગના કારણે એમોકની જે સ્થિતિ સર્જાઈ છે તેના કારણે માનવજાત ઉપર મોટું સંકટ સર્જાયેલું છે. આ સિસ્ટમ બંધ થઈ જશે તો જળસંકટ આવશે. તેની અસર એવી થશે કે અમેરિકાના પૂર્વ કિનારાના ઘણા ભાગ પાણીમાં ડૂબી જશે. આ સિવાય પણ દુનિયાભરના સમુદ્રોની સપાટીમાં ફેરફાર આવશે. કેટલાક સંશોધકો માને છે કે, આવું બની શકે છે પણ દુનિયાભરના સમુદ્રોની વિવિધ સપાટીના તાપમાન નોંધવા, તેના ડેટાનો અભ્યાસ કરવો અને તેના પરિણામો અંગે ધારણા કરવી મુશ્કેલ છે.

**1970થી 2020ની વચ્ચે ક્લાઈમેટ ચેન્જના કારણે 90 ટકા ગરમી સમુદ્રમાં શોષાઈ જતા વાયુમંડળને વધારે નુકસાન થયું ન હતુ, પરંતુ હવે સમુદ્ર અને મહાસાગરો ગરમીને લાંબા સમય સુધી શોષી શકે તેમ નથી. વળી, બરફ પીગળશે તો દુનિયાના અનેક શહેરો જળમગ્ન થઈ જશે**

# સ્માર્ટ સ્ટેથોસ્કોપ વડે હૃદયની બિમારીનું નિદાન હાથવેંતમાં

આપણામાં કહેવત છે કે રોગ અને શત્રુને ઉગતા જ ડામી દેવા. અર્થાત્ આ બન્નેનો ઈલાજ શરૂઆતમાં જ કરવામાં આવે તો વધુ નુકસાનથી બચી શકાય. કેટલાક રોગ એવા છે કે તે ગંભીર સ્વરૂપ ધારણ કરે ત્યાં સુધી તેનાં લક્ષણો દેખાતાં નથી અને દર્દી તેના વિશે સાવ અંધારામાં રહે છે. લક્ષણો દેખાતાં તેને રોગનો ભોગ બન્યાનો ખ્યાલ આવે છે. પણ ત્યાં સુધીમાં તો ક્યારેક ઘણું મોડું થઈ ગયું હોય છે અને તેની કિંમત દર્દીએ ચૂકવવી પડતી હોય છે. હૃદયરોગ પણ આવો જ એક રોગ છે.

હૃદય સંબંધી વિવિધ બીમારીઓની વહેલાસર જાણ થાય તો તેની સારવાર શરુ થઇ શકે અને દર્દીનો જીવ બચી જાય. ઈસીજી અને અન્ય ટેસ્ટ દ્વારા હૃદયની બીમારીઓનું નિદાન થાય છે. પરંતુ આવા ટેસ્ટમાં લાગતા સમયને બચાવવા અને સારવાર શક્ય તેટલી વહેલી શરુ કરી શકાય તે માટેનાં સંશોધનોમાં તાજેતરમાં એક સ્માર્ટ સ્ટેથોસ્કોપ તૈયાર કરવામાં આવ્યું છે. હૃદય શરીર માટે જોઈતા પ્રમાણમાં લોહીને ધકેલતું નથી તેની ભાળ આ સ્ટેથોસ્કોપ માત્ર ૧૫ સેકન્ડમાં મેળવી શકે છે. એઆઈ આધારીત આ સ્ટેથોસ્કોપ અમેરિકન હેલ્થ-ટેક કંપની એકો હેલ્થએ મેયો ક્લિનિકના સહયોગમાં તૈયાર કર્યું છે. અમેરિકાના એફડીએ (ફૂડ એન્ડ ડ્રગ એડ્મિનિસ્ટ્રેશન) એ તાજેતરમાં જ આ ઉપકરણને માન્યતા આપી છે. યુકે(બ્રિટન)નાં અનેક ક્લિનિકોમાં તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જ્યાં આ સ્ટેથો દ્વારા દસમાંથી નવ કેસમાં હૃદયની કામગીરી નિષ્ફળ ગયાની ભાળ સચોટ રીતે મેળવવામાં આવી હતી.

સમગ્ર વિર્શ્વમાં થતાં માનવ મોત માટેનાં મુખ્ય કારણોમાંનું એક કારણ હૃદયરોગનું છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યુરોની માહિતી મુજબ ભારતમાં હાર્ટ એટેકના કેસમાં અગાઉના વર્ષની તુલનાએ ૧૨. ૫ ટકાનો વધારો થયો હતો. નિષ્ણાતોના જણાવ્યા મુજબ આ પોર્ટેબલ ઉપકરણ એટ્રિઅલ ફિબ્રિલેશન, હાર્ટ મરમર્સ તથા હાર્ટ ફેલિયર જેવી હૃદય (કાડયોવસક્યુલર -રુધિરાભિ-સરણ)ની બીમારીઓનું સચોટ નિદાન કરવામાં સહાયરુપ બની શકે છે.

રોચેસ્ટર સ્થિત મેયો ક્લિનિકના કાડયોવસક્યુલર મેડિસિન વિભાગના વડા ડા. પૌલ ફ્રાઈડમેને જણાવ્યું હતું કે સૌ પરિચિત છે એવા સ્ટેથોસ્કોપની મદદથી હૃદયની જીવન માટે જોખમરૂપ છૂપી બીમારીઓની ભાળ મેળવવાનું હવે શક્ય બનતાં એના નિદાન માટે દર્દીઓએ હોસ્પિટલ ભેગા થવું નહીં પડે. સ્ટેથોસ્કોપ એક નાનું અને જ્યાં લઈ જવું હોય ત્યાં સહેલાઈથી લઈ જવાય તેવું ઉપકરણ હોવાથી આ ટેકનોલોજીનો ઉપયોગ શહેરી તથા અંતરિયાળ



વિસ્તારોમાં કરી શકાશે.

મેયો ક્લિનિકે અભ્યાસ માટે આ સ્ટેથોનો ઉપયોગ નાઈજીરીયામાં સગર્ભા મહિલાઓ પર કર્યો હતો. પ્રસૂતિ સંબંધી રાબેતા મુજબના તબીબી ટેસ્ટમાં ગર્ભાવસ્થા સાથે સંબંધીત હાર્ટ ફેલિયરના જેટલા કેસની ભાળ મળે તેના કરતાં બમણા કેસનો પત્તો સ્ટેથોની આ અજમાયશ દરમિયાન લાગ્યો હતો.

આ ઉપકરણ કઈ રીતે કામ કરે છે તે જોઈએ તો તેને બ્લુટૂથ દ્વારા સ્માર્ટફોન એપ સાથે જોડવામાં આવે છે. આ એપ રાબેતા મુજબના એકો મશીનની જેમ હૃદયના ધબકારાને વેવફોર્મ્સ તથા રેખાના સ્વરુપે દર્શાવે છે. અલ્ગોરિધમ ( યાંત્રિકૃગણતરી વિ. ની પ્રક્રિયા કે નિયમો) હૃદયધ્વનિમાંની અનિયમિતતાની ભાળ મેળવે છે. જ્યારે ફોનોકાડયોગ્રામ હૃદયધ્વનિ અને હૃદયરવનો આલેખ તૈયાર કરે છે. આ રીતે હૃદયની કામગીરીમાંની ખામીઓનો પત્તો લગાવવામાં આવે છે.

ગૌરવની બાબત એ કે આપણો દેશ પણ તબીબી ક્ષેત્રની આવી સિદ્ધિ મેળવવામાં પાછળ નથી. ભારતીય મેડટેક સ્ટાર્ટ અપ એઆઈ હેલ્થ હાઈવે ઈન્ડિયાએ એઆઈસ્ટેથ નામે આવું જ ઉપકરણ તૈયાર કર્યું છે.

જે માત્ર બે જ મિનિટમાં હૃદયની સમસ્યાઓની ભાળ મેળવી શકે છે. આ સ્ટાર્ટઅપના સ્થાપક, સીઈઓ અને લશ્કરના ભૂતપૂર્વ ડોક્ટર સતીષ સોમૈયા જીવનાવરે જણાવ્યું છે કે મહારાષ્ટ્ર અને કર્ણાટકની મેડિકલ કોલેજો અને ક્લિનિકોના મોખરાના આરોગ્ય કર્મચારીઓ હજારો દર્દીઓને સ્ટેથોસ્કોપથી તપાસતા હોય છે. શહેરોમાં વસતા લોકોને તબીબી નિષ્ણાતોની સેવા સહેલાઈથી મળી રહે છે. પરંતું દેશનાં સાત લાખ ગામડાં પૈકી તમામમાં કાડઓલોજિસ્ટ હોય તે શક્ય નથી. આ સ્થિતિમાં એઆઈસ્ટેથ જેવું ઉપકરણ અત્યંત ઉપયોગી બની શકે.

જોકે, કોલકાતાના કાડયાક સર્જને કહ્યું છે કે આવાં ઉપકરણોની કાર્યક્ષમતા વિશે પૂર્ણપણે ખાતરી થવી જરુરી છે. હૃદયની કામગીરીની નિષ્ફળતા તથા અન્ય સમસ્યાઓની ભાળ મેળવવામાં અત્યંત મહત્વના ઉપકરણ એકોકાડઓગ્રામ (એકો) મશીનનું કદ ઉત્તરોત્તર ઘટાડાતું જાય છે. પણ આપણે બે બાબત ધ્યાનમાં રાખવાની છે અને તે તેમાં ચોક્કસાઈ અને તેના દ્વારા મળતી વિસ્તૃત માહિતી. એકો એ માત્ર ઈમેજ નથી. એની સાથે કલર ડોપલર દ્વારા લેવાયેલું રક્તના પ્રવાહનું વિશ્લેષણ પણ હોય છે. શું નાનાં કદનાં ઉપકરણો પૂરતી માહિતી આપે છે?

ઈમેજીસ તથા માહિતી,બન્ને મહત્વનાં છે. પરંતુ એઆઈ આધારીત સ્ટેથોસ્કોપ ઉપયોગી બની શકે. આપણા દેશમાં લાખો લોકોને હૃદયની રુમેટિક અથવા વાલ્વ સંબંધી બિમારીઓ છે તો જન્મથી જ હૃદયરોગ હોય એવાં બાળકો પણ છે. પણ આમાંના મોટા ભાગના લોકોને હૃદયરોગ હોવાનું નિદાન થયું નથી. આ સ્થિતિમાં એઆઈ સ્ટેથોસ્કોપ આવા દર્દીઓનું વહેલાસર નિદાન કરવામાં સહાયરુપ બની શકે. પરંતુ ભારતમાં ૧૯૯૪નો પ્રિ-કન્સેપ્સન એન્ડ પ્રિ-નેટલ ડાયોગ્નોસ્ટિક ટેકનિક્સ (પીસી -પીએનડીટી) એક્ટ આવા ઉપકરણના ઉપયોગ સામે અવરોધ બને તેવી શક્યતા છે.

આ કાયદા હેઠળ પોર્ટેબલ એકો મશીનના વિશેષ સંજોગો સિવાયના ઉપયોગ પર પ્રતિબંધ મૂકાયેલો છે. પ્રતિબંધનું કારણ સમજાવતાં તેમણે કહ્યું હતું કે પ્રત્યેક પોર્ટેબલ એકો મશીન એક તરફ એબડોમિનલ અલ્ટ્રાસાઉન્ડ મશીન તરીકે કામ કરે છે તો બીજી તરફ ગર્ભનું લિંગ જાણવા તેનો ઉપયોગ થવાની પણ શક્યતા છે. ભારતમાં ગર્ભનું લિંગ જાણવા પર પ્રતિબંધ છે. આવા ઉપકરણોનો દુરુપયોગ ન થાય તેની તકેદારી રાખવા સાથે હૃદયરોગનું જોખમ ધરાવતા દર્દીઓને આવા ઉપકરણ દ્વારા કઈ રીતે તપાસવા તે વિશે હજુ સુધી અમે કંઈ વિચાર્યું નથી એમ ડા. સરકારે ઉમેર્યુ હતું.

અન્ય ક્ષેત્રોની જેમ હેલ્થ ક્ષેત્રમાં પણ ટેકનોલોજીએ હરણફાળ ભરી છે. પરિણામે વિવિધ રોગોનું નિદાન હવે અગાઉની તુલનાએ વહેલાસર થઈ શકે છે તથા સારવાર પણ અત્યાધુનિક રીતે થઈ શકે છે.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO
Licensed to work in ALBERTA as well – Property visit can be scheduled during my trip to Alberta

90+ Room Franchise Hotel – Indoor Corridor, Fully Renovated and Upgraded in WINDSOR – Asking $7,200,000
Close to Hwy 401 and USA Border, Easy Operation, 3.5 Acres of Commercial Lot – potential for future development
Exclusive Listing: Buyer must have a 40% - 50% down payment. For more info NDA and Buyer Rep Agreement to sign

43 Room Motel + Restaurant (241 Pizza) + 2 Apt on 6 Acre Commercial Lot in Cochrane, ON – Asking $3,900,000
Both businesses are money making and run through the employees – Absentee Owner since 2019. Great NOI and EBITA

17 Room Motel in Huntsville - $2.3M
Absentee Owner since last 4 years
Great income and NOI
Renovated Rooms, Located in the downtown,
Everything is at a walking distance

54 Room Hotel & Restaurant - $4.9M
Located in 1000 Islands/Gananoque
Year round profitable operation. Well maintained property. Clsoe to Hwy 401, Casino and 1000 Island Crusie Line. Excellent NOI / EBITA – Great investment. About 40% Down require.

21 Room Motel & Restaurant in Gravenhurst
Asking $1,499,000
All rooms are occupied by the long-term people paying monthly. 3 Acres of lot, Municipality services. Selling AS IS
Ideal for builder or contractor

4 Small Motels for Sale in Northern Ontario – About 1-2 hours from Sudbury & North Bay
12 to 18 Rooms – Asking $875,000 to $1,300,000. About 15% to 25% down payment require.
Call for more info. Buyer to sign NDA first.

Motels and Hotels in ALBERTA: Small Motels and Franchise Hotels are available
Call for more info. Buyer to sign NDA for reviewing the financials on any property

Motel Jobs AND Working Partner Opporunity (min $200,000 to invest)
Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Accommodation + Competitive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1, ONTARIO Office: 905-366-8100
Brilliant Realty , 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, ALBERTA – Direct Contact: 647-866-2790

# ચારોં વેદ કી માતુ પુનિતા ગાયત્રી માતા



**મા ગાયત્રીના દિવ્ય અને મહાન તેજને ધારણ કરવાનું સામર્થ્ય મહર્ષિ વિશ્વામિત્રમાં હતું. તેમના પ્રચંડ તપને કારણે વેદમાતા, દેવમાતા, વિશ્વમાતા ભગવતી મા ગાયત્રીનું અવતરણ થયું હતું. ગાયત્રી શબ્દ મૂળ તો સંસ્કૃત 'ગૌ' અને 'ત્રા' નું અદ્ભુત સંમિશ્રણ છે. 'ગૌ' ધાતુ ઉપરથી ગય શબ્દ બન્યો, જેનો અર્થ થાય છે પ્રાણ, અને 'ત્રા' ધાતુ પરથી ત્રાયતે શબ્દ બન્યો, જેનો અર્થ છે રક્ષણ કરવું તેવો થાય છે**

તારીખ :- ૨૫/૬/૨૦૨૬ને ગુરુવારે જેઠ સુદ અગિયારસને દિવસે ગાયત્રી જયંતિ આવી રહી છે.

ગાયત્રી મંત્રનું સૌ પ્રથમ ઉચ્ચારણ સમગ્ર સૃષ્ટિના સર્જક શ્રી બ્રહ્માના મુખેથી થયું હતું. સૃષ્ટિનું સર્જન કરતી વખતે તેના માટેના શબ્દો, અક્ષરો અને એની પાછળના ગર્ભિત અર્થો આ ગાયત્રી મંત્ર આકાશવાણી દ્વારા સંભળાયા.

ચોવીસ અક્ષરના ગાયત્રી મંત્રની ઉત્પત્તિ થાય છે; યજુર્વેદમાંથી "ઓમ ભૂર ભુવઃ સ્વઃ" લેવામાં આવ્યો છે, તો વળી ઋગ્વેદમાંથી "તત્ સવિતુર વરેણ્યમ્ ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્" લેવામાં આવ્યો છે. આ મંત્રજાપ દ્વારા તપશ્ચર્યા કરી, જેના પ્રભાવથી બ્રહ્માજીએ આ વિરાટ સૃષ્ટિનું સર્જન કર્યું.

પહેલા બ્રહ્મ એક હતું, એની સ્ફુરણાથી આદિશક્તિ વિશ્વમાતા ગાયત્રીનું અવતરણ થયું. બ્રહ્માજીના ચારે મુખેથી જે બોલાયું તે વેદવાણી કહેવાઈ અને તેમાંથી ચાર વેદો બન્યા, "ચાર વેદ કી માતુ પુનિતા" અર્થાત્ ગાયત્રી માતાને વેદમાતા કહે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૧૦મા અધ્યાયના વિભૂતિ યોગમાં શ્લોક નં-૩૫માં સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે '"ગાયત્રી છંદસામહમ્" - "છંદોમાં હું ગાયત્રી છું."

ઋગ્વેદના ત્રીજા મંડળના 'ગાયત્રીમંત્ર'માં મહર્ષિ વિશ્વામિત્રે બુદ્ધિની પ્રેરણા આપનાર સૂર્ય (સવિતા નારાયણ) દેવના ઉત્કૃષ્ટ ઓજસની સ્તુતિ યાચના કરી છે, તેનું વ્યક્તરૂપ એટલે ગાયત્રી મંત્ર. આ મંત્ર દ્વારા જ વિશ્વામિત્રે બ્રહ્મર્ષિનું પદ પ્રાપ્ત કરેલું. વિશ્વામિત્ર ઉપરાંત બ્રહ્મર્ષિ વસિષ્ઠ, તો ઋષિ અગસ્ત્ય વગેરે પણ શક્તિના મહાન ઉપાસકો હતા. પરંતુ તેઓનું શ્રેય વિશ્વામિત્ર ઋષિના ફાળે જાય છે, જેમણે સતત અનેક વર્ષો સુધી ઉગ્ર તપશ્ચર્યા કરી હતી.

ગાયત્રી શબ્દ મૂળ તો સંસ્કૃત 'ગૌ' અને 'ત્રા' નું અદ્ભુત સંમિશ્રણ છે. 'ગૌ' ધાતુ ઉપરથી ગય શબ્દ બન્યો, જેનો અર્થ થાય છે પ્રાણ, અને 'ત્રા' ધાતુ પરથી ત્રાયતે શબ્દ બન્યો, જેનો અર્થ છે રક્ષણ કરવું. અર્થાત જે પ્રાણની રક્ષા કરે તે ગાયત્રી મંત્ર. ગાયત્રીનો અર્થ 'ત્રાયતે ઇંતિ ગાયત્રી' એવો પણ થાય છે, એટલે કે જે ગાન કરે છે તેને તારે છે. ગાયત્રી મંત્ર પણ છે, તો એક છંદનું પણ નામ છે.

આપણા સુપ્રસિદ્ધ 'પદ્મપુરાણ'માં ગાયત્રીના લક્ષણો તથા સ્વરૂપનું વર્ણન જોવા મળે છે, તે મુજબ છંદ ગાયત્રી છે, એના દેવતા સવિતા (સૂર્ય) છે, એ શુક્લવર્ણા તથા અગ્નિમુખી છે. એના ઋષિ વિશ્વામિત્ર છે. બ્રહ્મના ત્રણ સ્વરૂપ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે. ગાયત્રી ચાલીસામાં કહે છે કે:

**"સરસ્વતી લક્ષ્મી તુમ કાલી, દીપે તુમ્હારી જ્યોતિ નિરાલી"**

આમ મા ગાયત્રીના ત્રણ સ્વરૂપ સરસ્વતી, લક્ષ્મી, કાલી ગણાયા.

મા ગાયત્રીને આદિશક્તિ કહેવામાં આવે છે. આ મંત્રના ૨૪ અક્ષરોની વ્યાખ્યામાંથી ચાર વેદ બન્યા. તેમાંથી ૨૪ અવતાર, ૨૪ દેવતા, ૨૪ ઋષિ, ૨૪ તીર્થ પ્રગટ થયા. ભારતીય સંસ્કૃતિનું કલેવર ગાયત્રીમંત્રમાંથી જ નિર્મિત થયું, તેથી જ તે બીજ મંત્ર અને સિદ્ધિમંત્ર પણ છે.

* ગાયત્રી મંત્ર અને તેનો અર્થ:-

મંત્રઃ - ॐ भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि। धियो यो नः प्रचोदयात्। (અર્થ:- હે પ્રાણસ્વરૂપ, દુઃખનો નાશ કરનાર, સુખ સ્વરૂપ, શ્રેષ્ઠ, તેજસ્વી, પાપનાશક, દેવ સ્વરૂપ પરમાત્માને અમે અંતરાત્મામાં ધારણ કરીએ, એ ઈશ્વર અમારી બુદ્ધિને સન્માર્ગે પ્રેરિત કરે.)

ઓમ- ઈશ્વર
ભૂ: - પ્રાણસ્વરૂપ
ભુવઃ - દુઃખનો નાશ કરનાર
સ્વઃ - સુખ સ્વરૂપ
તત્ - તે
સવિતુઃ - તેજસ્વી
વરેણ્યં - શ્રેષ્ઠ
ભર્ગો - પાપનો નાશ કરનાર
દેવસ્ય - દિવ્ય
ધીમહિ - ધારણ કરો (ધારણ કરીએ)
ધિયો - બુદ્ધિ
યો - જે
નઃ - અમને
પ્રચોદયાત્ - પ્રેરિત કરો (પ્રેરિત કરે)

**ગાયત્રી મંત્રનો જાપ કરતી વખતે આ વાતનું હંમેશા સ્મરણ રાખવું :-**

ગાયત્રી મંત્ર બોલતી વેળાએ કુશ કે ચટાઈનું આસન ઉત્તમ છે, પણ પશુની ખાલનો ઉપયોગ સંપૂર્ણ નિષેધ છે. આરામદાયક સ્થિતિમાં પૂર્વ દિશા તરફ મુખ રાખીને, બની શકે તો પદ્માસન, અર્ધપદ્માસન કે સિદ્ધાસનની મુદ્રામાં ભૂમિ પર હંમેશા આસન બિછાવીને જ બેસવું.

પ્રાતઃકાળે સ્નાન કરીને મંત્ર જાપ કરતી વખતે પીળા રંગના સ્વચ્છ વસ્ત્રો ધારણ કરવા. જો આકસ્મિક બાધા આવે અથવા સ્વાસ્થ્ય સારું ન હોય તો ભીના કપડાંથી શરીર લૂછીને કે શૌચક્રિયા પતાવીને માત્ર હાથ-પગ ધોઈને પણ બાકીના અધૂરા જાપ પૂરા કરી શકાય છે.

માત્ર ૧૦૮ મણકાવાળી તુલસી કે ચંદનની માળાનો જ ઉપયોગ કરવો આવશ્યક છે. મંત્રને ઝડપથી બોલવો ન જોઈએ.

જનોઈ કે યજ્ઞોપવીત ધારણ કરતી વખતે ગાયત્રી મંત્રના જાપ કરવામાં આવે છે. ગાયત્રી મંત્ર કામધેનુરૂપ છે. ગાયત્રી મંત્રથી બુદ્ધિ ખીલે છે.

ગાયત્રી મંત્રના જાપ સૂર્યોદયના બે કલાક પહેલાં અને સૂર્યાસ્તના એક કલાક સુધી કરવા આવશ્યક છે. મૌન એટલે કે, માનસિક જાપ ગમે ત્યારે કરી શકાય. ભૂલથી પણ રાત્રિના સમયે મંત્ર જાપ મૌન રીતે કરવા.

**ગાયત્રી મંત્રમાં છૂપાયેલું રહસ્ય, લાભ કે ફાયદાઃ-**

દરરોજ જાપ કરવાથી ત્વચા પર ચમક આવે છે, વળી ચહેરા પરના બિંદુઓ ઉત્તેજિત થાય છે જેના કારણે ચહેરા પર રક્ત પરિભ્રમણ વધી જાય છે અને ત્વચામાં રહેલા ઝેરી તત્વો દૂર થાય છે. આ સિવાય ઊંડા શ્વાસ લેવાને કારણે વધુ પ્રમાણમાં ઓક્સિજન મળે છે, જેને લીધે ત્વચા જુવાન અને ચમકદાર બને છે. ડિપ્રેશનને દૂર રાખે છે. સંશોધન મુજબ ગાયત્રી મંત્રના જાપથી ડિપ્રેશન જેવી બીમારી થતી નથી. આ મંત્ર વેગસ (Vagus) ચેતના કાર્યને ઉત્તેજિત કરે છે. જ્યારે કોઈ વ્યક્તિ ડિપ્રેશનની સમસ્યાથી પરેશાન હોય ત્યારે મેડિકલ સારવાર દરમિયાન આ ચેતનાને ઉત્તેજિત કરવાની ટ્રીટમેન્ટ ચાલુ રહે છે. આ મંત્રના વાઈબ્રેશન શરીરમાંથી એન્ડોર્ફિન્સ અને રિલેક્સિંગ હોર્મોન્સ બહાર લાવે છે, જેનો ઉપયોગ ડિપ્રેશનને દૂર કરવા માટે કરી શકાય છે.

ગાયત્રી મંત્રની રચના સ્વરવિજ્ઞાન અને શબ્દશાસ્ત્રના વિશેષ સ્વરૂપે ૨૪ અક્ષરોમાં થયેલી છે. જેનું ઉચ્ચારણ કરવા માત્રથી શરીરના અંગ-અવયવો, ઇન્દ્રિયો જેવી કે જીભ, દાંત, હોઠ, સ્વર-કંઠ, તાળવું, મન-મસ્તિષ્ક અને ષડચક્રના ભિન્ન-ભિન્ન અંગોમાં સ્પંદનો-ધ્રુજારી પેદા કરે છે. જેને કરીને ભાવ-સંવેદનાની ગંગોત્રીનું પવિત્ર ઝરણું મન-મસ્તિષ્ક-હૃદયમાંથી નકારાત્મક વિચારો, પાપ, ભય, શોક અને આળસને દૂર કરે છે.

સંતાન પ્રાપ્તિ અને વિવાહ કાર્યમાં સફળતા પ્રાપ્ત થાય છે. શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરવા માટે તેમજ અસાધ્ય રોગ હોય તો કાંસાના પાત્રમાં શુદ્ધ જળ ભરી ગાયત્રી મંત્રનો જાપ કરવાથી રોગનું નિવારણ થાય છે.

ચાલીસામાં કહે છે તેમ:

"ભૂત પિશાચ સબ ભય ખાય,
યમ કે દૂત નિકટ નહીં આવે."

આનાથી ભૂત-પિશાચનો ભય દૂર થાય છે.

આમ ઋષિઓ, મુનિઓ, જોગી, તપસ્વી બધા ગાયત્રીનું રટણ કરે છે. ગાયત્રી ભયહારિણી છે અને ભવતારિણી છે. ગાયત્રી મંત્રનો સીધો પ્રભાવ સૂર્ય, ગ્રહો, નક્ષત્રો, પંચતત્ત્વો જેવી વિવિધ દૈવી શક્તિઓ પર પડે છે. તે દૈવી શક્તિઓ ગાયત્રીમંત્ર-તેજથી પ્રભાવિત થતાં તેમનો પ્રભાવ-દેવતત્ત્વ આપણને પ્રદાન કરે છે. ગંગા સમાન કોઈ તીર્થ નથી, કેશવથી શ્રેષ્ઠ દેવ નથી, તેમ ગાયત્રીથી શ્રેષ્ઠ મંત્ર સ્વર્ગ કે પૃથ્વી ઉપર થયો નથી.

ગાયત્રીના મહાન સાધક, અર્વાચીન ઋષિ, તપોનિષ્ઠ, દેવમૂર્તિ પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ ૨ જૂન, ૧૯૯૦ ગાયત્રી જયંતીના દિવસે જ મહાપ્રયાણ કર્યું હતું. ગાયત્રીમંત્રને જન-જન સુધી ગુંજતો કરવા માટે તેમનું મોટું યોગદાન છે. સ્વામી વિવેકાનંદે ગાયત્રીમંત્રને મંત્રોનો મુકુટમણિ કહ્યો છે.

ગાયત્રી મંત્રની શક્તિ વિશે ૧૭૧ વર્ષ પહેલાં અમેરિકામાં જન્મેલા ડૉ. વિલિયમ ક્વાન જજ નામના મિસ્ટિક અને થિયોસોફિકલ સોસાયટીના સ્થાપકો પૈકીના એક એવા મહાનુભાવે કહ્યું હતું કે: "ગાયત્રીમંત્રમાં છુપી શક્તિ રહેલી છે, કે જે તમારું આપદામાં રક્ષણ કરે છે. તમારા કૌટુંબિક કે આર્થિક સંકટોમાં ભલે ગાયત્રી મંત્ર નાણાંનો દલ્લો ન આપે, પણ જે કોઈ હાલત આવી પડે તેને હસતે મોંઢે સહન કરવાની ગુપ્ત શક્તિ ગાયત્રી મંત્ર આપે છે." આજે પણ અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ જેવા દેશોમાં વિદેશીઓ પણ ગાયત્રી મંત્રનું રટણ કરતા જોવામાં આવે છે. ભારત અને ગુજરાતમાં પ્રસિદ્ધ ગાયત્રી શક્તિ પીઠોમાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર, જામનગર, પાલનપુર અને અંબાજી મંદિરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પાટણ, ડીસા, ધાનેરા, પાલનપુર, મહેસાણા, ગાંધીનગર સેક્ટર-૧ અને દીવમાં ગાયત્રી મંદિરોની ખૂબ પ્રસિદ્ધિ છે.


- ડૉ. જયેન્દ્ર કૃષ્ણલાલ નાયક. (સંગીતકાર)

# તીર્થોમાં સ્નાન કર્યાનું પુણ્ય અપાવતી નિર્જળા એકાદશી

## ભીમસેનથી વારંવાર ઉપવાસ થતા નહીં, આથી મહર્ષિ વ્યાસે ભીમને નિર્જળા એકાદશીનું વ્રત કરવા અનુરોધ કર્યો હતો

નિર્જળા' એટલે પાણી પણ ન પીવું અને નકોરડો ઉપવાસ કરવો. આવો ઉપવાસ ભીમસેને કર્યો હતો અને તેના પુણ્યબળે મહાભારતના યુદ્ધમાં પાંડવોનો વિજય થયો હતો. આ એકાદશી ભીમે કરેલી એટલે એનું બીજું નામ 'ભીમ અગિયારસ' છે. યુધિષ્ઠિર, અર્જુન, નકુલ, સહદેવ, દ્રૌપદી વગેરે એકાદશીનો ઉપવાસ નિયમિત રીતે કરતાં, પરંતુ ભીમસેનથી વારંવાર ઉપવાસ થતા નહીં, આથી મહર્ષિ વ્યાસે ભીમને નિર્જળા એકાદશીનું વ્રત કરવા અનુરોધ કર્યો હતો. આ વ્રત કરનારે પાણી, ફળફળાદિ કશું જ લેવું નહીં. વ્યાસ મુનિએ ભીમને કહ્યું. 'હે ભીમસેન! જો તને નરક પ્રત્યે ઘૃણા હોય અને સ્વર્ગ પ્રત્યે પ્રીતિ હોય તો તારે વદ અને સુદની બંને એકાદશીઓ કરવી અને તે દિવસે ભોજન કરવું નહીં.' 'હે પિતામહ! મારા ઉદરમાં 'વૃક' નામનો અગ્નિ અન્ન વિના તૃપ્ત થતો જ નથી. એક વર્ષના ૨૪ ઉપવાસ કરવા મારા માટે દુષ્કર છે. હું વર્ષમાં વધુમાં વધુ એક ઉપવાસ કરી શકું. માટે એક ઉપવાસથી વધુ ફળ પ્રાપ્ત થાય એવી એકાદશીનું વ્રત કરવાનું મને કહો.'

વ્યાસ મુનિએ ભીમસેનને જેઠ સુદ અગિયારસનું વ્રત કરવાનું તથા તે દિવસે ઉપવાસ કરવાનું કહ્યું, દ્વાદશીના દિવસે બ્રાહ્મણને જમાડીને



પછી જમવું. 'હે વાયુપુત્ર! નિર્જળા એકાદશી કરવાથી સર્વ તીર્થોમાં સ્નાન કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે અને સર્વ પ્રકારનાં દાન આપવાથી જે ફળ મળે છે તેટલું ફળ આ એકાદશી કરવાથી મળે છે. આખા વર્ષની એકાદશીઓનું પુણ્ય પ્રાપ્ત થાય છે. આ એકાદશી ધન, ધાન્ય, રિદ્ધિ-સિદ્ધિ, આયુષ્ય, પુત્ર, આરોગ્ય, વિજય વગેરે આપનારી છે.' આ એકાદશીનું વ્રત કરનારને યમદૂતોનો ભય રહેતો નથી. આ પરમ પવિત્ર દિવસે જળ અને ગાયનું દાન આપનાર સર્વ પાપોથી [મુક્ત : થાય છે. આ એકાદશીને 'ભીમ એકાદશી' તેમજ 'પાંડવ એકાદશી' પણ કહે છે.

જે નર-નારી આ એકાદશીનો ઉપવાસ કરે છે, તેનાં પર્વત સમાન પાપો બળીને ભસ્મ થઈ જાય છે. આ દિવસે જે અન્નનું ભોજન કરે છે તે દુર્ગતિને પામે છે અને જે દાન કરે છે તે પરમ પદને પામે છે. જે મનુષ્ય આ વ્રતથી વંચિત રહે છે તે આત્મદ્રોહી, દુરાચારી, પાપી અને દુષ્ટ ગણાય છે. જે લોકો રાત્રિ જાગરણ કરે જે નર-નારી આ એકાદશીનો ઉપવાસ કરે છે, તેનાં પર્વત સમાન પાપો બળીને ભસ્મ થઈ જાય છે. આ દિવસે જે અન્નનું ભોજન કરે છે તે દુર્ગતિને પામે છે અને જે દાન કરે છે તે પરમ પદને પામે છે. જે મનુષ્ય આ વ્રતથી વંચિત રહે છે તે આત્મદ્રોહી, દુરાચારી, પાપી અને દુષ્ટ ગણાય છે. જે લોકો રાત્રિ જાગરણ કરે છે તેઓ પુણ્ય પ્રાપ્ત કરે છે. જે લોકો શ્રદ્ધાપૂર્વક આ એકાદશીનું કથાનું પઠન અને શ્રવણ કરે છે, તે મોક્ષગતિને પામે છે. આહાર શુદ્ધિ વિના ચારિત્ર્ય શુદ્ધિ સંભવતી નથી. આહાર શુદ્ધ રાખો એ બધા ધર્મોનો સાર છે. આહાર-વિહાર, આચાર-વિચારના વિવેક વિના સંયમની સિદ્ધિ સાંપડતી નથી અને સંયમની સિદ્ધિ વિના આત્મિક સુખ અને શાંતિ શક્ય નથી.

# 'આદિત્ય પટેલ' બનીને યુવતીઓને ફસાવનાર સામે ફરિયાદ: દુષ્કર્મ આચરી માંગી હતી ખંડણી

## મહિલાઓના આપત્તિજનક રેકોર્ડેડ વીડિયો કોલ મળ્યા, 100થી વધુ મહિલાઓ ભોગ બની

**કડી**

કડીના સરઘાતાની ઘાટીમાં રહેતા કરીમ સિપાઈએ 'જીવનસાથી મેટ્રિમોનિયલ' સાઈટ પર આદિત્ય પટેલના નામે પ્રોફાઈલ બનાવી હતી. તેમાં તેણે ભોગ બનનાર પ્રથમ મહિલાને પોતાની ઓળખ પ્લાસ્ટિક મટીરિયલ્સના મોટા વેપારી તરીકે આપી હતી. આ નકલી ઓળખ દ્વારા તેણે વિધવા અને ત્યક્તા મહિલાઓ સાથે સંબંધો કેળવ્યા હતા. લગ્નનું બહાનું આપીને તે મહિલાઓ સાથે આપત્તિજનક સ્થિતિમાં વીડિયો કોલ કરતો અને તેનું સ્ક્રીન રેકોર્ડિંગ કરી લેતો હતો. પોલીસને કરીમના મોબાઈલ ફોનમાંથી 8,000થી વધુ ફોટો અને વીડિયો મળી આવ્યા છે. જેમાં 8 જેટલી મહિલાઓના નામના અલગ ફોલ્ડર હતા, જેમાં તે મહિલાઓના આપત્તિજનક રેકોર્ડેડ વીડિયો કોલ રાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત, તેણે પૂર્વઆયોજિત કાવતરાના ભાગરૂપે આદિત્ય પટેલના નામના નકલી દસ્તાવેજો અને તેની પત્નીના મરણનું ખોટું સર્ટિફિકેટ પણ બનાવડાવ્યું હતું. આ કેસની તપાસ કરી રહેલા મહિલા ક્રાઈમ બ્રાન્ચના ACPએ જણાવ્યું કે, કરીમ સિપાઈએ નકલી પ્રોફાઈલ દ્વારા અનેક મહિલાઓને છેતરી હોવાની આશંકા છે. આથી 'જીવનસાથી મેટ્રિમોનિયલ' પાસેથી કરીમની પ્રોફાઈલની વિગતો મંગાવવામાં આવી છે, આ આરોપી સામે યુવતીઓને ફસાવી દુષ્કર્મની અનેક ફરિયાદો નોંધાઈ છે.

# પ્લેન ક્રેશ સાઇટ પર શ્રદ્ધાંજલિ અબોલ જીવોને એક વર્ષ જમાડ્યા!

**અમદાવાદ**

અમદાવાદના પ્લેન ક્રેશની ઘટનાએ ફક્ત ગુજરાત કે ભારત જ નહીં, સમગ્ર વિશ્વને સ્તબ્ધ કરી દીધું હતું. ત્યારે આ સ્થળે અકાળે જીવ ગુમાવનાર લોકોના આત્માની શાંતિ માટે કલાપીનગરના એક સેવાભાવી વ્યક્તિએ પશુ-પક્ષીઓને ભોજન આપવાની શરૂઆત કરી હતી. જેને મ્યુનિ.ના સીએનસીડી વિભાગે વેગ આપ્યો અને સતત એક વર્ષ સુધી અહીં 12 હજાર જેટલા અબોલ પશુ-પક્ષીઓને ભોજન કરાવવામાં આવ્યું છે. આ કાર્ય આજે પણ ચાલુ જ છે.

અમદાવાદમાં એક વર્ષ પહેલાં જ્યાં પ્લેન ક્રેશ થયું હતું, તે જગ્યા માનવ વસવાટથી દૂર અને થોડી ઉજ્જડ જેવી છે. 2018થી 'ગ્રીન હેન્ડ ફાઉન્ડેશન'ના માધ્યમથી અબોલ જીવોને ભોજન કરાવતા કલાપીનગરના રહેવાસી કિરણભાઈ પટણીએ અહીં આવીને અબોલ જીવોને ખોરાક આપવાનું શરૂ કર્યું છે. તેઓ જણાવે છે કે, શાહીબાગ, અસારવા, મેઘાણીનગર સહિતના વિસ્તારમાંથી દરરોજ 1800 નંગ રોટલી, કોરા ભાત, ચણ સહિતની વસ્તુઓ એકત્ર કરે છે. અને તે અબોલ જીવોને આપવામાં આવે છે.

# લાંચિયાઓ બેફામ : 6 મહિનામાં 50 સરકારી બાબુઓ ઉપર 'ટ્રેપ'!

**અમદાવાદ**

ગુજરાતમાં ભ્રષ્ટાચાર મુક્ત શાસનના દાવાઓ વચ્ચે એક વરવું સત્ય બહાર આવ્યું છે. વર્ષ 2026ના માત્ર પ્રથમ 6 મહિનામાં જ રાજ્યના 50 જેટલા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ચૂક્યા છે. પોલીસ વિભાગથી લઈને પંચાયત અને મહેસૂલ સુધીના વિભાગોમાં ફેલાયેલું આ ભ્રષ્ટાચારનું નેટવર્ક સામાન્ય જનતા માટે આશીર્વાદને બદલે શ્રાપ બની રહ્યું છે. ગયા વર્ષે 164 ભ્રષ્ટાચારીઓ પકડાયા હતા, જેની સરખામણીએ આ વર્ષનો આંકડો સૂચવે છે કે ભ્રષ્ટાચારની આ ગતિ અટકવાનું નામ નથી લઈ રહી.

ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા તો ત્યારે જોવા મળી જ્યારે ગાંધીનગરના ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર ઓફિસના ક્લાસ-1 અધિકારી એ.બી. ચૌધરી 5 લાખની લાંચ લેતા ઝડપાયા. તેમની તપાસ દરમિયાન 2.64 કરોડની જ્વેલરી અને મિલકતો મળી આવી, જે દર્શાવે છે કે સત્તાના જોરે કેવી કમાણી કરવામાં આવે છે. આ માત્ર મોટા અધિકારીઓ પૂરતું મર્યાદિત નથી, જન્મના દાખલાથી લઈને બીલ પાસ કરાવવા સુધીના પાયાના કામોમાં પણ તલાટી અને ક્લાર્ક કક્ષાના કર્મચારીઓ કમિશન માંગી રહ્યા છે.

# Re-NEET પેપર વેચાણના નામે ઠગાઈ કરનાર બે શખ્સ ઝડપાયા, ચેનલ બનાવીને અનેકને છેતર્યા

## ટેલિગ્રામ પર બંને જણા તેમની પાસે રી એક્ઝામનું પેપર હોવાનું કહીને નાણાં લેતા હતા

**અમદાવાદ**

નીટની રી-એક્ઝામનું પેપર અગાઉથી કેટલીક ટેલિગ્રામ ચેનલ પર વેચાણ કરવામાં આવતું હોવાની બાતમી મળતા દિશામાં તપાસ કરવા માટે અમદાવાદની સાયબર ક્રાઈમ સેલને સૂચના આપવામાં આવી હતી. જેના આધારે તપાસ કરતા ટેલિગ્રામની આઠ જેટલી વિવિધ ચેનલ મળી આવી હતી. જેના ટેકનિકલ એનાલિસિસ, આઈપી એડ્રેસ અને ફોન નંબરના આધારે તપાસ કરવામાં આવતા આ કૌભાંડનું રાજસ્થાન કનેક્શન સામે આવ્યું હતું. જેમાં પોલીસે સુમેરસિંગ મીણા (રહે. મહેશનગર, જયપુર) અને આકાશ મીણા (રહે. કોટા રાજસ્થાન)ને ઝડપી લીધા હતા. આ અંગે ક્રાઈમ બ્રાંચના જેસીપી શરદ સિંઘલે જણાવ્યું કે નીટની પરીક્ષાનું સંચાલન કરતી નેશનલ ટેસ્ટિંગ એજન્સીને ક્રાઈમ બ્રાંચને મળેલા ઈનપુટ અંગે જાણ કરવામાં આવી હતી. જેના આધારે અમદાવાદ ક્રાઈમ બ્રાંચે સમગ્ર મામલે તપાસ કરી હતી. આરોપીઓ પાસેથી મળી આવેલા મોબાઈલ ફોનમાં તપાસ કરતા તેમના દ્વારા ટેલિગ્રામ પર બનાવવામાં આવેલી આઠ ચેનલ મળી આવી હતી. તેમજ 44 જેટલી વેબસાઈટની વિગતો મળી હતી. ટેલિગ્રામ પર બંને જણા તેમની પાસે રી એક્ઝામનું પેપર હોવાનું કહીને પેપર આપવાનું કહીને નાણાં વસુલતા હતા. આ નાણાં ક્યુ આર કોડ અને ઓનલાઈન લેવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં આરોપીના બેન્ક એકાઉન્ટમાંથી 1.50 કરોડ રૂપિયા જેટલી રકમના આર્થિક વ્યવહાર થયા હતા. જે નાણાં નીટના પેપરના બદલામાં લીધા હોવાનું સામે આવ્યું છે.

# અમદાવાદમાં ઘર ખરીદવું મોંઘું બનશે, 1 જુલાઈથી પ્રોપર્ટીના ભાવમાં મોટો વધારો, CREDAIનો નિર્ણય

## અગાઉ સંસ્થાએ 30 જૂન 2026 સુધી ભાવો ન વધારવાની જાહેરાત કરી હતી

**અમદાવાદ**

અમદાવાદમાં ઘર ખરીદવાની ઈચ્છા રાખતા લોકો માટે માઠા સમાચાર સામે આવ્યા છે. ક્રેડાઈ (અમદાવાદ દ્વારા 400થી વધુ બિલ્ડરોની યોજાયેલી બેઠકમાં સભ્યોએ પ્રોપર્ટીના ભાવ વધારવાનો નિર્ણય લીધો છે. આગામી 1 જુલાઈ 2026થી નવા પ્રોજેક્ટ્સમાં 10 ટકા અને ચાલુ પ્રોજેક્ટ્સમાં સ્ટેજ પ્રમાણે 5 ટકા સુધીનો ભાવ વધારો કરવામાં આવશે. મધ્ય પૂર્વ એશિયામાં યુદ્ધની પરિસ્થિતિના કારણે કન્સ્ટ્રક્શન રૉ મટીરિયલ્સના સપ્લાયમાં અનિયમિતતા અને ભાવોમાં 30% થી 50%નો વધારો થયો છે. જે કારણે CREDAI દ્વારા પ્રોપર્ટીના ભાવ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જે પ્રોજેક્ટ હાલમાં જ શરૂ થયા છે તેમાં સીધો 10% નો ભાવવધારો ઝીંકવામાં આવશે. ક્રેડાઈ અમદાવાદના જણાવ્યા અનુસાર, વૈશ્વિક પરિસ્થિતિને કારણે બિલ્ડિંગ મટીરિયલ્સની સપ્લાય ચેઈન ખોરવાઈ છે અને પ્રોજેક્ટ કોસ્ટ વધી ગઈ છે. આ સાથે જ, અન્ય રાજ્યોમાં ચૂંટણી પૂર્ણ થયા પછી પણ પરપ્રાંતીય મજૂરો પરત ન ફરતા લેબરની અછત ઊભી થઈ છે. બાંધકામની ગતિ ધીમી પડતાં ચાલુ પ્રોજેક્ટ્સ સમયસર પૂર્ણ કરવા મુશ્કેલ બન્યા છે, જેના કારણે રેરા (RERA)ના નિયમો મુજબ પઝેશનમાં વિલંબ બદલ દંડ થવાની ભીતિ પણ સેવાઈ રહી છે. ડેવલપર્સના મતે, અન્ય મોટા શહેરોની સરખામણીએ અમદાવાદમાં પ્રોપર્ટીના ભાવ ઓછા છે અને આ વધારો નિયંત્રણ બહારની પરિસ્થિતિને કારણે છે.

# કોંગ્રેસની ટ્રેક્ટર રેલીને રોકવાનો પ્રયાસ થતાં પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણ

**અમદાવાદ**

ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિઓ સામે દેખાવો કરવા માટે 15મી જૂને અમદાવાદના શાંતિપુરા સર્કલથી ગાંધીનગર સુધી 1111 ટ્રેક્ટર રેલી કાઢીને સાથે કોંગ્રેસ દ્વારા દેખાવો કરાયા હતા. જેમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી ખેડૂતો મોટી સંખ્યામાં જોડાયા હતા. કોંગ્રેસે જણાવ્યાનુસાર, આ રેલી ઓગણજ ખાતે આવેલા શતાબ્દી મહોત્સવ મેદાન સુધી જવાની જ મંજૂરી આપવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, કિસાન કોંગ્રેસ - કિસાન સંઘર્ષ સમિતિના સંયુક્ત નેજા હેઠળ ખેડૂત અધિકાર ટ્રેક્ટર રેલી યોજી હતી.જો કે, કોંગ્રેસની ટ્રેક્ટર રેલીને ગાંધીનગર સુધી જવાની મંજૂરી અપાઈ નથી.

રેલીમાં હંગામા અને ભારે ઘર્ષણના અહેવાલો આવ્યા હતા. પોલીસે કૂચ કરી રહેલા ખેડૂતોને JCBથી અધવચ્ચે જ અટકાવ્યા છે. પોલીસની આ કાર્યવાહીથી રોષે ભરાયેલા ખેડૂતો અને કાર્યકર્તાઓએ સ્થળ પર જ ભારે હોબાળો શરૂ કરી દીધો હતો. રેલીમાં જોડાયેલા ખેડૂતોએ મક્કમ વલણ અપનાવતા સ્પષ્ટ કહી દીધું છે કે, 'અમે ઓગણજ સભામાં નહીં જઈએ, અમે તો ગાંધીનગર જઈને જ રહીશું.'

# અમદાવાદમાં અકસ્માતો નિવારવા પદયાત્રીઓ માટે આધુનિક 'પેલિકન સિગ્નલ'

**અમદાવાદ**

અમદાવાદમાં શહેરના સૌથી વધુ વ્યસ્ત અને ધમધમતા વેપારી વિસ્તાર એવા સી.જી. રોડ પર મ્યુનિસિપલ માર્કેટ પાસે પ્રાયોગિક ધોરણે એક ખાસ પેલિકન ટ્રાફિક સિગ્નલ ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે. આ સુવિધામાં જ્યારે પણ કોઈ નાગરિકને આ વ્યસ્ત રોડ ઓળંગવો (ક્રોસ કરવો) હોય, ત્યારે તેમણે માત્ર રોડ કિનારે સિગ્નલના પોલ (થાંભલા) પર લગાવેલું એક ખાસ બટન દબાવવાનું રહેશે. નાગરિક દ્વારા બટન દબાવતાની સાથે જ આ આધુનિક સિગ્નલ સિસ્ટમ સક્રિય થઈ જશે અને થોડી જ ક્ષણોમાં સામેથી આવતા વાહનો માટેની ટ્રાફિક લાઈટ લાલ (Red) થઈ જશે. વાહનો માટે લાલ લાઈટ થતાં જ તમામ વાહનો ત્યાં જ ઉભા રહી જશે.

# ગુજરાતમાં હવે ગ્રીન એનર્જી, સેમિકન્ડક્ટર પર વિશેષ ફોકસ

## પર્યાવરણ અને કામદારોના કલ્યાણ પર ભાર, સ્ટાર્ટઅપ્સ અને મહિલા ઉધોગસાહસિકો માટે સહાય

ગુજરાત સરકારે રાજ્યના ઔદ્યોગિક વિકાસને વેગ આપવા અને વર્ષ 2047 સુધીના લાંબાગાળાના આર્થિક લક્ષ્યાંકોને સાકાર કરવાના ભાગરૂપે પોતાની નવી ઔદ્યોગિક નીતિ-2026 જાહેરાત કરી છે. આ નવી નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને મજબૂત બનાવવાનો, વૈશ્વિક રોકાણ આકર્ષવાનો અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવાનો છે. નવી નીતિમાં આધુનિક ટેકનોલોજી, ટકાઉ વિકાસ અને નવીનતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.



રાજ્યમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પ્રવૃત્તિઓ વધારવા માટે સરકારે નવી યોજનાઓ મૂકી છે. જેમાં ઓછામાં ઓછું $300 કરોડનું રોકાણ કરનારા પ્રથમ 5 R&D કેન્દ્રોને વિશેષ નાણાકીય પ્રોત્સાહનો આપવામાં આવશે. આ પ્રોત્સાહનોમાં મૂડી સબસિડી, જમીન ખર્ચ પરત સહાય, કર્મચારી ખર્ચ અને પેટન્ટ મેળવવા માટેની સહાય સામેલ છે. વૈશ્વિક ટેકનોલોજી કંપનીઓને આકર્ષવા માટે 'ગુજરાત રિસર્ચ એન્ડ ઈનોવેશન પાર્ક' ની સ્થાપના કરવાની પણ યોજના છે. ઉદ્યોગોના કારણે પર્યાવરણને નુકસાન ન થાય તે માટે ગ્રીન મેન્યુફેક્ચરિંગ અપનાવનારા એકમોને આર્થિક સહાય અપાશે. વેસ્ટવોટર રિસાયક્લિંગ, ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ (ZLD) પ્રોજેક્ટ્સ અને કોમન એન્વાયર્નમેન્ટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સબસિડીની જોગવાઈ છે. સાથે જ, ઔદ્યોગિક કામદારો માટે આવાસની સુવિધા, ખાનગી ઔદ્યોગિક પાર્ક અને સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરો સ્થાપવામાં આવશે. ભીડભાડવાળા શહેરી વિસ્તારોમાંથી ઉદ્યોગોને બહાર ખસેડવા માટે Project T.H.R.I.V.E. અંતર્ગત પ્રોત્સાહનો જાહેર કરાયા છે.

# હાઈ-પ્રોફાઈલ દાણચોરી અને ડ્રગ્સ હેરાફેરીમાં પણ મહિલાઓ અગ્રેસર

## જેદ્દાહથી અમદાવાદ આવેલી પાલનપુરની ચાર મહિલા પેસેન્જર પાસેથી 1.53 કરોડના સોનાના દાગીના મળી આવ્યા

**અમદાવાદ**

વર્ષો પહેલા રિલીઝ થયેલી સંજય દત્ત અને શ્રીદેવીની ફિલ્મ ગુમરાહમાં જે રીતે શ્રીદેવીને ડ્રગ્સની હેરાફેરી કેસમાં ખોટી રીતે ફસાવી દેવામાં આવે છે તેવી રીતે પોતાને ડ્રગ્સના ખોટા કેસમાં એક મિત્રએ ફસાવી દીધી છે આવો દાવો મોડેલ હર્ષા સોનીએ મુંબઈ એરપોર્ટ પર કર્યો હતો. હર્ષા સોની થાઈલેન્ડથી મુંબઈ આવતી વખતે એરપોર્ટ પર ૧૧.૮૨ કરોડના હાઈબ્રિડ ગાંજા સાથે ઝડપાઈ ગઈ છે. આ તો થઈ એક મહિલાની વાત પરંતુ છેલ્લા ઘણા સમયથી સ્મગલિંગ અને ડ્રગ્સની હેરાફેરીમાં મહિલાઓની સંડોવણી સતત વધી રહી હોવાનું સેન્ટ્રલ એજન્સીઓના ધ્યાનમાં આવ્યું છેદેશના મુખ્ય તમામ એરપોર્ટ પર છેલ્લા બે વર્ષ દરમિયાન પકડાયેલા હાઈ-પ્રોફાઈલ દાણચોરી અને ડ્રગ્સ હેરાફેરીના કેસોમાં મહિલાઓની સંડોવણી વધી રહી હોવાની વાત સામે આવી છે. વર્ષ ૨૦૨૪થી ૨૦૨૬ દરમિયાન બેંગ્લોર, મુંબઈ, અમદાવાદ અને સુરત એરપોર્ટ પર નોંધાયેલા મોટા કેસોમાં મહિલાઓ ઝડપાઈ છે.કસ્ટમ્સની ઓફિસ ખાતેથી જાણવા મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૨૫માં દેશભરમાં ચર્ચાસ્પદ બનેલા કેસમાં પૂર્વ ડીજીપીની પુત્રી રાનિયા રાવની દુબઈથી બેંગ્લોર પહોંચ્યા બાદ ઙ્કીૈં દ્વારા અટકાયત કરવામાં આવી હતી. તેની પાસેથી ૧૪.૨ કિલોગ્રામ સોનું મળી આવ્યું હતું, જેની તે વખતે બજાર કિંમત આશરે ૧૨.૩૬ કરોડ હોવાનું બહાર આવ્યું હતું.અમદાવાદ એરપોર્ટ પર જુલાઈ ૨૦૨૫માં અબુધાબીથી આવેલી મહિલા પેસેન્જર રસીદા પાસેથી ૧૨ કરોડ કિંમતની રિચાર્ડ મિલે બ્રાન્ડની લક્ઝરી ઘડિયાળ જપ્ત કરવામાં આવી હતી. ત્યારબાદ નવેમ્બર ૨૦૨૫માં ૧૭ લાખની રોલેક્સ ઘડિયાળ સાથે એક મહિલા અને અન્ય પેસેન્જરની પણ અટકાયત કરવામાં આવી હતી.સપ્ટેમ્બર ૨૦૨૫માં મુંબઈની હિમાની નામની યુવતી અમદાવાદ એરપોર્ટ પર ૪૩ લાખના આઈફોન સાથે ઝડપાઈ હતી. તપાસ દરમિયાન વિદેશ પ્રવાસના બહાને અંદાજે એક કરોડ રૂપિયાના આઈફોનની હેરાફેરી કર્યાનું પણ સામે આવ્યું હતું.જેદ્દાહથી અમદાવાદ આવેલી પાલનપુરની ચાર મહિલા પેસેન્જર પાસેથી ૧.૫૩ કરોડના સોનાના દાગીના મળી આવ્યા હતા. આ કેસમાં પાલનપુરના ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકની પણ ધરપકડ કરવામાં આવી હતી.સુરત એરપોર્ટ પર સપ્ટેમ્બર ૨૦૨૫માં દુબઈથી આવેલી એક મહિલા અને તેના સાથી મુસાફર પાસેથી આશરે ૨૫ કરોડના ગોલ્ડ બિસ્કિટ જપ્ત કરવામાં આવ્યા હતા. તાજેતરમાં ૧૨ જૂન ૨૦૨૬ના રોજ મુંબઈ એરપોર્ટ પર એર ઈન્ડિયાની ફ્લાઈટ મારફતે થાઈલેન્ડથી આવેલી મોડલ અને બ્યુટી પેજન્ટ રનર-અપ હર્ષા સોનીની કસ્ટમ વિભાગે અટકાયત કરી હતી. તેની પાસેથી ૧૧.૮૨ કરોડની કિંમતનો હાઈબ્રિડ ગાંજા મળી આવ્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

# વડગામમાં ખેતરે જતાં પિતા-પુત્ર પર વીજ વાયર પડતાં બન્નેના મોત

### અચાનક બનેલી ઘટનાથી પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ

**બનાસકાંઠા**

ગુજરાતમાં બુધવારની સાંજથી જ અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૬૩ તાલુકમાં વરસાદ વરસ્યો હતો. ત્યારે વડગામના સકલાણા ગામમાં કરૂણ ઘટના બની છે. જેમાં ખેતરમાં વીજ વાયર પડતા પિતા અને પુત્રનું મોત નીપજ્યું છે. હાલ બંન્નેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવ્યા છે. આ સમાચાર મળતાની સાથે પરિવાર અને આખા વિસ્તારમાં શોકનો માહોલ છવાયો છે.મળતી માહિતી પ્રમાણે, પિતા પુત્ર બુધવારે રાત્રિ દરમિયાન ટુ વ્હીલર પર ખેતરમાં જઈ રહ્યા હતા તે સમયે આ ગોઝારી ઘટના બની છે. ખેતરમાં વીજ વાયર તેમની પર પડતા પિતા અને પુત્રનું મોત નીપજ્યું છે. ઘટનાસ્થળે જ બંનેના મોત નીપજ્યાં હતા. પિતા અને પુત્રના મોત નીપજવાને કારણે પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. પિતા પુત્રના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વડગામની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પિતા-પુત્રના નિધનથી સકલાણા ગામ સહિત સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાયો છે.

# બનાસકાંઠામાં પત્રકાર અને માજી સરપંચે નકલી પોલીસ બની 5 લાખ પડાવી લીધા

### આધેડને બ્યુટી પાર્લરવાળી ભાવના સાથે મિત્રતા લાખો રૂપિયામાં પડી

**બનાસકાંઠા**

વડગામ તાલુકાના રૂપાલ ગામની વતની અને હાલ છાપીમાં બ્યુટી પાર્લર ચલાવતી ભાવનાબેન પ્રજાપતિ ઉર્ફે ભૂમિ પંચાલે કરશનપૂરા ગામના ૫૮ વર્ષીય આધેડ અબ્દુલભાઈ નસિરભાઈ વરાળીયા (મુમન) સાથે મોબાઈલ ફોન પર અવારનવાર વાતચીત કરીને નજીકતા કેળવી હતી. ગત રોજ પ્લાનિંગ મુજબ મહિલાએ આધેડને મળવા માટે છાપી ખાતે બોલાવ્યા હતા.

અબ્દુલભાઈ પોતાની ગાડી લઈને ત્યાં પહોંચતા, ભાવનાબેન અને તેમની સાથે પાર્લરમાં કામ કરતી અન્ય એક યુવતી ગાડીમાં સવાર થઈ ગયા હતા અને તેઓ ગાડી લઈને બાવલચૂડી ગામના એકાંત જગ્યા તરફ ગયા હતા. બાવલચૂડી ગોચરમાં પહોંચતા જ પાર્લરની યુવતી ગાડીમાંથી નીચે ઉતરી ગઈ હતી, જ્યારે ભાવનાબેને ગાડીની અંદર જ આધેડના કપડાં ઉતરાવ્યા હતા. આ જ સમય દરમિયાન અગાઉથી ગોઠવાયેલા પ્લાન મુજબ અન્ય એક ગાડીમાં ત્રણ ઈસમો ત્યાં ધસી આવ્યા હતા. આ શખ્સોએ પોતે પાલનપુર એલસીબી પોલીસમાંથી આવે છે તેવી ખોટી ઓળખ આપી અબ્દુલભાઈને ધમકાવવાનું શરૂ કર્યું હતું. તેમણે આધેડને બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવાની અને જેલમાં ધકેલી દેવાની ધમકી આપી ?૧૫ લાખની તોતિંગ ખંડણી માંગી હતી.

ભારે ખેંચતાણ અને ડરના માહોલ વચ્ચે આખરે ?૫ લાખમાં પતાવટ થઈ હતી અને આરોપીઓ રોકડા રૂપિયા પડાવી ફરાર થઈ ગયા હતા.

# ધ્વનિ પ્રદૂષણ રોકો અથવા કન્ટેમ્પ્ટનો સામનો કરો ગુજરાત હાઈકોર્ટની રાજ્ય સરકારને ચેતવણી

### બે દાયકા જૂના સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું છડેચોક ઉલ્લંઘન થતાં કડક પગલાંના સંકેત

**અમદાવાદ**

ગુજરાતમાં બેફામ ધ્વનિ પ્રદૂષણ મામલે ગુજરાત હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું છે. હાઈકોર્ટે રાજ્યના વહીવટી તંત્ર અને પોલીસ સત્તાધિકારીઓને ચેતવણી આપતા સ્પષ્ટ કર્યું છે કે, 'જો તેઓ ધ્વનિ પ્રદૂષણ અંગે સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન અને રાજ્ય સરકારના જાહેરનામાની ચુસ્ત અમલવારી કરવામાં નિષ્ફળ જશે, તો તેમની સામે અદાલતી અવમાનનાની સીધી કાર્યવાહી કરવામાં આવશે.' અરજીકર્તા પંચાલે કોર્ટમાં



વ્યક્તિગત રીતે હાજર રહીને ધારદાર દલીલો કરી હતી કે, 'દેશની સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ) દ્વારા બે દાયકા (20 વર્ષ) પહેલાં ધ્વનિ પ્રદૂષણ નિયંત્રણ અંગે સ્પષ્ટ અને કડક માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી હોવા છતાં, સ્થાનિક સત્તાધિકારીઓ અને પોલીસની રહેમનજર હેઠળ નિયમોનું સતત અને છડેચોક ઉલ્લંઘન થઈ રહ્યું છે.'

અરજીકર્તાએ કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે, 'સત્તાધિકારીઓ ધ્વનિની નક્કી કરાયેલી ડેસિબલ મર્યાદા અને સાઉન્ડ લિમિટર્સ લગાવવાની કાયદાકીય જરૂરિયાતને સદંતર નજરઅંદાજ કરી રહ્યા છે. વ્યાપારી અને ધાર્મિક પ્રસંગોએ લાઉડસ્પીકર્સ અને મોટા ડીજે ટ્રકોને નિયમો વિના આડેધડ મંજૂરીઓ આપી દેવામાં આવે છે.'

# વિઝાના બહાને ઠગાઈ કરનારા મુંબઈની એજન્સીના બે સામે ગુનો

**મહેસાણા**

વિસનગર અને ઊંઝા તાલુકાના વિદેશ જવા ઈચ્છુક યુવાનોને વર્ક પરમિટ અને પી.આર. વિઝા અપાવવાના બહાને રૂ.૯,૯૫,૦૦૦ની ઠગાઈ આચરવાના કિસ્સામાં મુંબઈની એક જાણીતી એજન્સીના બે સંચાલકો સામે ગુનો નોંધાયો છે.વિસનગરના આકાશચંદ્ર બાબુલાલ પટેલ અને ભરતસિંહ ઉદાજી રાજપૂત સમક્ષ મલાડ વેસ્ટમાં આવેલી 'એરીસ ઓવરસીઝ' કંપનીના પ્રતિનિધિઓ દેવ ગોહિલ અને અયાનખાને કંપનીનો વિઝા સક્સેસ રેશિયો ૧૦૦% હોવાનો દાવો કરી આકર્ષક કેટલોગ દર્શાવ્યા હતા. તેમની વાતોમાં આવી ગયેલા આકાશચંદ્ર અને ભરતસિંહે મુંબઈમાં તેમની ઓફિસની મુલાકાત લીધા બાદ પોતાના ચાર ગ્રાહકો ઊંઝા તાલુકાના કહોડાના હિતેશકુમાર રાજપૂત, હાર્દિકકુમાર રાજપૂત અને દિલીપસિંહ રાજપૂત તેમજ વિસનગર કાંસા એનએના હાર્દિક પટેલના લક્ઝમબર્ગ અને કેનેડાના વર્ક વિઝાની પ્રક્રિયા માટે ફાઈલો સોંપી હતી. જેની કાર્યવાહી પેટે અલગ-અલગ તારીખે ઈ્જી અને દ્રઈહ્નના માધ્યમથી કુલ રૂ.૯,૯૫,૦૦૦ તેમને ચૂકવ્યા હતા. પૈસા મેળવ્યા બાદ એરીસ ઓવરસીઝના સંચાલકોએ લાંબો સમય સુધી વિઝા પ્રક્રિયા લટકાવી રાખી હતી.

# રેગિંગ મામલે ગુજરાતની બે મેડિકલ કૉલેજમાંથી 9 સિનિયર ડોક્ટર સસ્પેન્ડ

**અમદાવાદ**

અમદાવાદની બી જે મેડિકલ કોલેજ અને ભાવનગરની સર ટી ગવર્નમેન્ટ મેડિકલ કોલેજના કુલ નવ ડોક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે ભાવનગર મેડિકલ કોલેજના ડીનની આગેવાની હેઠળ એક તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. ભાવનગરની કોલેજના ઓર્થોપેડિક વિભાગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ૧૩ જેટલા જુનિયર રેસિડન્ટ તબીબોને છેલ્લા પાંચેક મહિનાથી બીજા વર્ષના ૬ સિનિયર રેસિડન્ટ તબીબો દ્વારા માનસિક અને અમાનવીય શારીરિક ત્રાસ અપાતો હતો. આ મામલે ફરિયાદના આધારે મેડિકલ કોલેજની એન્ટી રેગિંગ સ્કવોર્ડ દ્વારા છેલ્લા ત્રણ દિવસથી સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

# ગુજરાત SEZનો રેકોર્ડ : નિકાસ ત્રણ લાખ કરોડને પાર, 12 વર્ષમાં 67 ટકાનો ઉછાળો

**અમદાવાદ**

ગુજરાતમાં આવેલા SEZ (સ્પેશિયલ ઈકોનોમિક ઝોન્સ)એ વર્ષ 2025-26માં રૂ. 3,00,793 કરોડની નિકાસ નોંધાવી હતી. રાજ્યમાં SEZથી થતી નિકાસે પ્રથમ વખત રૂ. 3 લાખ કરોડનો આંકડો પાર કર્યો હતો. 12 વર્ષ પહેલાં એટલે કે 2014-15માં SEZની નિકાસ રૂ. 1,79,808 કરોડ હતી, જેની સરખામણીએ આ મોટો વધારો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા 12 વર્ષમાં ગુજરાતના SEZમાંથી થતી નિકાસમાં આશરે 67 ટકાનો વધારો થયો છે. દેશની કુલ SEZ નિકાસમાં રાજ્ય આશરે 21 ટકા ફાળો આપે છે. ગુજરાતના SEZની 12 વર્ષની સિદ્ધિઓ અને પ્રગતિ તેમજ ભવિષ્ય માટેનું વિઝન વિષય પર યોજાયેલા પ્રોગ્રામ દરમિયાન આ સિદ્ધિઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બોલતા વાણિજ્ય મંત્રાલયના એડિશનલ સેક્રેટરી અજય ભાદુએ જણાવ્યું હતું કે, ભારતની એકંદર નિકાસ છેલ્લા દાયકામાં લગભગ બમણી થઈ ગઈ છે, જે અંદાજે 441 બિલિયન ડોલરથી વધીને નાણાકીય વર્ષ 2025-26માં રેકોર્ડબ્રેક 863 બિલિયન ડોલર થઈ ગઈ છે. કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના સૂત્રોએ જણાવ્યું કે, ગુજરાતના SEZમાં રોકાણ 2014-15માં રૂ, 1,22,654 કરોડ હતું જે વધીને 2025-26માં રૂ, 2,28,624 કરોડ થયું છે.

# જેતપરમાં મંત્રી કાંતિ અમૃતિયાના ભાઈ પણ આંદોલનમાં જાડાયા

**મોરબી**

ખાનગી વીજ કંપનીઓની દાદાગીરી સામે ગુજરાતના ખેડૂતો મેદાને પડ્યાં છે. મોરબી જિલ્લાના જેતપર ગામે ખેડૂતોનું આંદોલન શરૂ થયું છે. જેતપર ગામે ખેડૂતોના ખેતરમાં વીજ પોલ નાખવા સમયે પોલીસનો બળપ્રયોગ જાવા મળ્યો હતો. જેથી ખેડૂતોમાં ભારે રોષ જાવા મળી રહ્યાં છે. ગુજરાત સરકારમાં મંત્રી કાંતિ અમૃતિયાના ભાઈ રાકેશ અમૃતિયાએ પણ ઉપસાવ શરૂ કર્યાં છે. વીજ કંપનીઓની કામગીરીથી ખેડૂતોમાં ભારે આક્રોશ જાવા મળી રહ્યો છે. જેતપર ગામે તાજેતરમાં વીજપોલ નાખવા બાબદે પોલીસની દાદાગીરી જાવા મળી હતી. પોલીસે મહિલા અને બાળકોની પણ અટકાયત કરવાનો પ્રયાસ કર્યો હતો.

# ચંબામાં અકસ્માત, કાર ખીણમાં ખાબકતા એક જ ગામના 7ના મોત

## મુંડન સંસ્કારમાં હાજરી આપીને પરત ફરતી વખતે પરિવારને નડ્યો અકસ્માત, સ્થાનિક લોકોએ કર્યું રેસ્ક્યુ, બેદરકાર તંત્ર સામે રોષ

**ચબા**

હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લાના પુખરી વિસ્તાર અંતર્ગત આવતા ચંબા-મસરૂંડ માર્ગ પર ગત બુધવારે મોડી રાત્રે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. છતરૂંડ નજીક એક બોલેરો ગાડી ચાલકના કાબૂ બહાર જતાં માર્ગ કિનારે આવેલી એક ઊંડી ખીણમાં ખાબકી હતી. આ ભયાનક દુર્ઘટનામાં એક જ ગામના સાત લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે,

મળતી માહિતી મુજબ, અકસ્માતનો ભોગ બનેલી બોલેરો ગાડી ગ્રામ પંચાયત કુઠેડના મહલ ગામની હતી. મહલ ગામના રહીશો નજીકની જ પંચાયતના કાકડોથા ગામમાં આયોજિત એક બાળકના મુંડન સંસ્કારના પ્રસંગમાં (ધામ) સામેલ થવા માટે ગયા હતા. ત્યાં પ્રસંગ પત્યા બાદ અને ભોજન લીધા પછી તમામ લોકો રાત્રિના સમયે બોલેરો ગાડીમાં સવાર થઈને પોતાના ઘરે પરત ફરી રહ્યા



હતા. આ દરમિયાન છતરૂંડ પાસે ગાડી અનિયંત્રિત થઈ ખીણમાં પડી ગઈ હતી. અકસ્માત એટલો પ્રચંડ હતો કે વાહનના કુચ્ચેકુચ્ચા ઊડી ગયા હતા અને તેમાં સવાર છ લોકોના તો ઘટનાસ્થળે જ શ્વાસ રૂંધાઈ ગયા હતા. મૃતકોમાં ત્રણ મહિલાઓ અને ત્રણ પુરુષો સામેલ છે. દુર્ઘટનાની જાણ થતાં જ આસપાસના ગામના લોકો સૌથી પહેલા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક રાહત તેમજ બચાવ કામગીરી (રેસ્ક્યુ) શરૂ કરી દીધી હતી. ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવીને ખીણમાં ઉતરીને મૃતદેહોને બહાર કાઢવાનું કામ કર્યું હતું. ત્યારબાદ પોલીસ અને વહીવટી તંત્રની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સ્થાનિક લોકોએ વહીવટી તંત્ર સામે આક્રોશ ઠાલવતા આક્ષેપ કર્યો છે કે, જે જગ્યાએ આ અકસ્માત થયો ત્યાં લાંબા સમયથી રોડની સાઈડમાં 'ક્રેશ બેરિયર' (સુરક્ષા દિવાલ/રેલિંગ) લગાવવામાં આવ્યા નથી. જો રસ્તા પર પૂરતી સુરક્ષા વ્યવસ્થા હોત તો કદાચ આટલી મોટી દુર્ઘટનાને ટાળી શકાઈ હોત. ચંબાના પોલીસ અધિક્ષક (SP) વિજય કુમાર સકલાનીએ ઘટના અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, "છતરૂંડ પાસે બોલેરો વાહન દુર્ઘટનાગ્રસ્ત થવાની માહિતી મળતાં જ પોલીસ ટીમને તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી.

# રામમંદિરમાં દાનની ચોરી બાદ સરકાર ટ્રસ્ટના CEOની નિમણૂક કરવા મંથન

**અયોધ્યા**

રામ મંદિરના વ્યવસ્થાપનની જવાબદારી સંભાળતા શ્રીરામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં ટૂંક સમયમાં જ મુખ્ય કાર્યપાલક અધિકારીની પણ એન્ટ્રી થઈ શકે છે. ટ્રસ્ટમાં CEOની નિમણૂક સંબંધિત કાનૂની પ્રક્રિયાની માહિતી પણ લેવામાં આવી રહી છે. રામ મંદિરના ચઢાવામાં ચોરીના પ્રકરણ સામે આવ્યા બાદ દેશભરમાં મચેલી ઊથલપાથલના કારણે સરકાર ડાઘ વગરની છબી ધરાવતા કોઈ નિવૃત્ત વહીવટી અધિકારીને ટ્રસ્ટમાં CEO નીમીને તેને જવાબદારી આપવા જઈ રહી છે.

દેશના અન્ય પ્રખ્યાત મંદિરોમાં પહેલાથી જ વહીવટી અધિકારીઓની નિમણૂક થયેલી છે. સૂત્રોનું કહેવું છે કે સરકારનું માનવું છે કે ટ્રસ્ટમાં કોઈ વહીવટી અધિકારીની નિમણૂક થવી જરૂરી છે. જેનાથી મંદિરને મળતા દાન અને ચઢાવા વગેરેમાં નાણાકીય પારદર્શિતા જાળવી શકાશે. જન્મભૂમિ પર ભવ્ય રામ મંદિરના નિર્માણ સંબંધે 9 નવેમ્બર 2019ના રોજ સુપ્રીમ કોર્ટનો આદેશ આવી ગયા પછી, કેન્દ્ર સરકારે 5 ફેબ્રુઆરી 2020ના રોજ શ્રીરામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચના કરી હતી. જેની રચનાની જાહેરાત સ્વયં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં કરી હતી.

# ઉદ્ધવ ઠાકરે જૂથમાં ભંગાણ : વ્હીપ છતાં 9માંથી માત્ર 3 સાંસદો બેઠકમાં હાજર

## જે બેઠકમાં આવ્યા છે તે આપણા છે. નથી આવ્યા તે ગદાર છે : સંજય રાઉત

**મુંબઈ**

મહારાષ્ટ્રના રાજકારણમાં ચાલી રહેલો હાઈવોલ્ટેજ ડ્રામા હવે નિર્ણાયક વળાંક પર પહોંચી ગયો છે. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (UBT)માં ભંગાણની અટકળો વચ્ચે, ગુરુવારે દિલ્હીમાં સંસદ ભવન ખાતે પક્ષની સંસદીય બેઠક યોજાઈ હતી. પરંતુ પક્ષ દ્વારા આદેશ અને 'વ્હીપ' જાહેર કરાયો હોવા છતાં, સવારે 11 વાગ્યાના નિયત સમયે 9માંથી માત્ર 3 લોકસભા સાંસદો જ બેઠકમાં હાજર રહ્યા હતા. બળવાખોર કેમ્પનો હિસ્સો હોવાનું મનાતું હોય તેવા 6 સાંસદોમાંથી એક પણ નેતા આ બેઠકમાં ફરક્યા નથી. બેઠકમાં કયા સાંસદો હાજર છે અને કોણ ગેરહાજર છે તેનું ચોક્કસ આકલન કરવા માટે પક્ષ દ્વારા એક સ્પેશિયલ એટેન્ડન્સ રજિસ્ટર (હાજરી પત્રક) તૈયાર કરવામાં આવ્યું હતું. બેઠકમાં હાજર રહેલા વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉતે સંસદ ભવન પહોંચતા જ પત્રકારો સામે કડક વલણ અપનાવતા કહ્યું કે, જે લોકો બેઠકમાં આવ્યા છે તે આપણા છે. જેઓ નથી આવ્યા તે ગદ્દાર અને અપ્રમાણિક છે. બેઠકમાં હાજર રહેલા 3 લોકસભા સાંસદોમાં અનિલ દેસાઈ, અરવિંદ સાવંત અને રાજાભાઉ વાજેનો સમાવેશ થાય છે. મુખ્ય પ્રવક્તા અરવિંદ સાવંતે આ બેઠક માટે વ્હીપ જાહેર કર્યો હતો અને સંકેત આપ્યા હતા કે ગેરહાજર રહેનારા સાંસદો સામે પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ સભ્યપદ રદ કરાવવા માટેની કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

# નાગપુર ખાતે એરફોર્સ અધિકારીની પત્ની સાથે દુષ્કર્મ અને જબરદસ્તી ધર્મપરિવર્તનો પ્રયાસ

## પીડિતોને કોઈને કહેશે તો જાનથી મારી નાંખવાની ધમકીઓ પણ અપાઈ હતી

**નાગપુર**

મહારાષ્ટ્રના નાગપુર શહેરમાંથી એક એવી જ ચોંકાવનારી અને હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. દેશની IAFના એક વરિષ્ઠ અધિકારીની પત્ની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની અને ત્યારબાદ તેની પર ઈસ્લામ અંગીકાર કરવા માટે દબાણ કરવામાં આવ્યું હોવાની ગંભીર ફરિયાદ નોંધાતા સનસનાટી મચી ગઈ છે. મહિલાઓની સુરક્ષા અને ધાર્મિક



સ્વતંત્રતા પર પ્રહાર કરતી આ ઘટનાએ હવે મોટું સ્વરૂપ ધારણ કર્યું છે.

આ ચકચારી ઘટના નાગપુરના લશ્કરી વિસ્તાર ગણાતા 'વાયુસેના નગર' માં પ્રકાશમાં આવી છે. ભોગ બનનાર પીડિતાએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી સત્તાવાર ફરિયાદ અનુસાર, આરોપીએ તેની લાચારી અને કૌટુંબિક પરિસ્થિતિઓનો ગેરફાયદો ઉઠાવીને આ ઘનૌનું કૃત્ય આચર્યું હતું. આરોપીએ વિશ્વાસઘાત કરીને મહિલાની મરજી વિરુદ્ધ તેની સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધો બાંધ્યા હતા. અને પીડિતાને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવી હતી.

# પીએમ મોદી પર ટિપ્પણી કરનાર ખડગેને સાંસદો દ્વારા વિશેષાધિકાર ભંગની નોટિસ

**નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કથિત અપમાનજનક ટિપ્પણી કરવા બદલ ભાજપના 6 સાંસદોએ રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે સામે વિશેષાધિકાર ભંગની નોટિસ આપી છે. સાંસદોનો આક્ષેપ છે કે, ખડગેની ટિપ્પણી ગૃહની ગરિમા અને સંસદીય પરંપરાઓને અનુરૂપ નથી. ભાજપના સાંસદોએ રાજ્યસભાના સભાપતિને આ મામલે સંજ્ઞાન લઈને મલ્લિકાર્જુન ખડગે વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

રાજ્યસભાના સભાપતિ સી. પી. રાધાકૃષ્ણને મલ્લિકાર્જુન ખડગે વિરુદ્ધ દાખલ કરાયેલી આ વિશેષાધિકાર ભંગની નોટિસને તપાસ માટે વિશેષાધિકાર સમિતિ પાસે મોકલી આપી છે. રાજ્યસભાની કાર્યવાહી અને કામકાજ સંચાલન નિયમાવલીના નિયમ 188 હેઠળ ભાજપના 6 સાંસદોએ આ નોટિસ આપી છે. જેમાં બ્રિજ લાલ, મિથિલેશ કુમાર, સુમિત્રા બાલ્મિક, શિવેશ કુમાર, ડૉ. સિકંદર કુમાર અને નાગેન્દ્ર રાયે સંયુક્ત રીતે આ નોટિસ આપી હતી. નોટિસમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ સતત અને જાણીજોઈને અત્યંત અપમાનજનક ટિપ્પણીઓ કરી છે.


# ગુજરાત, રાજસ્થાન સહિત દેશના 15 રાજ્યમાં 65 કિમીની ઝડપે પવન ફુંકાવા સાથે ભારે વરસાદ થવાની આગાહી

## જયપુર અને મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં સાંજના સમયે વરસાદ અને તોફાન આવી શકે

**નવી દિલ્હી**

દેશમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસું કેરળના દરિયાકાંઠેથી ધીમે ધીમે અન્ય રાજ્યો તરફ આગળ વધી રહ્યું છે. આ સ્થિતિ વચ્ચે ભારતીય હવામાન વિભાગ દ્વારા દેશના 15 રાજ્યોમાં આંધી તોફાન અને વરસાદનું હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ રાજ્યોમાં ગાજવીજ સાથે 65 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાવાની શક્યતા છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા 15 રાજ્યોમાં વરસાદ અને તોફાનની ચેતવણી



આપવામાં આવી છે, જેમાં દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, જમ્મુ કાશ્મીર, ગુજરાત, તમિલનાડુ, આસામ, નાગાલેન્ડ અને ત્રિપુરા છે.

દેશની રાજધાની દિલ્હી અને NCRમાં હવામાન પલટાવાની શક્યતા છે, જેનાથી લોકોને કાળઝાળ ગરમીમાંથી મોટી રાહત મળી શકે છે. IMD મુજબ, આ દિવસોમાં 'થન્ડરસ્ટોર્મ વિથ રેન'નું એલર્ટ છે. ગુરુવારે રાજસ્થાનની રાજધાની જયપુરમાં વરસાદ અને આંધી તોફાનનું એલર્ટ છે, જ્યાં 50 થી 70 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં સાંજના સમયે વરસાદ અને તોફાન આવી શકે છે. અહીં મહત્તમ તાપમાન 34 ડિગ્રી અને લઘુત્તમ 26 ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે.

# પૂર્વ CM ઉમા ભારતીની તબિયત લથડી, હરિદ્વારથી દિલ્હી જઈ રહ્યા હતા

**લખનઉ**

ભાજપના વરિષ્ઠ નેતા અને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતીની અચાનક તબિયત ખરાબ થવાના સમાચાર સામે આવ્યા છે. હરિદ્વારથી દિલ્હી જતી વખતે રસ્તામાં જ તેમની તબિયત લથડી હતી. આ ઘટના ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લામાં બની હતીબુધવારે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું હતું કે, 'મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતી હરિદ્વારથી રોડ માર્ગે દિલ્હી જવા માટે નીકળ્યા હતા. આ પ્રવાસ દરમિયાન ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લામાં અચાનક તેમની તબિયત બગડી ગઈ હતી. તબિયત લથડતાંની સાથે જ પ્રોટોકોલ મુજબ તાત્કાલિક સ્થાનિક આરોગ્ય વિભાગને જાણ કરવામાં આવી હતી.

# છત્તીસગઢમાં રેત ખનનની અદાવતમાં લોહીયાળ ખેલ ભાજપ નેતા સહિત 3ને કારમાં જીવતા સળગાવી દીધા

**રાંચી**

છત્તીસગઢના કોરિયા જિલ્લામાં રેત ખનનની જૂની અદાવતમાં લોહીયાળ ખેલ ખેલાયો છે. રેત ખનન વ્યવસાય સાથે જોડાયેલા બે જૂથો વચ્ચે થયેલા વિવાદમાં ભાજપના નેતા ભરત સિંહ સહિત 3 લોકોને ફોર્ચ્યુનર કારની અંદર જીવતા સળગાવીને મારી નાખવામાં આવ્યા છે. જ્યારે અન્ય 2 લોકોની હાલત ગંભીર છે. પોલીસે FIR નોંધીને 4 આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, કેટલાક લોકો બે અલગ-અલગ વાહનો એક ટોયોટા ફોર્ચ્યુનર SUV અને એક સ્કોડા સેડાનમાં સવાર થઈને જઈ રહ્યા હતા, ત્યારે વિરોધી જૂથના લોકોએ કથિત રીતે તેમના પર હુમલો કરી દીધો હતો. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે હુમલાખોરોએ ફોર્ચ્યુનરને એક ટીપર ટ્રકથી ઘણી વખત ટક્કર મારી હતી, જેના કારણે કાર ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી અને તેના દરવાજા જામ થઈ ગયા હતા. બાદમાં કારમાં આગ લાગી ગઈ હતી.

જે લોકો ગાડીની બારીઓ તોડીને બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યા હતા, તેમના પર પણ હુમલાખોરોએ હુમલો કર્યો હતો. તેમણે જણાવ્યું કે, વાહનમાં સવાર લોકોમાંથી એક ભરત સિંહ (60) જીવતા સળગી ગયા હતા, જ્યારે ફોર્ચ્યુનરમાં સવાર અન્ય બે લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા.

સ્કોડા કારમાં સવાર વીરેન્દ્ર પ્રતાપ સિંહ (32) પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવામાં આવતા તેઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમનું અંબિકાપુર હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ફોર્ચ્યુનરમાં સવાર અન્ય એક વ્યક્તિ નાગેન્દ્ર સિંહ (53) લગભગ 80% જેટલા દાઝી ગયા હતા, જેમનું સારવાર અર્થે રાયપુર લઈ જતી વખતે મોત થઈ ગયુ છે. અન્ય બે ઘાયલોને વધુ સારવાર માટે રાયપુર મોકલવામાં આવ્યા છે.

## ટેલીગ્રામ આતંકી ગતિવિધિનો અડ્ડો બન્યું, હાઈકોર્ટમાં કેન્દ્ર સરકારે રજૂ કરી દલીલ

**નવી દિલ્હી**

મેસેજિંગ એપ ટેલિગ્રામ પર લાગેલા અસ્થાયી પ્રતિબંધને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે કોર્ટમાં મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. સરકારનું કહેવું છે કે ટેલિગ્રામ આતંકવાદી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે સૌથી સરળ અને અનુકૂળ પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે. ટેલિગ્રામ દ્વારા પ્રતિબંધ સામે કોર્ટમાં પડકાર આપવામાં આવ્યો છે અને મામલો હાલમાં ન્યાયિક વિચારણા હેઠળ છે. સરકાર તરફથી આ કેસમાં વિગતવાર જવાબ કોર્ટ રજિસ્ટ્રીમાં દાખલ કરવામાં આવ્યો છે. આ જવાબ સત્તાવાર રેકોર્ડનો ભાગ બન્યા બાદ કેસની આગળની સુનાવણી હાથ ધરવામાં આવશે.

# બે જવાનને 42 વર્ષની જેલની સજા, આદિવાસી મહિલા સાથે ગેંગરેપ-એસિડ એટેકમાં દોષિત

### ગેંગરેપ બાદ મહિલા પર એસિડ નાખ્યું હતું, ઘટનામાં સહેલીનું શંકાસ્પદ મોત થયું હતું

**આઈઝોલ**

આ કેસ 2017નો છે. 16 જુલાઈ, 2017ના રોજ પીડિતા પોતાની એક સહેલી સાથે ભારત-બાંગ્લાદેશ સરહદ પર સ્થિત મમિત જિલ્લામાં ગસ્કાટા નદીના ગાઢ જંગલોમાં જંગલી શાકભાજી લેવા ગઈ હતી. આ દરમિયાન સ્થાનિક બોર્ડર આઉટપોસ્ટ પર જવાન નીલાંજન દાસ અને દિનેશ કુમારે બંને મહિલાઓને ઘેરી લીધી હતી. જવાનોએ એક મહિલા સાથે બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ પોતાની




ઓળખ છુપાવવા અને પીડિતાને અંધ બનાવવાના ઈરાદાથી તેના ચહેરા પર એસિડ ફેંક્યું હતું. પીડિત મહિલા તો કોઈક રીતે જીવિત બચી ગઈ પરંતુ તેનો ચહેરો હંમેશા માટે ખરાબ થઈ ગયો અને તેની આંખોની રોશની પણ જતી રહી. ચોંકાવનારી વાત એ રહી કે, હુમલા દરમિયાન તેની સહેલી રહસ્યમય રીતે ગુમ થઈ ગઈ હતી. દિવસ બાદ સ્થાનિક વિલેજ ડિફેન્સ પાર્ટી અને રાજ્ય પોલીસ દ્વારા સઘન શોધખોળ બાદ જંગલમાંથી તેનો ખરાબ રીતે સડી ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો. તેની હત્યા થઈ હોવાનું કોર્ટ સમક્ષ સાબિત કરવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. જોકે, કોર્ટે ઠોસ પુરાવાના અભાવે હત્યાના આરોપમાંથી બંને જવાનોને નિર્દોષ જાહેર કર્યા હતા.

## સેના-આસામ રાઈફલ્સની કાર્યવાહી ઉગ્રવાદી સંગઠનોના ઠેકાણાં ધ્વસ્ત

**ઈમ્ફાલ**

16 જૂન 2026ના રોજ ચુરાચાંદપુર જિલ્લાના હેંગલેપ ઉપવિભાગના દૂરના અને દુર્ગમ વિસ્તારમાં આ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ગુપ્તચર એજન્સીઓ પાસેથી માહિતી મળી હતી કે યુનાઈટેડ કુકી નેશનલ આર્મી (UKNA)ના ઉગ્રવાદીઓ આ વિસ્તારમાં સક્રિય છે અને પોતાના ઠેકાણાં બનાવી રહ્યા છે.

ખરાબ હવામાન અને મુશ્કેલ પહાડી ભૂગોળ હોવા છતાં ભારતીય સેના અને આસામ રાઈફલ્સની ટીમે સંયુક્ત રીતે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સુરક્ષા દળો ઉગ્રવાદીઓના ઠેકાણાં નજીક પહોંચતા જ બંને તરફથી ભારે ગોળીબાર શરૂ થયો હતો. અથડામણ દરમિયાન એક ઉગ્રવાદી માર્યો ગયો હતો, જ્યારે અન્ય ઉગ્રવાદીઓ સ્થળ છોડીને ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. ત્યારબાદ સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારમાં સઘન સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું.

તપાસ દરમિયાન ઉગ્રવાદીઓ દ્વારા બનાવવામાં આવેલા મજબૂત બંકરો અને અન્ય ઠેકાણાંને સંપૂર્ણપણે ધ્વસ્ત કરી દેવામાં આવ્યા હતા. આ ઉપરાંત મોટી માત્રામાં હથિયારો, દારૂગોળો અને યુદ્ધસામગ્રી પણ જપ્ત કરવામાં આવી હતી.

## હાઈકોર્ટે મમતાને મોટો ઝટકો આપ્યો ઋતબ્રત બેનર્જી વિપક્ષના નેતા ગણાવ્યા

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની મુશ્કેલીઓનો અંત આવવાનું નામ નથી લઈ રહ્યો. એક તરફ ટીએમસી આંતરિક જૂથબંધી અને બળવાનો સામનો કરી રહી છે, તો બીજી તરફ હવે કલકત્તા હાઈકોર્ટે પણ મમતા કેમ્પને મોટો ફટકો આપ્યો છે. કોર્ટે ટીએમસીના બળવાખોર ધારાસભ્ય ઋતબ્રત બેનર્જીને પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે માન્યતા આપવાના વિધાનસભા અધ્યક્ષ (સ્પીકર) રથેન્દ્ર બોઝના નિર્ણય પર સ્ટે આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ટીએમસીને 80 બેઠકો મળ્યા બાદ મુખ્ય વિપક્ષી પાર્ટી હોવાના નાતે વિપક્ષના નેતાનું પદ ટીએમસીને મળવાનું હતું. પાર્ટી નેતૃત્વએ વરિષ્ઠ ધારાસભ્ય શોભનદેવ ચટ્ટોપાધ્યાયના નામની ભલામણ કરી હતી. જોકે, ટીએમસીના 14 જેટલા ધારાસભ્યોએ એવો દાવો કર્યો હતો કે પાર્ટી દ્વારા રજૂ કરવામાં આવેલી સહીઓ નકલી છે અને કોઈ ઠરાવ પસાર કરવામાં આવ્યો નથી. આ વિવાદ બાદ પાર્ટીએ ઋતબ્રત બેનર્જી અને સંદીપન સાહાને હાંકી કાઢ્યા હતા. આ ઘટનાક્રમ પછી ઋતબ્રત બેનર્જીએ 58 જેટલા ધારાસભ્યોના સમર્થનનો દાવો કરી વિધાનસભા પહોંચ્યા હતા.

# સપાના 25-26 સાંસદો ભાજપમાં જોડાવા તૈયાર યુપીના ડે. CMના દાવાથી રાજકીય ગરમાવો

### વિખવાદથી અખિલેશના સાંસદો આપોઆપ પક્ષ છોડીને ચાલ્યા દેશે : કેશવ પ્રસાદ મૌર્ય

**મહારાષ્ટ્ર**

મહારાષ્ટ્રમાં શિવસેના અને પશ્ચિમ બંગાળમાં TMCમાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ વચ્ચે હવે ઉત્તર પ્રદેશના રાજકારણમાં મોટો ગરમાવો આવ્યો છે. ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યે ચોંકાવનારો દાવો કર્યો છે કે, સમાજવાદી પાર્ટીના 25થી 26 સાંસદો હાલમાં પક્ષ બદલવા અને પાર્ટી તોડવા માટે સંપૂર્ણ તૈયાર બેઠા છે. મમતા બેનર્જી અને ઉદ્ધવ ઠાકરેના પક્ષોમાં થયેલા ભંગાણ બાદ હવે અખિલેશ યાદવની પાર્ટીનો વારો હોવાના ભાજપ નેતાઓના દાવા વચ્ચે આ નિવેદન આવ્યું છે.

નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યે સ્પષ્ટ કહ્યું કે, ભાજપ અત્યારે સપાને પોતાની મેળે નથી તોડી રહી. વર્ષ 2027ની યુપી વિધાનસભા ચૂંટણી સુધીમાં આ નેતાઓ પોતાના આંતરિક વિખવાદના કારણે આપોઆપ જ પક્ષ છોડીને ચાલ્યા જશે.

આ અગાઉ, રાજ્ય સરકારના મંત્રી ઓમ પ્રકાશ રાજભરે સોશિયલ મીડિયા પોસ્ટ પર લખ્યું હતું કે, સમાજવાદી પાર્ટીમાં બહુ મોટું ભંગાણ થવાનું છે. રામગોપાલ યાદવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર પણ સોંપ્યો છે. તેમણે ખનન અને ગોમતી રિવર ફ્રન્ટ કૌભાંડનો ઉલ્લેખ કરીને કહ્યું કે, આખો યુપી તેના માસ્ટરમાઈન્ડને જાણે છે અને કાયદાકીય સકંજો કસાવાના ડરથી આખી સપા ભાજપમાં જોડાવા તૈયાર બેઠી છે.

## દિલ્હીમાં આઇએસઆઇના મોટા આતંકી અને ગુનાહિત નેટવર્કનો પર્દાફાશ, 7ની ધરપકડ

### પાક. ડ્રોનથી હથિયારો-ડ્રગ્સને પંજાબમાં ઘૂસાડી દિલ્હી પહોંચાડાતું હતું

**નવી દિલ્હી**

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલ દ્વારા પાકિસ્તાન સમર્થિત મોટા આતંકી અને ગુનાઈત નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. એટલુ જ નહીં આ મામલામાં પોલીસ દ્વારા સાત આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી છે. આ તમામ આરોપીઓ પાકિસ્તાનમાં સક્રિય આતંકી અને ગેંગસ્ટર શાહઝાદ ભટ્ટી અને તેના સાથી અજમલ ગુજ્જરના ઈશારે કામ કરી રહ્યા હતા. દિલ્હીના સ્પેશિયલ સેલને મે મહિનામાં જ માહિતી મળી ગઈ હતી કે શાહઝાદ ભટ્ટી અને અજમલ ગુજ્જર દિલ્હી એનસીઆર કેટલીક મોટી ઘટનાઓને અંજામ આપવાનું કાવતરુ ઘડી રહ્યા હતા. જે બાદ પોલીસને ગુપ્ત રીતે ઓપરેશન પાર પાડીને મોહિત ઉર્ફ યોગીની ધરપકડ કરી હતી. આ ગેંગ દિલ્હી, ગાઝિયાબાદ અને આસપાસના અનેક મહત્વપૂર્ણ સ્થળોએ રેકી પણ કરી રહી હતી. પાકિસ્તાન દ્વારા ડ્રોનની મદદથી હથિયારો અને આ નશીલા પદાર્થોને ભારતમાં ઘૂસાડવામાં આવ્યા હતા. જે પણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે તે મોટાભાગના યુવા વયના છે. તેમના નામ અનસ ત્યાગી, મોહિત, દીપક, આરિફ, કરણવીર, જતન, સાબિરનો સમાવેશ થાય છે. અને જેમની હાલ આકરી પૂછપરછ કરાઇ રહી છે.

## આગામી પાંચ મહિના ભારત માટે ખતરાની ઘંટડી બની શકે, અલ-નીનોનો કેર વર્તાવશે

### અલ-નીનોની અસર હજુ સંપૂર્ણ જોવા મળી નથી : હવામાન વિભાગ

**નવી દિલ્હી**

ભારતીય હવામાન વિભાગ (IMD)એ આ વર્ષના ચોમાસા અંગે ચિંતાજનક ચેતવણી આપી છે. ચોમાસું કેરળમાં જૂનની શરૂઆતમાં સામાન્ય કરતાં થોડું મોડું પહોંચ્યું છે, જેના કારણે અનેક ભાગોમાં વરસાદ ધીમો પડ્યો છે. ત્યારે IMDએ ચેતવણી આપી છે કે, અલ-નીનોની અસર હજુ સંપૂર્ણ જોવા મળી નથી, જ્યારે તેની અસર વધશે કે પછી સંપૂર્ણ દેખાવા લાગશે ત્યારે જુલાઈથી નવેમ્બર મહિના સુધી અનેક પડકારો જોવા મળી શકે છે. આ વર્ષે સરેરાશ વરસાદ કરતા 90-92 ટકા વરસાદ પડવાની આગાહી કરાઈ છે. જો આ પરિસ્થિતિ સર્જાશે તો દેશના કેટલાક ભાગોમાં દુષ્કાળ જેવી સ્થિતિ ઉભી થઈ શકે છે.

અલ-નીનો એક હવામાનની ઘટના છે, જેમાં પ્રશાંત મહાસાગરના મધ્ય અને પૂર્વ ભાગનું પાણી અસામાન્ય રીતે ગરમ થઈ જાય છે. જ્યારે સામાન્ય દિવસોમાં પૂર્વનો ભાગ ઠંડો રહે છે. ટ્રેડ વિન્ડ્સ (પવન) પૂર્વમાંથી પશ્ચિમ તરફ ફૂંકાતા હોય છે, જોકે અલ-નીનો વખતે આ પવનો નબળા પડી જાય છે અથવા ઉલ્ટી દિશામાં ફંટાવા લાગે છે. આ જ કારણે ભારત તરફ આવતા ભેજવાળા પવનોને અસર થાય છે, જેમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ નબળું પડી જાય છે.

# ઘાનાએ પનામાને ૧-૦થી હરાવ્યું

## કેલેબ ઈરેન્કીએ ૯૫મી મિનિટે ગોલ ફટકારી બાજી પલ્ટી



**ટોરોન્ટો :** કેનેડાના ટોરોન્ટો ખાતે રમાયેલા ફિફ વર્લ્ડ કપ ૨૦૨૬ના એક અત્યંત રોમાંચક અને રસાકસીભર્યા મુકાબલામાં ૪ વખતની આફ્રિકન ચેમ્પિયન ઘાનાની ટીમે પનામાને ઈન્જરી ટાઈમની ૯૫મી મિનિટે ગોલ ફટકારીને ૧-૦ થી પરાજય આપ્યો છે. આ હાર સાથે જ પનામાનું વર્લ્ડ કપના ઈતિહાસમાં પોતાનો સર્વપ્રથમ પોઈન્ટ મેળવવાનું સપનું ખૂબ જ આંચકાજનક રીતે તૂટી ગયું હતું. સમગ્ર મેચમાં શાનદાર ડિફેન્સ કરનારી પનામાની ટીમને અંતિમ સેકન્ડોમાં મળેલી આ હાર ખૂબ જ આકરી સાબિત થઈ છે. મેચમાં ઘાનાની ટીમ તેમના દિગ્ગજ મિડફિલ્ડર થોમસ પાર્ટે વિના મેદાનમાં ઉતરી હતી. યુકેમાં ચાલી રહેલી ફેજદારી કાર્યવાહીના કારણે તેમને કેનેડામાં પ્રવેશવાની સત્તાવાર મનાઈ ફમાવવામાં આવી હતી, જે ઘાના માટે મોટો ઝટકો હતો.

## ઈંગ્લેન્ડે ક્રોએશિયાને ૪-૨થી કચડ્યું

**ડલાસ :** ફીફા વર્લ્ડ કપ ૨૦૨૬માં ઈંગ્લેન્ડે પોતાના અભિયાનની શાનદાર શરૂઆત કરતા ક્રોએશિયાને ૪-૨થી હરાવ્યું હતું. ઈંગ્લેન્ડની આ જીતનો હીરો કપ્તાન હેરી કેન રહ્યે હતો. હેરીએ પ્રથમ હાફમાં જ પોતાની વર્લ્ડ ક્લાસ સ્ટ્રાઈકિંગ ક્ષમતાનું પ્રદર્શન કરતા મેચની ૧૨મી મિનિટે મળેલી પેનલ્ટીને ગોલમાં ફેરવ્યા બાદ, ૪૨મી મિનિટે શાનદાર હેડર દ્વારા બીજો ગોલ કરીને ઈંગ્લેન્ડને મજબૂત સ્થિતિમાં લાવી દીધું હતું. ક્રોએશિયાએ મેચમાં બે વખત જોરદાર વાપસી કરતાં માર્ટિન બાતુરીનાએ શાનદાર ગોલ કરીને સ્કોર ૧-૧ ની બરાબરી પર લાવી દીધો હતો. ત્યારબાદ કેને ફીથી ઈંગ્લેન્ડને લીડ અપાવી. બીજા હાફમાં ઈંગ્લેન્ડની ટીમે પોતાની આક્રમક રણનીતિનો અસલી પરચો આપ્યો હતો. મિડફિલ્ડ સ્ટાર જુડ બેલિંગહામે એક શાનદાર ફિલ્ડ ગોલ કરીને ઈંગ્લેન્ડને ૩-૨ થી આગળ કર્યું, અને અંતે માર્કસ રેશફેર્ડે ગોલ કરીને ઈંગ્લેન્ડની ૪-૨ થી જીત પર આખરી મહોર લગાવી દીધી હતી.




કેપ્ટન હેરી કેને બે ગોલ ફટકારી ગેરી લિનેકર અને ડેવિડ બેકહમના ઐતિહાસિક રેકોર્ડની બરાબરી કરી

## કોલમ્બિયાનો દબદબો : ડેબ્યૂટન્ટ ઉઝબેકિસ્તાનને ૩-૧થી હરાવ્યું

**મેક્સિકો સિટી :** કોલમ્બિયાની ટીમે ઉઝબેકિસ્તાન સામે ૩-૧ ના મોટા અંતરથી વિજય મેળવ્યો છે. કોલમ્બિયાએ શરૂઆતથી જ આક્રમક રમત રમી હતી. ટીમની આ જીતમાં લુઈસ ડિયાઝે એક ગોલ અને એક આસિસ્ટ કરીને સૌથી મહત્વની ભૂમિકા ભજવી હતી, જ્યારે વર્લ્ડ કપમાં ડેબ્યૂ કરી રહેલી ઉઝબેકિસ્તાનની ટીમ તરફથી અબ્બોસબેક ફૈઝુલ્લાએવે પોતાની ટીમ માટે વિશ્વકપ ઈતિહાસનો સર્વપ્રથમ ગોલ નોંધાવ્યો હતો. ૪૦મી મિનિટે ડેનિયલ મુનોઝે કોલમ્બિયા માટે પ્રથમ ગોલ કરીને ટીમને ૧-૦ થી લીડ અપાવી હતી. બીજા હાફમાં ઉઝબેકિસ્તાને જોરદાર વાપસી કરી હતી અને ૬૦મી મિનિટે અબ્બોસબેક ફૈઝુલ્લાએવે શાનદાર ગોલ ફટકકારીને સ્કોર ૧-૧ ની બરાબરી પર લાવી દીધો હતો.

## કોંગોએ પોર્ટુગલ સામે મેચ ૧-૧થી ડ્રો કરી વર્લ્ડકપ હિસ્ટ્રીનો પહેલો પોઈન્ટ મેળવ્યો


**હ્યુસ્ટન :** ફિફ વર્લ્ડ કપ ૨૦૨૬માં બુધવારે રાત્રે એક મોટો ઉલટફેર જોવા મળ્યો હતો. રોનાલ્ડો સહિત સ્ટાર ખેલાડીઓથી સજ્જ અને પોતાના આક્રમક એટેક માટે જાણીતી પોર્ટુગલની ટીમને મોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો એ ૧-૧ ની બરાબરી પર રોકીને મોટો ઉલટફેર કરી દીધો હતો. પહેલા હાઈની ૭મી મિનિટે પોર્ટુગલ તરફથી જોઆઓ નેવેસે ગોલ ફટકારીને પોર્ટુગલના ઈરાદા સ્પષ્ટ કરી દીધા હતાં. પરંતુ પહેલા હાફના ઈન્જરી ટાઈમની છેલ્લી મિનિટ દરમિયાન કોંગોએ વળતો પ્રહાર કરતા સ્ટ્રાઈકર યોઆન વિસાએ શાનદાર હેડર દ્વારા ગોલ ફટકારીને પોર્ટુગલ સહિત સ્ટેડિયમમાં હાજર લોકોને સ્તબ્ધ કરીને 'અમને હલકામાં ના આકશો'નો મેસેજ આપી દીધો હતો. ફિફા વર્લ્ડકપના ઈતિહાસમાં ડ્રો સાથે કોંગોએ પહેલો પોઈન્ટ મેળવીને ઈતિહાસ સર્જી દીધો હતો.



# TIMEની સૌથી પ્રભાવશાળી ૧૦૦ ખેલ હસ્તીમાં સ્મૃતિ એકમાત્ર ભારતીય

**ન્યૂયોર્ક**

ટીમ ઈન્ડિયાની સ્ટાર મહિલા બેટર અને ટીમની વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાને વધુ એક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. ટાઈમ મેગેઝીને સ્મૃતિને ૨૦૨૬ની ૧૦૦ સૌથી પ્રભાવશાળી ખેલ હસ્તીઓની યાદીમાં સામેલ કરી છે. આ યાદીમાં સ્થાન પ્રાપ્ત કરનાર સ્મૃતિ એકમાત્ર ભારતીય ખેલાડી છે. સ્મૃતિને ૪૧મું સ્થાન અપાયું છે. મેગેઝીને ખેલ હસ્તીઓની યાદીને ચાર કેટેગરીમાં વહેંચી છે જેમાં આઈકન્સ, ટાઈટન્સ, ઈનોવેટર્સ અને લીડર્સ



સામેલ છે. મંધાનાને ટાઈટન્સ યાદીમાં રખાઈ છે અને વેબસાઈટ પર ગણતરી કરતા તેનું નામ ૪૧માં નંબરે દેખાય છે. TIME મેગેઝીનની આ યાદી તેવા ખેલાડીઓ, કોચ, ડાઈરેક્ટર્સ અને ખેલ જગત સાથે જોડાયેલી પ્રભાવશાળી હસ્તીઓને સન્માનિત કરે છે, જે વર્તમાન સમયમાં રમતની દિશા નક્કી કરે છે. આ વખતની યાદીમાં અમેરિકન બાસ્કેટબોલ દિગ્ગજ લેબ્રોન જેમ્સ, ફુટબોલ સ્ટાર લિયોનેલ મેસ્સી અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો, ટેનિસ ખેલાડી કાર્લોસ અલ્કારાઝ, ગોલ્ફર રોરી મેકલરોય અને ફીફા પ્રમુખ જિયાની ઈન્ફેન્ટિનો જેવા મોટા નામ પણ સામેલ છે.

# IPL ૨૦૨૭ની સિઝન ૧૦ માર્ચથી ૧૫ મે સુધી યોજવા BCCIની વિચારણા

### મેચની સંખ્યા ૯૪ નહીં પણ ૭૪ જ રાખવામાં આવશે : દેવજીત સૈકિયા

**મુંબઈ**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) આઈપીએલ ૨૦૨૭ને લઈને મોટો નિર્ણય લઈ શકે છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં પડતી ભીષણ ગરમી અને પ્રી-મોન્સૂન વરસાદને ધ્યાનમાં રાખીને બોર્ડ આઈપીએલની આગામી સીઝન નિર્ધારિત સમય કરતાં બે સપ્તાહ વહેલી શરૂ કરવા પર વિચાર કરી રહ્યું છે. બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ જણાવ્યું છે કે, ખેલાડીઓ અને દર્શકોના હિતને ધ્યાનમાં રાખીને આગામી વર્ષથી આઈપીએલનું આયોજન ૧૦ માર્ચથી ૧૫ મે દરમિયાન કરવા પર વિચારણા ચાલી રહી છે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે વ્યસ્ત કાર્યક્રમને જોતા મેચોની સંખ્યા ૭૪ જ રાખવામાં આવશે. સૈકિયાએ જણાવ્યું કે તેમને આઈપીએલ મેચો દરમિયાન ભારતના ઉત્તરી અને પશ્ચિમી ભાગોમાં ગરમીને લઈને ખેલાડીઓની સાથે-સાથે પ્રશંસકો તરફથી પણ ફિયાદો મળી છે. તેમણે કહ્યું, મને પ્રશંસકોની સાથે ખેલાડીઓ તરફથી પણ ઘણી ફિયાદો સાંભળવા મળી રહી છે, કારણ કે તમામ ખેલાડીઓ આટલી ગરમ પરિસ્થિતિઓમાં રમવા ટેવાયેલા નથી.

## સેરેના ચાર વર્ષ બાદ ફરીવાર ગ્રાન્ડસ્લેમ રમતી જોવા મળશે

**લંડન**

ટેનિસ જગતની દિગ્ગજ ખેલાડી સેરેના વિલિયમ્સ લગભગ ચાર વર્ષ બાદ કોઈ ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટમાં વાપસી કરવા જઈ રહી છે. ૪૪ વર્ષીય અમેરિકન સ્ટાર



વિમ્બલ્ડન ૨૦૨૬ માં તેની મોટી બહેન વીનસ વિલિયમ્સ સાથે મહિલા ડબલ્સ વર્ગમાં રમતી જોવા મળશે. ટૂર્નામેન્ટના આયોજકોએ મંગળવારે મહિલા ડબલ્સ માટે વાઈલ્ડ કાર્ડ મેળવનાર જોડીઓની જાહેરાત કરી હતી, જેમાં વિલિયમ્સ બહેનોના નામનો પણ સમાવેશ થાય છે. સેરેના વિલિયમ્સે છેલ્લે યુએસ ઓપન ૨૦૨૨ દરમિયાન કોઈ ગ્રાન્ડ સ્લેમમાં ભાગ લીધો હતો. તે ટૂર્નામેન્ટમાં તેની સફ ત્રીજા રાઉન્ડમાં પૂરી થઈ ગઈ હતી, જ્યાં તેને અજલા ટોમ્લજાનોવિચ સામે ત્રણ સેટ સુધી ચાલેલી મેચમાં હારનો સામનો કરવો પડયો હતો.

## ભારતની મહિલા ટીમે નેધરલેન્ડને ૯૫ રનથી હરાવી સતત બીજી જીત મેળવી

### સ્મૃતિના ૭૪ રન, શ્રીચરણીએ ૪ વિકેટ ઝડપી

**લીડ્સ**

ભારતની મહિલા ટીમે નેધરલેન્ડને ૯૫ રનથી હરાવીને ટ્૨૦ વર્લ્ડકપમાં બીજી મેચ જીતીને પોતાના વિજયી અભિયાનને જાળવી રાખ્યું છે. લીડ્સ ખાતે રમાયેલી આ મેચમાં ભારતે પહેલા બેટિંગ કરતા સ્મૃતિ મંધાના (૭૪ રન) અને શૈફાલી વર્મા (૫૪ રન)ની ઈનિંગના જોરે ટ્૨૦ વર્લ્ડકપનો પોતાનો સર્વોચ્ચ સ્કોર ૨૦૯ રન નોંધાવ્યો હતો. સ્મૃતિ અને શેફાલી વચ્ચે પહેલી વિકેટ માટે ૧૧૫ રનની રેકોર્ડબ્રેક પાર્ટનરશિપ થઈ હતી. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી નેધરલેન્ડની ટીમ ૧૭.૩ ઓવરમાં ૧૧૪ રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. શ્રીચરણીએ તરખાટ મચાવતા ૪ વિકેટ જ્યારે શૈફાલી વર્માએ ૩ વિકેટ ઝડપી હતી.

પ્રથમ બેટિંગ કરતા ભારતીય ઓપનર શેફલી વર્મા અને સ્મૃતિ મંધાનાની જોડીએ વિસ્ફેટક શરૂઆત અપાવી હતી. બંને વચ્ચે પ્રથમ વિકેટ માટે માત્ર ૭૦ બોલમાં ૧૧૫ રનની શાનદાર ઓપનિંગ ભાગીદારી નોંધાઈ હતી. શેફલી વર્મા ૩૮ બોલમાં ૧૦ ચોગ્ગાની મદદથી ૫૫ રન બનાવી આઉટ થઈ હતી.

## બોક્સિંગ વર્લ્ડ કપ : ભારતની મીનાક્ષી ક્વાર્ટર ફઈનલમાં

**ગુઈયાંગ**

ભારતીય મુક્કેબાજ મીનાક્ષીએ ગુરુવારે મુક્કેબાજી વર્લ્ડ કપના બીજા તબક્કામાં મહિલાઓના ૫૧ કિગ્રા વર્ગની ક્વાર્ટર ફઈનલમાં પ્રવેશ કરી લીધો છે. વર્તમાન ૪૮ કિગ્રા વર્લ્ડ ચેમ્પિયન અને આ ભાર વર્ગમાં વિશ્વની નંબર વન મુક્કેબાજ મીનાક્ષી આ ટૂર્નામેન્ટમાં ઓલિમ્પિક ૫૧ કિગ્રા ભાર વર્ગમાં ભાગ લઈ રહી છે. તેણે પોલેન્ડની નતાલિયા



કુચેવસ્કા સામે ૫-૦ થી એકતરફી જીત મેળવીને આગામી રાઉન્ડમાં પોતાની જગ્યા પાકી કરી લીધી છે. ટૂર્નામેન્ટના ચોથા દિવસે રમાયેલા અન્ય એક મુકાબલામાં ભારતના અવિનાશ જમવાલ (૬૫ કિગ્રા) કિર્ગિઝસ્તાનના મિર્ઝોખિદ ઈમામનાઝારોવ સામે ૦-૫ થી હારીને બહાર થઈ ગયા છે. આ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધીમાં કુલ પાંચ ભારતીય

# અમેરિકા-ઈરાન કરારથી 60 દિવસ પછી હોર્મુઝમાં ટોલની ચિંતા

## વૈશ્વિક બજારોમાં ચિંતા, બે જહાજો પર હુમલાનો દાવો, ઈરાનના ટાપુઓ અને સૈન્ય મથકો પર યુએસ સેનાનો પ્રચંડ પ્રહાર

**તહેરાન**

અમેરિકા-ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા માટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાની રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન દ્વારા હસ્તાક્ષર કરાયેલા શરતોના ડ્રાફ્ટને સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો છે. આ કરારમાં હોર્મુઝની ખાડીને ફરીથી ખોલવા અને ઈરાન પરના આર્થિક પ્રતિબંધો હળવા કરવા જેવી બાબતો સામેલ છે. જોકે આ 14 મુદ્દાની સમજૂતીમાંથી 5મો મુદ્દો સૌથી વધુ ધ્યાન ખેંચી રહ્યો છે. આ મુદ્દામાં હાલમાં જહાજો પર કોઈ ટોલ ટેક્સ ન લગાવવાનો ઉલ્લેખ છે, પરંતુ ભવિષ્યમાં ટોલ વસૂલવાની સંભાવનાઓને કારણે દુનિયાની ચિંતા વધી છે.



કરારના સત્તાવાર દસ્તાવેજના 5મા મુદ્દામાં જણાવ્યા અનુસાર આ સમજૂતી પર હસ્તાક્ષર થયા બાદ ઈરાન એ સુનિશ્ચિત કરવાના તમામ પ્રયાસો કરશે કે વાણિજ્યિક જહાજો કોઈપણ પ્રકારના ટોલ ટેક્સ વગર માત્ર 60 દિવસ માટે પર્શિયન ખાડીથી ઓમાન સાગર અને ઓમાન સાગરથી પર્શિયન ખાડી સુધી સુરક્ષિત રીતે અવરજવર કરી શકે. જહાજોની આ અવરજવર તાત્કાલિક અસરથી શરૂ કરી દેવામાં આવશે. જોકે યુદ્ધ દરમિયાન દરિયાઈ માર્ગમાં ઊભી થયેલી ટેકનિકલ અને સૈન્ય અડચણો બિછાવેલી બારૂદી સુરોંગોને સંપૂર્ણપણે હટાવવા ઈરાન 30 દિવસનો સમય લેશે.

આ 5મા મુદ્દાનો સૌથી ગંભીર ભાગ તેના અંતમાં લખાયેલો છે. જેમાં જણાવાયું છે કે ઈરાન આગામી દિવસોમાં ઓમાન દેશ સાથે અને પર્શિયન ખાડીને અડીને આવેલા અન્ય તટવર્તી દેશો સાથે મળીને હોર્મુઝ ખાડીના આગળના સંચાલન અંગે ચર્ચા કરશે. આ પ્રક્રિયા આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને સંબંધિત દેશોના સાર્વભૌમ અધિકારોને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે. હોર્મુઝની ખાડી એ વિશ્વનો સૌથી મહત્ત્વનો દરિયાઈ માર્ગ છે, જ્યાંથી દુનિયાનું 20% કાચું તેલ સપ્લાય થાય છે. 28 ફેબ્રુઆરીથી શરૂ થયેલા યુદ્ધ બાદ ઈરાને આ માર્ગ બંધ કરી દેતા વૈશ્વિક સ્તરે તેલની સપ્લાય ખોરવાઈ ગઈ હતી. આ 5મા મુદ્દાનો સ્પષ્ટ અર્થ એ છે કે આગામી 60 દિવસમાં જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે અંતિમ શાંતિ કરાર થશે, ત્યાં સુધી કોઈ ટોલ લેવાશે નહીં. પરંતુ ત્યારબાદ ઈરાન અને ઓમાન મળીને એક નવી સિસ્ટમ બનાવી શકે છે.

# સરહદ પાસે ચીનનો સૌથી મોટો ડેમ બનવા લાગ્યો, ભારત ઉપર સંકટ

**બેઈજિંગ**

ચીનનું વધુ એક ભારત વિરોધી પગલુ સામે આવ્યું છે, ચીને હવે તિબેટમાં યારલુંગ ત્સાંગપો નદીના નીચલા પ્રવાહ પર વિશ્વના સૌથી મોટા ડેમનું નિર્માણ કામ શરૂ કરી દીધુ છે. જોકે ચિંતાજનક વાત એ છે કે આ નિર્માણ સ્થળ ભારતીય સરહદથી માત્ર ૫૦ કિલોમીટર દૂર છે. ચીનના આ વિશાળ ડેમને કારણે બ્રહ્મપુત્ર નદીના નીચલા જળ સ્તરવાળા વિસ્તારમાં ખાસ કરીને અરુણાચલ પ્રદેશ અને આસામમાં ગંભીર ખતરો વધી ગયો છે. ભારત દ્વારા અનેક વખત વિરોધ કરવામાં આવ્યો હોવા છતા સરહદેથી માત્ર ૫૦ કિમી દૂર તિબેટમાં યારલુંગ ત્સાંગપો નદી પર ચીન વિશ્વનો સૌથી વિશાળ ડેમ બાંધવા જઈ રહ્યું છે. આ ડેમનું બાંધકામ સત્તાવાર રીતે શરૂ કરી દેવામાં આવ્યું છે જેનો ખુલાસો સેટેલાઈટ તસવીરો દ્વારા થયો છે. આ ડેમ ભારત માટે મોટા ખતરા સમાન માનવામાં આવે છે. કેમ કે તેનાથી ચીન સરહદવાળા રાજ્યો તેમજ આસામમાં પૂરની સ્થિતિ પેદા થઈ શકે છે. એટલે ચીનનો આ ડેમ ભારત પર મોટું સંકટ લાવી શકે છે. ચીન દ્વારા બનાવવામાં આવી રહેલો આ ડેમ ભારત માટે એટલે પણ મોટો ખતરો માનવામાં આવે છે.

# ઈન્ડોનેશિયામાં 6.7 તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ અનેક ઈમારતોને નુકસાન, 32 લોકો ઈજાગ્રસ્ત

## 64 ઘરો, 4 ધાર્મિક સ્થળો, 4 જાહેર સુવિધાઓ, બે પુલો, કેફે અને હોટેલને નુકસાન

**પાલુ**

મંગળવારે મધ્ય ઈન્ડોનેશિયાનાં સુલાવેસી ટાપુનાં કેટલાક ભાગોમાં ૬.૭ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેમાં અનેક લોકો ઘાયલ થયા છે. ઘરો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થયું છે. આઠ વર્ષ પહેલા આવેલા ભૂકંપ અને સુનામીથી તબાહ થયેલા શહેરનાં રહેવાસીઓ આજનાં ભૂકંપથી ફરી એક વખત ભયભીત થઈ ગયા હતાં.

શરૂઆતનો ભૂકંપ પાલુથી લગભગ ૪૩ કિલોમીટર પૂર્વ-દક્ષિણપૂર્વમાં આંતરિક રીતે કેન્દ્રિત હતો. યુએસ જીયોલોજીકલ સર્વે અનુસાર ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિમી નીચે હતું.

સાવચેતીનાં પગલારૂપે કેટલીક હોસ્પિટલોએ દર્દીઓને પણ બહાર કાઢ્યા હતાં. પ્રાથમિક અહેવાલ મુજબ શક્તિશાળી ભૂકંપને કારણે ૧૦૯ લોકો વિસ્થાપિત થયા છે અને ૩૨ લોકો ઘાયલ થયા છે. સૂત્રોનાં જણાવ્યા અનુસાર વિસ્થાપિતો અને ઘાયલોની સંખ્યા વધી શકે છે.

૩૨ ઘાયલો પૈકી આઠની સ્થિતિ ગંભીર છે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીનાં પ્રવક્તા અબ્દુલ મુહારીનાં જણાવ્યા અનુસાર ભૂકંપને કારણે બિલ્ડિંગો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. જેમાં ૬૪ ઘરો, ૪ ધાર્મિક સ્થળો, ૪ જાહેર સુવિધાઓ, બે પુલો, બે સરકારી ઓફિસ, એક કેફે અને એક હોટેલનો સમાવેશ થાય છે. એજન્સીએ જણાવ્યું હતું કે સમગ્ર દિવસમાં ઓછામાં ઓછા ૫૫ આફ્ટર શોક્સ ચાલુ રહ્યાં હતાં.

# ચીનની સાથે નેપાળની નિકટતા વચ્ચે ભારત સરહદેથી 1,155 પિલર ગાયબ, તંત્ર એલર્ટ

## સરહદ નજીકની 1,292 બેંક શાખાઓના કર્મચારીઓનું પોલીસ વેરિફિકેશન કરવા આદેશ

**કોલકાતા**

ભારત અને નેપાળ વચ્ચેના સંબંધોમાં ચાલી રહેલા ઉતાર-ચઢાવ વચ્ચે બિહાર સરહદે એક ચિંતાજનક અહેવાલ સામે આવ્યો છે. ભારત-નેપાળની ૭૩૫ કિલોમીટર લાંબી સરહદ પરથી આશરે 1,155 પિલર ગાયબ થઈ ગયા છે. આ સાથે જ સીમાવર્તી જિલ્લાઓમાં શંકાસ્પદ રોકાણ અને અતિક્રમણની પ્રવૃત્તિઓ પણ વધી છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને સરહદ નજીકની 1,292 બેંક શાખાઓના કર્મચારીઓનું પોલીસ વેરિફિકેશન કરવાનો અને નો-મેન્સ લેન્ડ પરથી અતિક્રમણ તાત્કાલિક હટાવવાનો સરકારે આદેશ આપ્યો છે.

ભારતના પડોશી દેશ સાથેના સંબંધોમાં ઉતારચઢાવ આવી રહ્યા છે, જેમાં નેપાળ પણ ચીન સાથે પડદા પાછળ ધીમે ધીમે નજીક જઈ રહ્યું છે. સમજો વ્હાલું થઈ રહ્યું છે ત્યારે હવે એવા સમાચાર જાણવા મળ્યા છે કે ભારત અને નેપાળની સરહદ પરથી લગભગ 1155 પિલર ગાયબ થઈ ગયા છે. ભારત નેપાળ સરહદ વ્યવસ્થાપન અને સુરક્ષા સંબંધી વિષય અંગે મુખ્ય સચિવ પ્રત્ય અમૃતની અધ્યક્ષતા હેઠળની બેઠકમાં ઉપરોક્ત માહિતી જાણવા મળી હતી.

બિહારમાં ભારત અને નેપાળ વચ્ચે લગભગ 735 કિલોમીટર લાંબી સરહદ આવેલી છે, જે અન્વયે સાત જિલ્લાનો સમાવેશ થાય છે. પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ, સીતામઢી, મધુબની, સુપૌલ, અરરિયા અને કિશનગંજ અને બગહાનો સમાવેશ થાય છે.

# ભારત-EUવર્ષના અંત સુધીમાં ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર સહી કરશે

## ભારત-EU વચ્ચે કુલ 136 અબજનો વાર્ષિક કારોબાર

**એવિયન-લેસ-બૈન્સ**

ભારત અને યુરોપીયન યુનિયન આ વર્ષના અંત સુધીમાં અત્યંત મહત્ત્વાકાંક્ષી ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ એટલે કે મુક્ત વેપાર કરાર પર સહી કરશે. ઈયુના ટોચના નેતા ઉર્સુલા વોન ડેર લીયેને મોદી સાથે મંત્રણા કર્યા પછી જણાવ્યું હતું. બંને વચ્ચેની મંત્રણા વિપરીત ભૂરાજકીય સ્થિતિમાં બે મોટી આર્થિક શક્તિઓ વચ્ચેનું જોડાણ જાળવવા પર હતી. ભારત-ઈયુ વચ્ચે કુલ ૧૩૬ અબજનો વાર્ષિક કારોબાર થાય છે. ભારતની ઈયુમાં નિકાસ ૭૬ અબજ ડોલર તો આયાત ૬૦ અબજ ડોલર છે. ફ્રાન્સમાં યોજાયેલી જી-૭ શિખર પરિષદની સાથે-સાથે બંને પક્ષકારોએ સિક્યોરિટી અને ડિફેન્સ સહયોગને આગળ વધારવા માટેની અડચણો ઉકેલી હતી. આ ઉપરાંત ઈયી કમિશનના પ્રમુખ વોન ડેર લીયેન પણ યુરોપીયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાની સાથે યોજાયેલી બેઠકમાં જોડાયા હતા. બંને આગેવાનોએ આ ટ્રેડ ડીલ પર સહી થવાથી અને તેના અમલીકરણના લીધે વેપાર અને રોકાણના મોરે વ્યાપક તકોનું નિર્માણ થશે.

# અફઘાનિસ્તાનમાં સ્માર્ટફોન વાપરવા પર પ્રતિબંધ, નોકરીમાંથી પાણીચું પણ મળી શકે

## નિયમનું ઉલ્લંઘન કરનારને 6 મહિનાની જેલની સજા ભોગવવી પડશે

**કાબુલ**

અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે એક એવો ચોંકાવનારો આદેશ જાહેર કર્યો છે, જેણે ત્યાંના સરકારી કર્મચારીઓની રોજિંદી જિંદગી અને કામ કરવાની પદ્ધતિને સંપૂર્ણપણે બદલી નાખી છે. તાલિબાનના સર્વોચ્ચ નેતા (સુપ્રીમ લીડર) હિબતુલ્લાહ અખુંદઝાદાના ફરમાન બાદ હવે અફઘાનિસ્તાનના સરકારી કર્મચારીઓ માટે સ્માર્ટફોનનો ઉપયોગ ગુનો બની ગયો છે. તમામ કર્મચારીઓને કડક ચેતવણી આપવામાં આવી છે કે જો તેઓ સ્માર્ટફોન વાપરતા પકડાશે તો તેમની નોકરી તો જશે જ, સાથે જ તેમની સામે આકરી કાનૂની કાર્યવાહી પણ કરવામાં આવશે.

17 જૂનથી તમામ નાના-મોટા કર્મચારીઓ માટે સ્માર્ટફોનનો ઉપયોગ સંપૂર્ણપણે પ્રતિબંધિત છે." આ આદેશ દેશના તમામ સૈન્ય (મિલિટરી) અને સિવિલ વિભાગોના કર્મચારીઓને સરખી રીતે લાગુ પડે છે. આ નિયમમાંથી મુક્તિ માત્ર સુપ્રીમ લીડરની ખાસ પરવાનગીથી જ મળી શકશે. જે પણ કર્મચારી સ્માર્ટફોન સાથે પકડાશે તેની તાત્કાલિક અસરથી નોકરી સમાપ્ત કરી દેવામાં આવશે. જો કોઈ કર્મચારી આ નિયમનું ઉલ્લંઘન કરશે તો તેની ધરપકડ કરીને 6 મહિના સુધીની જેલની સજા પણ ભોગવવી પડી શકે છે.

# મસ્કે એઆઈ કોડિંગ પ્લેટફોર્મ કર્સરની પેરેન્ટ કંપની એનીસ્ફીયર 60 અબજ ડોલરમાં ખરીદી

## આ કંપનીને એક ભારતીય અને પાકિસ્તાનીએ ભેગા મળીને સ્થાપી હતી

**જોહાનિસબર્ગ**

વિશ્વના સૌથી ધનવાન ઈલોન મસ્કની કંપની સ્પેસેક્સે એઆઈ કોડિંગ પ્લેટફોર્મ કર્સરની પેરેન્ટ કંપની એનીસ્ફીયર ૬૦ અબજ ડોલર (પાંચ લાખ કરોડ)માં ખરીદી છે. આ ડીલની ચર્ચા ખૂબ થઈ રહી છે. તેનું કારણ એ છે કે આ કંપનીને એક ભારતીય અને પાકિસ્તાનીએ ભેગા મળીને સ્થાપી છે. મસ્કે કંપની ખરીદતા બંને રાતોરાત અબજપતિ થઈ ગયા છે. અમેરિકાના સૌથી નાની વયના અબજપતિમાં સ્થાન પામ્યા છે.

આ ડીલના લીધે ભારતીય મૂળના ૨૫ વર્ષના અમન સંગર અને પાક.માં કરાચીમાં જન્મેલા ૨૬ વર્ષના સુઆલેહ આલિફ બંનેને ૨૨,૫૦૦-૨૨,૫૦૦ કરોડ રૂપિયા મળવાના છે. અમન સંગર અને સુઆલેહ આલિફ બંનેની હિસ્સેદારી ૪.૫ અને ૪.૫ ટકા છે. બંનેના હિસ્સાનું મૂલ્ય ૨.૭ અબજ ડોલર આંકવામાં આવ્યું છે. જો કે આ ડીલ ઓલ સ્ટોક ડીલ છે. એટલે કે તેમને રોકડા રૂપિયા નહી મળે, પરંતુ સ્પેસેક્સના શેર મળશે. આના પગલે તે સીધા ઈલોન મસ્કની કંપનીના અગ્રણી શેરધારકોમાં સામેલ થઈ જશે. કર્સર એક હાઈટેક એઆઈ સંચાલિત કોડિંગ પ્લેટફોર્મ હૈસ જો સોફ્ટવેર ડેવલપર્સને વાઈબ કોડિંગ સગવડ પૂરી પાડે છે.

# ડ્રગ્સ સામે કેનેડાને રાહત : ઓપીઓઈડથી મૃત્યુદરમાં ૨૩%નો ઘટાડો

## નાલોક્સોન દવા અને કડક મોનિટરિંગથી મોતનો આંકડો ઘટ્યો, જોકે પદાર્થના દુરુપયોગથી દેશ પર વાર્ષિક $50 બિલિયનનો આર્થિક બોજ

**ઓટાવા**

ફેડરલ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર ડેટા અનુસાર દેશમાં ઓપીઓઈડ સંબંધિત ડ્રગ્સના ઓવરડોઝથી થતા મૃત્યુમાં વર્ષ ૨૦૨૪થી ૨૦૨૫ વચ્ચે ૨૩ ટકાનો નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. જો કે, આ આંકડો હજુ પણ કોરોના મહામારી પહેલાના સ્તર કરતાં ઘણો ઉપર હોવાથી ચિંતા યથાવત છે.

નવા અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૫માં કેનેડામાં ગેરકાયદેસર રીતે નશીલી દવાઓનો ઉપયોગ કરવાના કારણે કુલ ૫,૬૦૮ લોકોના મોત નીપજ્યાં હતા, એટલે કે રોજના સરેરાશ ૧૫ લોકો ડ્રગ્સના કારણે જીવ ગુમાવી રહ્યા છે. વર્ષ ૨૦૧૯માં આ આંકડો ૩,૫૯૮ હતો, જે રોગચાળાના ગાળા દરમિયાન એટલે કે વર્ષ ૨૦૨૩માં વધીને ૮,૦૪૦ની ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયો હતો. જોકે, ત્યારપછીના વર્ષોમાં તેમાં સતત ઘટાડો જોવા મળ્યો છે. આ આંકડાઓમાં સૌથી વધુ ૭૩ ટકા જીવ ગુમાવનારા પુરુષો છે. ઓટાવામાં પત્રકારો સાથે વાતચીત કરતા ફેડરલ ચીફ પબ્લિક હેલ્થ ઓફિસર ડૉ. જોસ રીમરે જણાવ્યું કે, "આ પ્રગતિ સરકાર અને આરોગ્ય સંસ્થાઓના સંયુક્ત પ્રયાસોને આભારી છે. ઓવરડોઝની અસરોને નાબૂદ કરતી 'નાલોક્સોન' દવાની સરળ ઉપલબ્ધતા અને ગેરકાયદેસર ડ્રગ સપ્લાય પર રાખવામાં આવતી તીવ્ર દેખરેખના કારણે આ જીવ બચાવી શકાયા છે.

આ ઉપરાંત ઉત્તેજક પદાર્થોથી થતા મૃત્યુદરમાં પણ વર્ષ-દર-વર્ષ ૩૧ ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે. અહેવાલ દર્શાવે છે કે આ આંકડા સમગ્ર કેનેડામાં ખૂબ જ અસમાન છે. વર્ષ ૨૦૨૫ના કુલ મૃત્યુમાંથી સિંહભાગ એટલે કે ૭૮ ટકા મોત માત્ર ઓન્ટેરિયો, આલ્બર્ટા અને બ્રિટિશ કોલંબિયા (બી.સી.) પ્રાંતમાં જ થયા છે. વળી, ૮૨ ટકા કેસોમાં બિન-ઔષધીય એટલે કે કેમિકલયુક્ત ઝેરી દવાઓ જવાબદાર હતી. સાસ્કાચેવાન, મેનિટોબા અને ઓન્ટેરિયો જેવા પ્રદેશોમાં હવે ઉત્તેજક સંબંધિત મૃત્યુનું પ્રમાણ ઓપીઓઈડ કરતાં પણ વધી ગયું છે.

### દેશને અબજો ડોલરનું નુકસાન, સારવાર માટે $145 મિલિયન ફાળવાયા

કેનેડાના આરોગ્ય પ્રધાન માર્જોરી મિશેલે જણાવ્યું હતું કે, દેશમાં નશીલા પદાર્થોના ઉપયોગને કારણે તંત્રને દર વર્ષે આશરે $૫૦ બિલિયન (અંદાજે ૫,૦૦૦ કરોડ ડોલર) અને માત્ર ઓપીઓઇડ કટોકટી પાછળ $૭ બિલિયનનો આર્થિક ખર્ચ ભોગવવો પડે છે. અમેરિકા તરફથી મળતી ફરિયાદો બાદ કેનેડાએ સરહદ પર પણ નશાબંધી માટે કડક કાર્યવાહી શરૂ કરી છે. ડ્રગ્સની લત છોડાવવા માટે સરકારે ૧૮૦ સ્થાનિક સહાયક સંસ્થાઓને $૧૪૫ મિલિયનનું ભંડોળ પૂરું પાડ્યું છે, જ્યારે સલામત ઇન્જેક્શન સાઇટ્સ ખોલવાનો અંતિમ નિર્ણય વ્યક્તિગત પ્રાંતો પર છોડવામાં આવ્યો છે.

# મહિલાઓને ડ્રગ્સ આપીને બળાત્કાર કરી વીડિયો વેચવાના ગુનામાં હેમિલ્ટનનો નરાધમ દોષિત ઠર્યો

## કોર્ટમાં હેકિંગ કેસના પુરાવા રજૂ કરાયા: આરોપી પીડિતોને બાંધી અત્યાચાર ગુજારતો હતો

**હેમિલ્ટન**

કેનેડાના ઓન્ટેરિયો પ્રાંતના હેમિલ્ટન શહેરમાંથી માનવતાને શર્મસાર કરતી અને કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. સાત જેટલી નિર્દોષ મહિલાઓને નશીલી દવાઓ (ડ્રગ્સ) આપીને તેમની પર અમાનુષી જાતીય હુમલો કરવા તથા આ ઘૃણાસ્પદ કૃત્યના વીડિયો બનાવીને તેને ઓનલાઈન અશ્લીલ વેબસાઈટ પર પોસ્ટ કરવાના ગંભીર કેસમાં ૩૭ વર્ષીય વિકૃત નરાધમ બ્રાયન હેવર્ડ કોર્ટ સમક્ષ દોષિત ઠર્યો છે.

ઓન્ટેરિયો કોર્ટ ઓફ જસ્ટિસમાં જસ્ટિસ માઈકલ વેન્ડલ સમક્ષ તેને રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં તેણે પોતાના તમામ ભયાનક ગુનાઓની કબૂલાત કરી લીધી હતી.

કોર્ટમાં રજૂ કરાયેલા તથ્યોના સંમત નિવેદનમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે આરોપી હેવર્ડ તેની સાથે રહેતી મહિલાના મોં પર કેમિકલવાળું કપડું



(ક્લોરોફોર્મ) મૂકીને તેને વારંવાર બેભાન કરી દેતો હતો. કિંગ વિલિયમ સ્ટ્રીટ પરના તેના એપાર્ટમેન્ટમાં તેણે ઘરે જ એક લોખંડની 'પુલી સિસ્ટમ' તૈયાર કરી હતી. આ સિસ્ટમ દ્વારા તે અસહાય મહિલાઓને પલંગ પર પટ્ટાઓથી નિર્દયતાપૂર્વક બાંધી રાખતો અને વિવિધ ઘરગથ્થુ વસ્તુઓ તેમજ સેક્સ રમકડાં વડે તેમની પર પાશવી હુમલા કરતો હતો.

સરકારી વકીલોએ કોર્ટમાં હેવર્ડના કરતૂતોનું એક કલાક લાંબું વીડિયો સંકલન રજૂ કર્યું હતું. આ વીડિયોમાં સ્પષ્ટ દેખાતું હતું કે, કેટલીક મહિલાઓ બેભાન અવસ્થામાં નસકોરાં બોલાવતી હતી, જ્યારે કેટલીક પીડાથી કણસતી, રડતી અને તેને રોકાઈ જવા માટે આજીજી કરતી સંભળાતી હતી. એક વીડિયોમાં તો પીડિત મહિલા પ્રતિકાર કરતી જણાય હતી. પરંતુ હેવર્ડ તેના મોં પર કપડું દાબી તેને બેહોશ કરી નાખે છે. આ તમામ વીડિયો તેણે 'ડેટ-રેપ ડ્રગ'ના યુઝરનેમ હેઠળ પ્રીમિયમ મેમ્બરશિપ ધરાવતી વેબસાઈટ પર મુકયા કર્યા હતા, જે અંદાજે ૧,૪૪,૦૦૦થી વધુ વખત જોવામાં આવ્યા હતા.

આ ઘટનાની કડીઓ ૨૦૨૪થી મળવાની શરૂ થઈ હતી. એક પીડિત મહિલા ઓફિસમાં નશાની હાલતમાં જતાં તેના એમ્પ્લોયરે તેને હોસ્પિટલ મોકલી હતી. હોસ્પિટલના સ્ટાફે તપાસ કરતાં તેના શરીરમાંથી ઘેનની દવાઓ મળી આવી હતી, જે હેવર્ડે તેને 'શરદીની દવા' કહીને છેતરીને આપી હતી. અન્ય એક કિસ્સામાં, પોલીસને ડાઉનટાઉન એપાર્ટમેન્ટની બહાર એક મહિલા બેભાન હાલતમાં મળી આવી હતી, જેણે પોલીસને પલંગ પર બાંધેલા પટ્ટાના ફોટા બતાવી હેવર્ડનો અસલી ચહેરો ખુલ્લો કર્યો હતો.

# બિલી બિશપ એરપોર્ટનું $૫ બિલિયનનું વિસ્તરણ આર્થિક સંકટને કારણે ઘોંચમાં

**ટોરોન્ટો**

ટોરોન્ટોના મધ્યભાગમાં આવેલા પ્રખ્યાત 'બિલી બિશપ એરપોર્ટ' ના ભવિષ્ય અને તેના આધુનિકીકરણને લઈને ફેડરલ સરકારમાં ચર્ચાઓના દોર શરૂ થઈ ગયા છે. જો કે, આ એરપોર્ટની માલિકી ધરાવતી સંસ્થા 'ટોરોન્ટો પોર્ટ ઓથોરિટી' પ્રસ્તાવિત મેગા વિસ્તરણ પ્રોજેક્ટ માટે આટલું જંગી ભંડોળ ક્યાંથી લાવશે, તેને લઈને ઉડ્ડયન ક્ષેત્રના આર્થિક નિષ્ણાતો ભારે શંકા વ્યક્ત કરી રહ્યા છે.

> **વાર્ષિક આવક માંડ $58 મિલિયન, પ્રોજેક્ટ પાછળ અબજોનું દેવું ચૂકવવું મોટો પડકાર**

પ્રાંતની હેરિટેજ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સાંસ્કૃતિક નીતિ પરની સ્થાયી સમિતિ સમક્ષ તાજેતરમાં ટોરોન્ટો પોર્ટ ઓથોરિટીના સીઈઓ આર જે સ્ટીનસ્ટ્રાએ ખુલાસો કર્યો હતો કે, એરપોર્ટના વિસ્તરણ પાછળ અંદાજે $૪ થી $૫ બિલિયન જેટલો માતબર ખર્ચ થઈ શકે છે. જો કે, પોર્ટ ઓથોરિટીના પ્રવક્તાએ સ્પષ્ટતા કરી છે કે, આખી યોજના પૂર્ણ થયા અને આખરી ખર્ચની પુષ્ટિ થયા બાદ જ તેનું ફાઈનાન્સિંગ મોડેલ સત્તાવાર રીતે વિકસાવવામાં આવશે. એકતરફ ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડે અગાઉ આ પ્રોજેક્ટમાં પ્રાંત તરફથી યોગદાન આપવાની વાત વિચારી ફેડરલ સરકાર પણ તેમાં ફાળો આપશે તેવી આશા વ્યક્ત કરી હતી. તો બીજી તરફ સીઈઓ સ્ટીનસ્ટ્રાએ સ્પષ્ટ કર્યું છે કે, પોર્ટ ઓથોરિટી આ પ્રોજેક્ટ માટે કોઈ પ્રાંતીય નાણાંની અપેક્ષા રાખતી નથી અને તેમણે ફેડરલ સરકાર પાસે પણ કોઈ આર્થિક મદદની માંગણી કરી નથી. સંસ્થા આ પ્રોજેક્ટ સેલ્ફ-ફંડેડ (સ્વ-નિધિકૃત) રાખવા માંગે છે.

પોર્ટ ઓથોરિટીના ૨૦૨૫ના સત્તાવાર નાણાકીય રેકોર્ડ્સ એરપોર્ટની આર્થિક ક્ષમતા સામે મોટું પ્રશ્નાર્થચિહ્ન ઊભું કરે છે. રિપોર્ટ અનુસાર, બિલી બિશપ એરપોર્ટે ગયા વર્ષે કુલ માંડ $૫૮ મિલિયનની આવક મેળવી હતી.

# AI બધા માટે હોવું જોઈએ, ભારત પાસે સૌથી મોટું ડિજિટલ પ્લેટફોર્મ : મોદી

**પેરિસ**

ફ્રાન્સની રાજધાની પેરિસમાં આયોજિત વાઈવાટેક 2026 ઈવેન્ટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટેકનોલોજીને લઈને કેટલીક મહત્વની વાતો કહી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'ટેકનોલોજીનો સાચો ફાયદો ત્યારે જ છે, જ્યારે તે બધા સુધી પહોંચે.'

પીએમ મોદીએ કહ્યું કે, 'ભારત માટે AIનો અર્થ ઓલ ઈન્ક્લુઝિવ એટલે કે એવી ટેકનોલોજી જે દરેક વ્યક્તિના કામમાં આવે.' તેમણે ઉમેર્યું કે ઈનોવેશન જરૂરી છે, પરંતુ તેનાથી પણ વધુ જરૂરી એ છે કે લોકોને તે ટેકનોલોજી સુધી પહોંચ મળે. જો ટેકનોલોજી માત્ર થોડા દેશો કે કંપનીઓ સુધી જ સીમિત રહી જાય, તો તેનો ફાયદો વિશ્વને પૂરી રીતે મળી શકતો નથી.

વડાપ્રધાન મોદીએ ભારતની ડિજિટલ શક્તિનો ઉલ્લેખ કરીને કહ્યું કે, 'દુનિયાના કુલ ડિજિટલ ટ્રાન્ઝેક્શનનો લગભગ અડધો ભાગ એકલું ભારત કરી રહ્યું છે. આ બાબત દર્શાવે છે કે ભારત ખૂબ મોટા પાયે ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યું છે અને તેને સામાન્ય લોકો સુધી પહોંચાડી રહ્યું છે.' તેમણે વધુમાં કહ્યું કે, 'ટેકનોલોજી પ્રગતિ લાવી શકે છે, પરંતુ તેના માટે તે દરેક માટે ઉપલબ્ધ હોવી જરૂરી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ લોકોની જિંદગી સારી બનાવવા, વિકાસ વધારવા અને પર્યાવરણને સુરક્ષિત રાખવા માટે થવો જોઈએ. વાઈવાટેક 20૨6 માં ભારતની ભાગીદારી આ જ વિચારસરણી દર્શાવે છે. ભારત ઈચ્છે છે કે AI માત્ર થોડા લોકો પૂરતું મર્યાદિત ન રહે, પણ દરેક માટે કામ કરે.' બીજી તરફ, તાજેતરમાં જ અમેરિકી કંપની એન્થ્રોપિકએ એડવાન્સ AI મોડલ ફેબલ 5 અને મિથોસ 5 વિદેશી યુઝર્સ માટે બંધ કરી દીધા છે. આ નિર્ણય અમેરિકાની ટ્રમ્પ સરકારના આદેશ બાદ લેવામાં આવ્યો છે. આ ઘટના પછી દુનિયાભરમાં AIની સુલભતાને લઈને ચર્ચા તેજ થઈ ગઈ છે. વડાપ્રધાને એમ પણ કહ્યું કે, 'છેલ્લા 10 વર્ષમાં ભારતમાં ટેકનોલોજીના માધ્યમથી ખૂબ ઝડપી બદલાવ આવ્યો છે.

# નવા કાયદાથી નાગરિકતા મેળવનારાઓને લોટરી લાભ મેળવનારાઓમાં અડધાથી વધુ અમેરિકનો

## બિલ C-3 હેઠળ વંશના આધારે હજારો વિદેશીઓને મળ્યા કેનેડિયન સર્ટિફિકેટ

**ઓટાવા**

ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડાના ડેટા દર્શાવે છે કે, નવા પસાર કરાયેલા 'બિલ C-3' અંતર્ગત વંશાવળીની ઉદાર જોગવાઈઓ હેઠળ ૪,૦૭૫ લોકોને નાગરિકતાના પુરાવા જારી કરાયા છે. આ કાયદાની ખાસિયત એ છે કે, જો કોઈ વ્યક્તિના પૂર્વજો (દાદા-પરદાદા) ઘણી પેઢીઓ પહેલાં કેનેડા છોડીને અન્ય દેશમાં સ્થાયી થયા હોય, તો પણ તે વ્યક્તિ હવે કેનેડાની નાગરિકતા મેળવવા માટે પાત્ર બને છે.

નવા કાયદા (બિલ C-3) ના અમલ બાદ ૧૫ ડિસેમ્બરથી ૩૧ માર્ચ વચ્ચે મંજૂર થયેલી અરજીઓમાંથી ૧,૯૫૫ સફળ અરજદારો અમેરિકામાં જન્મેલા હતા. આ યાદીમાં ૯૦૦ અરજીઓ સાથે મેક્સિકો બીજા ક્રમે અને ૧૪૦ અરજીઓ સાથે યુનાઈટેડ કિંગડમ (બ્રિટન) ત્રીજા ક્રમે રહ્યું છે. આ સિવાય જૂના 'પ્રથમ પેઢીના નિયમ' હેઠળ પણ આ જ સમયગાળામાં ૧૩,૩૧૦ લોકોને નાગરિકતા અપાઈ છે, જેમાં ૬,૧૩૫ અમેરિકનો સામેલ છે. કાયદામાં છૂટછાટ મળતાં જ વિદેશોમાં વકીલો અને રેકોર્ડ નિષ્ણાતો પાસે પૂર્વજોના જન્મ-લગ્નના દસ્તાવેજો શોધવા માટે લોકોની લાંબી લાઈનો લાગી છે.

ઈમિગ્રેશન નિષ્ણાતોના મતે, અમેરિકનોમાં કેનેડાની નાગરિકતા મેળવવાની હોડ પાછળ રાજકીય અને સામાજિક કારણો જવાબદાર છે. ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર ભવિષ્યમાં ફરજિયાત સૈન્ય ભરતી (ડ્રાફ્ટ) ફરી લાગુ કરી શકે છે અને તેમના બાળકોને યુએસ આર્મીમાં જોડાવા દબાણ થઈ શકે છે, તેવા ડરથી ઘણા માતા-પિતા કેનેડાનો પાસપોર્ટ ઈચ્છી રહ્યા છે. આ ઉપરાંત, કેટલાક ગ્રાહકો પોતાના ગે (Gay)અથવા ટ્રાન્સજેન્ડર (Transgender) બાળકો સુરક્ષિત અને લિબરલ વાતાવરણમાં જીવી શકે તે માટે કેનેડા તરફ વળી રહ્યા છે.

**પાસપોર્ટ મળશે, પણ મતદાનનો અધિકાર નહીં!**

નાગરિકતા પ્રમાણપત્ર મેળવ્યા બાદ આ તમામ લોકોને કેનેડામાં આવીને વસવાટ કરવાની તેમજ કેનેડિયન પાસપોર્ટ મેળવવાની કાયદેસરની સત્તા મળે છે. જો કે, 'ઈલેક્શન્સ કેનેડા' એ સ્પષ્ટતા કરી છે કે, આ નવા કાયદા હેઠળ માત્ર સર્ટિફિકેટ મેળવી લેવાથી કોઈને કેનેડાની ચૂંટણીમાં મતદાન કરવાનો અધિકાર મળશે નહીં. મતદાન કરવા માટે સંબંધિત વ્યક્તિ પોતાના જીવનકાળ દરમિયાન અમુક ચોક્કસ સમય માટે કેનેડામાં રહ્યો હોય તે અનિવાર્ય છે.

